KJ-BK-4

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન

સમાજ

મીનીટ
ઠરાવ બુક.

સં. ૨૦૦૨ ના ચૈત્ર માસથી

શ્રી.
કચ્છ. કડવા. પાટીદાર.
સનાતની.
શમાજ.

ગામ કોટડા જડોદર, તા. નખત્રાણા, કચ્છ, ગુજરાત માં વસતા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના લોકોને લાગતા વળગતા મુખ્ય પુરાતન (જુના) દસ્તાવેજોનું સંકલન

કામ શરૂ: તા. ૦૪-સપ્ટેમ્બર-૨૦૧૫

કામ પૂરું: તા. ૧૫-ઓક્ટોબર-૨૦૧૫

સામગ્રી ઉપલબ્દ કરાવનાર અને મનોબળ વધારનાર અને પ્રેરણા પૂરી પાડનાર...

1. શ્રી કાંતિભાઈ વાલજી રામાણી - મો: ૯૭૨૫૭૪૯૫૬૬
   – પ્રમુખશ્રી, ક.ક.પા. સમાજ, કોટડા જડોદર
2. શ્રી રાજેશભાઈ મેઘજી દીવાણી - મો: ૯૪૨૮૦૮૪૪૨૨
   – મહામંત્રીશ્રી, ક.ક.પા. સમાજ, કોટડા જડોદર
3. શ્રી જયંતીભાઈ રતનશી ડોસાણી - મો: ૯૪૨૭૩૫૯૫૫૬
4. શ્રી હીરાલાલ લાલજી ભગત - મો: ૮૧૪૧૪૯૯૭૯૮

ગામ પ્રત્યે ઉચ્ચ લાગણી ધરાવનાર થનગનતી યુવાન ટીમ... કે જેઓએ ખુબ જ ધ્યાનથી... જુના કાગળોને નુકસાન ન થાય... તેવી રીતે લેમીનેશન કરાવવામાં સિંહ ફાળો આપનાર...

1. શ્રી હાર્દિક જયંતીભાઈ ડોસાણી - મો: ૯૬૦૧૯૩૨૨૫૬
2. શ્રી પુનીત બાબુભાઈ છાભૈયા - મો: ૮૧૪૧૮૧૫૫૬૨
3. શ્રી પીયુષ રતિલાલ નાકરાણી - મો: ૯૬૬૨૨૦૨૨૮૮
4. શ્રી ધીરજ રમેશચંદ્ર દિવાણી - મો: ૯૪૨૮૭૭૩૧૦૩

લેમીનેશન, સ્કેન અને ડીજીટલ સહી કરનાર...

- શ્રી ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા – મો. ૯૮૩૩૬૧૮૦૯૯

લેમીનેશન અને સ્કેન કરેલ દસ્તાવેજોની યાદી:

ક્ર.	દસ્તાવેજોનું નામ	ક્ર. થી	ક્ર. સુંધી
૧.	દસ્તાવેજ સેટ ૧	૧	૧૦૦
૨.	દસ્તાવેજ સેટ ૨	૧૦૧	૨૦૪
૩.	દસ્તાવેજ સેટ ૩	૨૦૫	૩૦૦
૪.	દસ્તાવેજ સેટ ૪	૩૦૧	૪૦૦
૫.	દસ્તાવેજ સેટ ૫	૪૦૧	૫૨૧
૬.	ફાઈલ ક્ર.	૧	૩
૭.	બુક / રજિસ્ટર ક્ર	૧	૧૧

Chandrakant Patel Digitally signed by Chandrakant Patel
Date: 2015.10.15 16:29:42 +05'30'

KJ-BK-4

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન

સમાજ

મીનીટ

ઠરાવ બુક.

સાં. ૨૦૦૨ ના ચૈત્ર માસ થી

શ્રી.

કચ્છ. કડવા. પાટીદાર. સનાતની. શમાજ.

3

૧

ઠરાવો KJ- BK-4-1

સં. ૨૦૦૧ના આશોવદ ૧૪-૧૫ રવિવાર તથા સોમવાર ના દીવસે શ્રી વાઢાંય મુકામે શ્રી કેરછ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક ભાઈઓની જાહેર સભા ભરવામાં આવી હતી તેમાં કેરછમાં વસતા જુદા જુદા ગામના ભાઈઓ માંથી દરેક ગ્રામ દીઠ ૨ થી ૫ પ્રતીનીધીઓએ હાજરી આપી હતી અને હાજર રહેલા સુધારક ભાઈઓની સંમતી થી નીચે પ્રમાણે ઠરાવો સરાવાનુ અને પસાર કરવામાં આવેલ ~~હતી~~ હતા જેની નોંધ નીચે પ્રમાણે છે.

પીંડરૂ ના સુતક સંબંધી.

૧ બાળકનો જન્મ થયો હોય તેના પીંડરૂંનુ સુતક નીવારણ કરવામાટે નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે કે

બાળકનો જન્મ આપનાર તેની માતા તથા પીતા તથા તેમના સાથે એક રસોડે જમનારાઓએ બાળકનો જન્મ થયા પછી ૩૫મે દીવસે મંદીરમાં બાળકને સાથે લઈને જવું અને શ્રી ભગવાનનાં દર્શન કરી ગંગાજળ પી પવીત્ર થવું તે સીવાયના બાકીના કુટુંબીજનોએ બાળકના જન્મ પછી ૧૦ દીવસે મંદીરમાં જઈ ગંગાજળ પી ને પવિત્ર થવું દીકરાનો જન્મ થયો હોય તો શ્રી ભગવાનને ભેટ તરીકે કોરી ૧ એક ધરવી અને દીકરીનો જન્મ થયો હોય તો ભેટ તરીકે કોરી ના અરધ ધરવી અને મંદીરના રહેલા ચોપડામાં દીકરો અગર દીકરી જેનો જન્મ થયો હોય તેનું નામ તથા જન્મની મીતી તથા તેના પીતાની ઓડક સહીત લખાવવું જન્મ આપનાર બાળકની માતાએ દીવસ ૧૨ બાર સુધી જનરલ વાસણોનું કાંઈ કરવું નહિં.

૨ ઠરાવ સગપણ સંબંધી.

૧ સગપણ કરતી વખતે છોકરાની ઉમર વરસ ૫ પાંચથી ઓછી હોવી જોઈએ નહિં તેમ છોકરીની ઉમર વરસ ૩ ત્રણથી ઓછી હોવી જોઈએ નહિં

૨ સગપણ કરતી વખતે વર પક્ષે કન્યા પક્ષને રોપીઆ નંગ ૨ બે તથા ગોળ શેર ૧। સવા તથા કોરી ૧ એક રોકડી આપવાની

૩ સગાઈ કરવા જતી વખતે વર પક્ષ તરફથી કન્યાને કોરીયા સવા ટાંકુ કાઢવાની તથા ચુનડી નંગ ૧ પાલવાળી તેને પણ સુતરાઉ આપવાની અને સગાઈના જે [illegible] જમાડે

તો વર પક્ષ તરફથી કન્યા પક્ષને કોરી ૨૨ બાર રોકડી આપવાની અને જમણ ૪ જમાડવું

૪ સગપણ થઈ ગયા બાદ વર પક્ષે કન્યા પક્ષને લગ્ન અગાઉ આપવાના લાગા ની વીગત -
દર દીવાળીએ કોરી ના અડધ તથા દરેક શ્રાવણ મહીનાની વદ ૭ ને કોરી ના અડધ તથા સગપણ થયાની પહેલી હુતાશનીએ કોરી ૨ા અઢાવે હાયડાની આપવી બાકીની દરેક હુતાશનીમાં કોરી ૧ાા દોઢ પ્રમાણે હાયડાની આપવાની ઉપર જણાવેલા આપવાના લાગા સીવાય બીજી કોઈ પણ જાતની લેતી દેતી કરવી નાહિં તેમજ વળતર પણ કરવી નહિં.

૫ સગપણ થયા પછી અરસે લગ્ન થયા પહેલા છોકરા અગર છોકરીમાં કોઈ કુદરતી કોઈ ખોડ ખાંપણ જેવું લાગે અને તેના છેડા-છુટ- કરવા જેવું જણાય તો ~~આ~~ પાંચ ગામના પંચોને બોલાવી તેમની સંમતીથી તેવી બાબતનો નીકાલ કરાવવો માત્ર ગામના એક જણી આવી બાબતનો નીકાલ કરવો નહિં —

૩. ઠરાવ — લગ્ન સંબંધી —

૧ લગ્ન સમતી વખતે લગનના પડામાં કન્યા પક્ષે કોરી ૧ એક રોકડી નાખવી અને વર પક્ષે કોરી ૧ એક આપીને લગ્ન વધાવવું

૨ આપણી જ્ઞાતિના બાળકોના લગ્ન ૧૬ વરસે કરવા તેમાં છોકરી ની ઉમર ઓછામાં ઓછી ૫ પાંચ વરસની હોવી જોઈએ તેથી નાની વયની છોકરીના લગ્ન કરવા નહિં.
અને તેની જાનમાં જનાર માણસોની સંખ્યા ૧૦ દશથી વધુ હોવી જોઈએ નહિં વર તથા અણવર તથા વરના માતા પીતા સીવાયના ઉપર જણાવેલા માણસો ૧૦ દશ નક્કી કરવામાં આવેલ છે

૩ લગ્ન વખતે વાયણાની કોરી ૨૫ પચીસ વર પક્ષે કન્યા પક્ષના પોતાને આપવી

૪ તથા કોરી ૧૬ લાગાઓની નીચે મુજબ આપવી તેની વીગત
કોગળાની (૧) પોખવાની (૧) પડસું પહેરીને પગે લાગવાની (૧), છેડા છેડી બાંધવાની (૧)
કુળદેવી ઉમીયા માતાજીની (૧) ફઈને (૧)

૫ કન્યાને વર પક્ષ તરફથી દાગીના આપવા તેની વીગત નીચે પ્રમાણે
(૧) પગના પીની કેદલી અથવા છડા (૪) હાથમાં કાંકણ રાખડી
(૨) ગળામાં માંદીનો હાર

૩

KJ-BK-4-3

(૩) આડમાં ફેમની રાણી

૬ લગ્ન કરતી વખતે કન્યાને વર પક્ષ તરફથી નીચે મુજબ કપડા આપવા તેની વીગત
ગાગરો ૧ - ચુંદડી ૧ - કમખો અગર પોલકું ૧ આપવું અને ઉપર લખેલા ત્રણે કપડા સુતરાઉ હોવા જોઈએ —

૭ કન્યા પક્ષ તરફથી વરને નીચે પ્રમાણે કપડા તથા વાસણો આપવા તેની વીગત
વરને પુરાઘાય તથા જોડી જેમાં પારણુન નંગ ૧ ખમીસ, અથવા પહેરણ નંગ ૧ તથા પછેડી નંગ ૧ તથા ટોપી નંગ ૧ તે પણ સુતરાઉ હોવા જોઈએ

૮ કન્યા પક્ષ તરફથી વરને નીચે મુજબ વાસણો આપવા કાંસાની થાળી નંગ ૧ વાટકો કાંસાનો નંગ ૧ વાડકર શેર ૨॥ અથવા ગાગર શેર ૨॥

૯ કન્યા પરણીને અણી વારે જાય ત્યારે વરના પીતાએ કોરી ૨ અકે પગ લાગવાની આપવી

૧૦ ચોરી બાંધવા માટેના વાસણો પરજાપતી પાસેથી લેવામાં આવે અને તે બદલ તેને તે વાસણો બદલ જે લાગો આપવો પડે તે વર તથા કન્યા પક્ષે બને મળી અડધો અડધ આપવાનો છે લગનના કાર્યની સમાપ્તી થયા પછી ચોરીમાં રાખેલા વાસણો બને પક્ષે અડધો અડધ વહેંચી લેવા

૧૧ લગ્ન કરાવનાર બ્રાહ્મણને વર પક્ષ તરફથી કોરી ૧॥ દોઢ તથા કન્યા પક્ષ તરફથી કોરી ૧) એક બ્રાહ્મણને દક્ષીણાની આપવી

૧૨ ધર્માદા લાગા તરીકે શ્રી ભગવાનને તેરની વર પક્ષે કોરી ૨॥ અઢી તથા કન્યા પક્ષે કોરી ૧॥ સવા આપવી

૧૩ કન્યા પરણીને સાસરે ગયા પછે તેને માવીત્રે પાછી લઈ આવવા માટે બે માણસોએ જવું જેના ટંક જમણ ૨ બે જમાડવા જેને આણું કહેવામાં આવે છે

૪ ઠરાવ છુટા લગ્ન કરવા સંબંધી —

૧ જાનમાં વર તથા અણવર તથા વરના માતા પીતા સીવાય માણસો ૨૦ વીસની સંખ્યા હોવી જોઈએ

૨ જાનમાં ગાડાં ૨ બેથી વધારે લઈ જવા નહીં

૩ જાનને જમણ ટંક ૪ ચાર ના રાખવા

૪ KJ-BK-4-4

૪ ઉપર લખેલી જાનમાં જનારની સંખ્યા કરતાં વધારે
માણસ જો કોઈ લઈ જાય તો દરેક માણસ દીઠ રૂ. ૨
ની કોરી ૧ એક લેખે કન્યાના પીતાને વરપક્ષના પીતાએ આપવી
અને ગાડાં બે શીવાય જો વધારે ગાડાં લઈ જાય તો વર
ના પક્ષના પીતા પોતાના જોખમે લઈ જશે અને તેની ખાવા
પીવાની તથા ઢોર બાંધવાની સગવડ પણ પોતાના હીસાબે
કરવી ઉપર બતાવ્યા પ્રમાણે જાનની સંખ્યા વીસની જણાવેલી
છે છતાં તે ઉપરાંત માણસો લઈ જનાર પાસેથી રૂ. ૧ ની
કોરી ૧ એક લેવાને ઉપર બતાવવામાં આવ્યું છે તે બાબત
નીર્ણય દેવા કાણને અનુસરી વધગર બને પક્ષ વાળાએ
અગાઉથી સમજુતી કરીને નક્કી કરવું

૫ છુટા લગ્ન કરાવનાર વરના પીતાએ આપવાના લાગાની
વીગત નીચે પ્રમાણે

(૧) વાવણા તરીકેની કોરી ૪૦ ચાલીશ આપવાની
(૨) લાગાની કોરી ૬ છ તે નીચે મુજબ આપવી
કુંભાની ૧ - પોંખવાની ૧ - વહેલુ વહેરાને વગેરે લાગવાની ૧
છોડછોડી બાંધવાની ૧ - કુળદેવી ઉમીયા માતાજીની ૧ - રૂ૧ને ૧
(૩) મોરી બાંધવા માટે પ્રજાપતી પાસેથી જે માટીના વાસણો
લાવવામાં આવે તેનો જે લાગો થાય તે બને પક્ષે અડધો અડધ આપવાનો
(૪) દાગીના નીચે મુજબ આપવા
(૧) પગના કડલાં અથવા છડા (૨) ગળામાં ચાંદીનો હાર
(૩) નાકમાં ફુમતીયાળી (૪) હાથમાં કાંકણ સાધુ
(૫) કન્યાને વરપક્ષ તરફથી કપડાં નીચે મુજબ આપવાં તેની વીગત
(૧) ઘાઘરો ૧ એક (૨) ચુંદડી નંગ ૧ એક
(૩) કમખો અથવા પોલકું નંગ ૧ તે ત્રણે કપડાં સુતરાઉ હોવાં જોઈએ
(૬) કન્યા પક્ષ તરફથી વરને કપડાં નીચે મુજબ આપવાં તેની વીગત
(૧) પાટલુન નંગ ૧ એક (૨) ખમીસ અથવા પહેરણ નંગ ૧
(૩) પછેડી નંગ ૧ (૪) ટોપી અગર પાઘડી તે પણ સુતરાઉ હોવાં જોઈએ
(૭) કન્યા પક્ષ તરફથી વરને આપવાના વાસણોની વીગત
(૧) કાંસાની થાળી નંગ ૧ (૨) કાંસાનો વાટકો નંગ ૧
(૩) સાકર શેર રા અથવા ગોળ શેર રા

૫ KJ-BK-4-5

(૮) કન્યાપરણીને જાની વાસે જાય ત્યારે વેવાઈ સસરાએ પગે લાગવાની કોરી ૧ એક રોકડી આપવી

(૯) લગ્ન કરાવનાર બ્રાહ્મણને વરપક્ષ તરફથી કોરી પા સવા પાંચ તથા કન્યાપક્ષ તરફથી કોરી રા સવા બે આપવાની

(૧૦) ધર્માદા લાગાની વર પક્ષ તરફથી કોરી ૧૫ા સવા પંદર ભેટ તરીકેની શ્રી ભગવાનને ચરણે ધરવી
અને કન્યાપક્ષ તરફથી કો. પા સવાપાંચ શ્રી ભગવાનને ભેટ ધરવી

(૧૧) ઉપર જણાવેલ શ્રી ભગવાનને ભેટ તરીકેની રકમ વર વધુ તરફથી જે જે કરાવવામાં આવી છે તે કોરી મંદીરમાં આપતી વખતે મંદિરમાં રહેતા ચોપડામાં વર અને વધુનું નામ લખાવવું

(૧૨) કન્યા પરણીને સાસરે ગયા પછે કન્યાના માવીત્રોએ દીકરીને પોતાના ઘેર લાવવા માટે જવું જોઈએ જેને આણું કહેવામાં આવે છે તે આણામાં માણસ ૫ પાંચ થી વધુ હોવા જોઈએ નહિં અને જમણ રક ૪ ચાર જમાડવા

૫ આણાં સંબંધી

૧ કન્યાની ઉમર ૧૪ ચૌદ વરસની થાય ત્યારે પડલું લેવાનું તેમાં સાડલો નંગ ૧ રંગીન સુતરાઉ તથા કાંકણ નંગ ૧ એક કેમનું મઢેલું તે સાસરા પક્ષે આપવું

૨ પડલું આપવા આવનાર જણ ૧ તથા સાથે છોકરું ૧ સાથે જવું ને જમણનાં રક ૪ ચાર જમાડવા

૩ કન્યાની ઉમર ૧૫ પંદર વરસની થાય એટલે પડલાં આપવાને બીજે વરસે આણું વાળવું અને ત્યાર પછી ૧૬ સોળમે વરસે ત્રીજું આણું મોકલવી અને તેજ વરસની શ્રાવણ વદ ૭ પછી કાયમના માટે બાઈને પોતાના સાસરે મોકલી આપવી

૬ પુન લગ્ન સંબંધી

આપણી જ્ઞાતીમાં પુન લગ્ન કરવાની લેતી દેતી નો નીર્ણય નીચે મુજબ કરવામાં આવેલ છે

૧ સગપણ કરતી વખતે પાંચીયો ૧ એક જે સગપણ નકી થવા બદલ દીકરીના કુટુંબીજનોના હાથે કરવવામાં આવે છે તે પાંચીયો વર પક્ષવાળાએ આપવો

૨ પુન લગ્ન નકી થતી વખતે પરણાવી લેવામાં આવે છે તે માટે કોરી ૫ પાંચથી અંદર હોવી જોઈએ ને તે પણ વર પક્ષવાળાએ આપવી

૬ KJ-BK-4- 6

૩ દાગીના મુકાવવા આવતી વખતે વર પક્ષ તરફથી જણ બે
બે આવવું તે વખત ના જમણ બદલ વર પક્ષ તરફથી
કોરી રૂ. પચીશ આપવી

૪ લગ્ન કરવા આવતી વખતે ગાડાં ૨ બે તથા ગોર તથા બ્રાહ્મણ-
વર સીવાય માણસ ૨૦ વીશ લાવવા અને સાંજના જમી
લગ્ન વીધી બ્રામણના હાથે કરાવીને રાત્રીના પરછીયે
દીકરીને વીદાય કરાવવી

૫ પરણવવા આવનાર વર પક્ષના પોતાએ બાધા ખર્ચ
માટે નીચે મુજબ આપવું
બીબડી સૈ-૨ બે તથા ગરથ મણ ૧ એક આપવું

૬ પુનલગ્ન ની વીધી કરનાર બ્રામણને દક્ષીણા બદલ કોરી
૨॥ અઢી તથા જમણમાં બીબડીનો સીધો આપવો

૭ પુનલગ્ન ની વીધી પુરી થયા બાદ ભગવાનને ભેટ તરીકે
વર પક્ષે કોરી ૧૦ સવા દશ આપવી

૮ પુનલગ્નના સંબંધમાં સગપણ કરવાની શરૂઆતથી તે
લગ્ન સંપુર્ણ થઈ જ્યા સુધીમાં ઉપર જણાવ્યા પ્રમાણેની
લેતી દેતી કરવાની છે તે સીવાય બીજી કોઈ પણ જાતની
રોકડ અથવા કોઈ પણ વસ્તુની લેતી દેતી જાહેર અથવા
ખાનગીમાં કરશે તો સમાજ નો ગુનેગાર ગણાશે

૭ વીઆતર સંબંધી

૧ આપણી જ્ઞાતીની બ્હેન અથવા દીકરીને ત્યાં પુત્ર અથવા
પુત્રીનો જન્મ થાય તો તેને વીઆતર આપવાનો રીવાજ
છે તે વીઆતર આપવા માટે દીકરીના માવીત્રોએ ભાઈ
તથા જમાઈને પોતાને ઘેરે બોલાવીને પોતાની શક્તિ
અનુસાર જે આપવા ઈચ્છા હોય તે તેમને આપીને પોતાને
ઘેર વીદાય કરવાં અને તે નીમીતે લાડવા વગેરે જે પહેલાં
જમાની પ્રથા હતી તે બંધ કરવામાં આવે છે પરંતુ દીકરી
ના મામાઓ તથા ફઈઓ તથા માશીઓ વગેરેને તે
ટાઈમે જે ઈચ્છા હોય તે દીકરીના માવીત્રોને ત્યાં મોકલી
આપવું

૭ KJ-BK-4-7

૮ અગ્નીસંસ્કાર સંબંધી

૧ આપણી જ્ઞાતીના કોઈ પણ ભાઈ અથવા બહેનનું અવસાન થાય તો તેની ઉમરે ૫ પાંચ વરસથી ઉપરની હોય તો તેને ફરજીયાત અગ્નીસંસ્કાર કરવો અને ૫ પાંચ વરસ સુધીના નાની વયનું બાળક હોય તો તેને ભોંમી દાગ કરવો

૨ મરનારની પછવાડે એકે દશાને બારસની ક્રીયા બ્રાહ્મણ ને હાથે કરાવવી અને તે ક્રીયા કરાવનાર બ્રાહ્મણને દક્ષીણા ની કોરી ૫। સવા પાંચ આપવી અને મરનારના આત્માના ઉધાર અર્થે મરનારની વય ૩૦ ત્રીસથી ઉપરની હોય તો ભગવાનને ન્યારે તરીકે કોરી ૨૫ પચીસ આપવી અને વરસ ૨૦ થી ૩૦ વીસથી ત્રીસની અંદર નો હોય તો ભગવાનને ન્યારે તરીકે કોરી ૫। સવા પાંચ આપવી તેથી નાની વયનાની કોરી ૧। સવા આપવી

૩ તે સીવાય મરનારના સમર્પણ અર્થે તેનું બીછાનું ૧ એક. થાળી ૧ એક તથા વાટકો ૧ એક તે પણ મંદીરમાં આપવું

૪ બારસની ક્રીયા સંપુર્ણ થાય તે દીવસે બનીશકે તો બ્રાહ્મણ અગર અતીતોને યથાશક્તિ અનુસારે જમાડવા અને સાથે મરનારના કુંટુબની નીયાણી પાંચથી સાતને જમાડવી

૫ બ્રાહ્મણો અગર અતીતોને જમાડવા જેટલી શક્તિ ન હોય તો પણ નીયાણી પાંચથી સાત જરૂર જમાડવી અને બારસની ક્રીયા કરનાર બ્રાહ્મણને સીધો આપવો

૯ શ્રાધ ક્રીયા સંબંધી

૧ મરનારની શ્રાધ ક્રીયા હીન્દુ શાસ્ત્રો નીયમ અનુસાર અવસાનની તીથીએ ઉગતા પહોરે સવારના કરવી અને તે દીવસે જે રસોઈ કરી હોય તેમાંથી કુતરાંઓને તથા કાગડાઓને તથા ગૌ ગ્રાસ તથા પીંડનો ભાગ આપી પોતાના કુંટુબની નીયાણીઓ જમાડવી તેથી વધારે કોઈની ઈચ્છા હોય તો તેણે બ્રાહ્મણો અગર અતીતોને જમાડવા અને નીયાણીઓને દક્ષીણા આપવી અને મંદીરમાં દીવેલ ના ફુરા ત્રણ રૂપીયા

૮

KJ-BK-4-8

૧૦
આપણી જ્ઞાતીની કોઈ પણ બાઈનું પોતાના સસરાંનેત્યાં
અવસાન થાય તો તે બાઈને માવીત્રો તરફથી દાનમાં
જે કંઈ ઘર દાગીનો અથવા કપડાં લતાં તથા વાસણ અગર
જાનવર વગેરે જે કંઈ કૃષ્ણાર્પણ આપેલ હોય તેમાંથી કોઈ
પણ ચીજ પાછી લેવી ~~નહિ~~ નહિ

૧૧ રજસ્વલા ધર્મ સંબંધી
આપણી જ્ઞાતીની બહેનોએ રજસ્વલા ધર્મ હીન્દુ શાસ્ત્રો
ના નીયમો પ્રમાણે ચાર જ દીવસ પાળવો જોઈએ પરંતુ
આપણી જ્ઞાતી ખેતી કારક તેમજ મહેનતુ હોવાથી ત્રણ
દીવસ તો ફરજીઆત પાળવો અને તે ત્રણ દીવસમાં ખેતી
ના કામ સિવાય બીજું રસોડાનું કામ કંઈ પણ કરવું નહિ
અને સાત જ દીવસ સુધી ભગવાનના મંદીરમાં જવું નહિ.
આ ઠરાવનો ભંગ કરનાર બાઈ પાસેથી ધર્માદાની કોરી
૧ા રૂપયા લેવામાં આવશે

૧૨ ધર્માદા લાગા સંબંધી
૧ ધર્માદા તરીકે દશોંદ વીશોંદના લાગાઓ જેવી રીતે આ
ગળ દરેક ગામના બંધારણ મુજબ અપાયે છે તેમાં
બનતી કોશીશે વધારો કરી ખેડુત અગર કારીગર
યા મજુરી ભાઈઓએ આપવા
૨ કોઈ પણ ગામની અંદર ધર્માદા આપવાનું બંધ કરેલ છે
તેવું આ સમાજને જાણ થતાં તથા ભાઈઓને આ
સમાજ જરૂર પુછી શકશે અને ધર્માદાના લાગા તરીકેની
રકમો લેવા ફરજીયાત ઓર્ડર કરશે

૧૩ ઉજમણી સંબંધી
દરેક વરસની શ્રાવણ વદ ૬ છઠના અવસરમાં પોત પોતાના
ગામમાં બધા ભાઈઓના સંમંતથી પ્રીતી ભોજન કરવું
અને તેવું કરેલું જમણ [illegible] તેમાંથી કોઈને આપવું નહિ
પણ સાથે બેસીને જમવું

૧૪
દરેક ગામમા જ્ઞાતી પંચના ધર્માદા પૈસા જુદી જુદી
રીતે ધર્માદા લાગા તરીકે ભેગા કરેલામાં આપે તેનો કેસ

(1 KJ- B/K-4-9

આપફંનો હીસાબ દરેક સાલના શ્રાવણ વદ ૫ સુદ
સુધીમાં નકીકરી કુલ ધર્માદાની વાર્ષીક આવક જેટલી
જે ગામની થાય તેમાંથી દરેક ગામ વાળાઓએ દર સેંકડે
ફોરી ૧૦ દરાના હીસાબે જ્ઞાતી પંચની રકમ જે ખજાનચી
પાસે રાખવામાં આવી હોય તેને શ્રાવણ વદ ૧૫ અગાઉ
મોકલી આપવી અને તે મોકલેલી રકમની પહોંચ સભા
જના સેક્રેટરી પાસેથી મેળવવી

૧૫ ઉપર જણાવેલા ઠરાવો ૧૪ સૌદનું પાલન કરવા તથા કરા
વવા માટે નીચે જણાવેલા નામો વાળા ભાઈઓની એક
કમીટી નીમવામાં આવી છે

સભ્યોનાં નામ

૧ (૧)વીરાણી (૧) ભીમજી પ્રેમજી નાકરાણી (૨) રતનશી ભાઈ ભીમજી
„ (૩) અરજણ ભાઈ પબા (૪) લખમણ ભાઈ લાલજી
„ (૫) ભોધજી ભાઈ લખમશી
(૨)નખત્રાણા (૬) રામજી જેઠા સેંગાણી (૭) નાનજી પુંજા ફેરાણી
„ (૮) વાલજી વીરરામ મુખી (૯) દેવજી કેસરા પટેલ
„ (૧૦) ~~[illegible]~~ કાનજી ડાયાજી નાથાણી (૧૧) નારાણ રામજી પાંચાણી
„ (૧૨) પેથા મુલજી ફેરાણી (૧૩) નથુ નાનજી ફેરાણી
„ (૧૪) ભાણજી વશ્રામ ફેરાણી
(૩)કોટડા જાડોદર (૧૫) લધાભાઈ વશ્રામ નાકરાણી (૧૬) હીરજી લાલજી વેલાણી
„ (૧૭) જયરાજ દેવજી પોકાર (૧૮) ભીમજી કેશરા લીંબાણી
„ (૧૯) નારાણ ભાણજી ડાયાણી
(૪)મથલ (૨૦) પરબત લધુ પટેલ (૨૧) ધનજી નારણ
(૫)ખોંભડી (૨૨) નારાણ શીવજી વાગડીઆ
(૬)ઢેરસીસા (૨૩) રામજી વસ્તા (૨૪) રામજી લાલજી
„ (૨૫) પરસરામ હીરાલાલ (૨૬) વાલજી રતના
„ (૨૭) પરસરામ હીરજી
(૭)માનકુવા (૨૮) જીવરાજ હીરજી
(૮)દેશલપુર (૨૯) કાનજી ગોપાલ મુખી (૩૦) ધનજી મનજી
(૯)સાયરા (૩૧) રવજી હીરજી પોકાર (૩૨) હરજી લધા રામાણી
„ (૩૩) વીરજી મુળજી
(૧૦)કોડાય (૩૪) પરસરામ મેઘજી મુખી (૩૫) નાનજી લધા

૧૦ KJ- BK-4-10

(૧૧) રાયણ (૩૬) કાનજી હીરજી
(૧૨) ધરાવણા (૩૭) વાલજી પ્રેમજી (૩૮) વાલજી મનજી
(૧૩) નવાવાસ (૩૯) અરજણ ગોપાલ (૪૦) પુંજા રામજી
(૧૪) દેશલપુર (૪૧) લાલજી કરશન (૪૨) ભીમજી વસ્તા
(૧૫) ભીમાપુર (૪૩) દાના ખેતા
(૧૬) રામપુર (૪૪) લધા ભાણજી (૪૫) કરશન દેવજી
(૧૭) ખીડુઈ (૪૬) શીવજી મેઘજી (૪૭) અરજણ કાનજી
(૧૮) કોટડા ખીરોઈ (૪૮) શીવજી રામજી
(૧૯) નથોવાસ (૪૯) કરશન નથુ
(૨૦) જુનો વાસ (૫૦) કરશન સવગણ (૫૧) લાલજી વશરામ.

(૧૬) ઉપરે જણાવેલ સભ્ય કમીટીના સભ્યો પર માંથી નીચે જણાવેલ નામવાળા ભાઈઓની કાર્યવાહક કમીટીની નીમણુક કરવામાં આવી છે તેનાં નામ નીચે પ્રમાણે

(૧) પ્રમુખ- ભાઈ રતનશી ખીમજી વીરાણી.
(૨) ઉપ પ્રમુખ- પટેલ નારાણ રામજી પાંચાણી નખત્રાણા
(૩) ખજાનચી- ભાઈ ભીમજી કેશરા લીંબાણી. કોટડા જાડોદર
(૪) સેક્રેટરી - પટેલ નથુભાઈ વિ. નાનજી કેવરાણી નખત્રાણા
(૫) સભ્યો- નારાણભાઈ ભાણજી ડોસાણી કોટડા જાડોદર
(૬) ,, પરબત ભાઈ લધુ પટેલ. મથલ
(૭) ,, લાલજી ભાઈ મેઘજી પટેલ. ખીરોઈ
(૮) ,, નાથજી ભાઈ રામજી પોકાર ખીરોઈ કોટડા
(૯) ,, હીરજી ભાઈ લાલજી માનકુવા
(૧૦) ,, હીરજી ભાઈ લધા રામાણી સાંયરા
(૧૧) ,, વશરામ ભાઈ શિવજી ગઢશીશા
(૧૨) ,, લાલજી ભાઈ કરશન દેશલપુર
(૧૩) ,, લધાભાઈ પચાણ કોટડા જાડોદર

(૧૭) ઉપની કાર્યવાહક કમીટીના સભ્યો માંથી હાલીમાં સનાતન ધર્મનો પ્રચાર અને ઉપર જણાવેલા ઠરાવો દરેક ગામમાં સભા ભરી અને સમજાવી પ્રચાર કરવા માટે નીચે જણાવેલા નામ વાળા ભાઈઓને નીમવામાં આવે છે

વીરાણી- ભીમજીભાઈ પ્રેમજી
,, - રતનશી ભાઈ ખીમજી

૧૧ KJ- BK- 4-11

વીરાણી - લધાભાઈ વીશ્રામ
" - મેઘણભાઈ લાલજી
" - લધાભાઈ કાનજી પોકાર
નખત્રાણા - પટેલ નથુભાઈ વિ. નાનજી કેશરાણી
" - પટેલ જીવાભાઈ કાનજી રાંભાણી
" પટેલ કાનજીભાઈ અરજણ નાથાણી
" પટેલ દેવજીભાઈ કેશરા વૈયાણી
" પટેલ રામજીભાઈ જેઠા સેંઘાણી.
" પટેલ રામજીભાઈ કેશરા દિવાણી.
" પટેલ ભાણજી ભાઈ પમાણ કેશરાણી.
કોટડા જડોદર પટેલ લધાભાઈ પમાણ નાકરાણી
" પટેલ નારાણભાઈ ભાણજી દિવાણી
" પટેલ જયરામભાઈ દેવજી પોકાર
" પટેલ પમાણભાઈ વાલજી દીવાણી.
સોડવા. પટેલ હરજીભાઈ લધા રામાણી
ગઢશીશા પટેલ રામજીભાઈ લાલજી
મથલ પટેલ પરબતભાઈ લખુ
" પટેલ ધનજીભાઈ માકાણ

૧૮ આ સમાજની ઓફીસ નખત્રાણા મુકામે રાખવી અને
સમાજની લગતી કોઈપણ જાતની પુછપરછ તથા નવીન
ખબર મેળવવા તથા ફંડ વગેરેની બાબત જાણવા માટે સમાજ
ના કાર્યવાહક મંત્રી સેક્રેટરી તરીકે નીમણુંક પટેલ ભાઈ નથુ વિ.
નાનજી કેશરાણીને સરનામે પત્ર વહેવાર કરવાથી અગર રૂબરૂ
પુછવાથી ખબર મળી શકશે સમાજના ચાલતા કામકાજ
અંગેના થતા ખર્ચમાં રૂપિ ૧૦૦) એકસો સુધીના ખર્ચની સત્તા
સેક્રેટરીને સોંપવામાં આવી છે અને તે રૂપિ ઉપરાંત ત્રણસો
રૂપિ સુધીનું કોઈ કાર્ય કરવાનું આવી પડે તો પ્રમુખ અને ઉપ-
પ્રમુખ તથા ખજાનચી તથા સેક્રેટરીની સંમતીથી કરી શકાશે
તેથી વધારે ખર્ચ કરવા જેવી કોઈપણ બાબત આવે તો
કાર્યવાહક કમીટીની ~~[illegible]~~ મીટીંગ બોલાવી તેમની પરવાનગી
મેળવી કરી શકાશે

॥ૐ॥ KJ-BK-4-12

ગ્રા. નખત્રાણા. તા. 3-10-84

સં. ૨૦૦૨ના ભાદરવા વદ ૧૨ ને બુધવાર તા. ૨૫મી સપ્ટેમ્બર વાગ્યાના શુમારે ગ્રા. નખત્રાણા પુર્વ ભાગના ભાઈયો તથા નખત્રાણાના ગામના મુખ્ય આગેવાનો તથા ભાઈયો તથા બ્હેનો ગ્રા. નખત્રાણા પુર્વ ભાગમાં ગ્રા. સદ્ગુરુ જ્ઞાનાનંદ ભગવાનના મંદીરના હોલમાં ભેગા થયા હતા. ને તે સભામાં નીચે મુજબ કાર્ય કર્મ થએલ છે. તેના નોંધ નીચે મુજબ

જે. હાલે. ચાલતા. સાલના ભાદરવા વદ ૪ સોમવારના ગ્રા. વિથોણ મધે ભાના પાર્ટી જે. પીરાણા સતપંથી ભાઈયો તથા પાટીદાર તથા ગુજરાતના અમુક ભાઈયો એકત્ર થયા હતા ને તે સભામાં (હીન્દુ ધર્મ પાળનાર આપણા ભાઈયોને ભણ છાજતા બોલવા નારબકાર જેવા શબ્દો વાપરયા હતા] ને અમુક અમુક ગામના સનાતન ધર્મ પાળનારાઓને બોલવાને તે જાહેર સભામાં હડધુત કરયા ~~હતા~~ છે. જેથી તે ભાઈયો તથા આપણા સનાતની ભાઈયોના લાગણી દુભાણી છે. ને તે પીરાણા સતપંથી ભાઈયો હીન્દુ સનાતન ધર્મ પાળનાર ઉપર ઉગ્ર રોશની લાગણી ધરાવતા રહ્યા છે. ને આપણી જ્ઞાતિમાં જે સગપણ પરણ કરતાં જેવી વહેવારમાં ~~ક~~ આપવા વિવાહના પ્રસંગે મોટી ચળવળ ઉભી કરવા પ્રયાસ શરૂ રહ્યા છે. જેથી આપણે ભેગા થવાનું કારણ બને છે. કારણકે આપણે કેટલાક વર્ષો થયા હીન્દુ સનાતન ધર્મ પાળતા આવ્યા છીએ ને હજુ પણ પાળતા રહેશું ને તે ધર્મ બાબત જે જે કષ્ટ પડશે તે બધા શાંતિથી સહન કરશું. ને (આપણા ગામમાં પણ કેટલાક મત ભેદ હોવાથી આપણે ચોકસ નક્કી કરવું જોઈયે જે આ નખત્રાણા ગામમાં આપણા સનાતન ધર્મ પાળનારના જન સંખ્યા કરતા છે. જેના પણ નોંધ લેવાને તે ભાઈયો ~~[illegible]~~ પ્રતિજ્ઞાપત્ર લખી આપે જે અમે હીન્દુ સનાતન ધર્મ પાળશું ને તે સમાજના જે જે નવેસે ઠરાવ પડ્યા છે. તેનુ પાલન કરશું ને હજુપણ જે ~~[illegible]~~ સમાજ ઉધારણ તૈયાર કરશે તેનુ પાલન કરવા અમો ખાત્રી આપીયે છીએ ને આ હીન્દુ ધર્મ પાળતા આપણી સમાજ ઉપર પીરાણા સતપંથી ભાઈયો ગમે તેવા આક્રમણ કરે તો અમારે સમાજ ~~કાર્યવાહકો ને~~ કાર્યવાહકો ને તન મન ધનથી મદદ કરવા અમારે પ્રતિજ્ઞા લઈયે છીએ ને ખાત્રી આપીયે છીએ જે જે વખત સમાજના હુકમ થશે તરત પોતે અમારે આપણા ધર્મનું રક્ષણ કરવા તૈયાર રહેશુ ને અમો પ્રથમ સભામાં પણ પારસે ના પણ ખાત્રી આપીયે છીએ - જેના નોંધ નીચે મુજબ છે

નંબર	કુટુંબના વડાનું નામ	ગામમાં જન સંખ્યા	સ્ત્રીઓ કેટલા	પુરુષો કેટલા	ધર્મ શું પાળે છે.	સહીયો.
૧	રાંમજી ઈસરા રાંમજીયાણી ધંધો- ખેતી	૧૯	૮	૧૧	~~[illegible]~~ સનાતન.	રાંમજી ઈસરા ની સહી દાં પોતાના
૨	કાનજી ભાઈ - પરબત સેંઘાણી.	૭	૨	૫	"	પાં: કાનજી ભાઈ રજી ના સહી દાં પોતાના
૩	રામજી ભાઈ જેઠા સેંઘાણી.	૧૪	૩	૧૧	"	
૪	નારણ ભાઈ પુંજા દેસાઈ	૨૮	૧૪	૧૪	"	
૫	મનજી ભાઈ પમાણી નાથાણી.	૧૧	૬	૫	"	પટેલ મનજી ... ના સહી દાં પોતાના

KJ- BK- 4-13

શાહી.

	કુટુંબના વડા નું નામ	જનસંખ્યા	[illegible]	[illegible]	ધંધો / ધા. ધંધો	
૬	પા. [illegible]	૧૧	૪	૭	ખેતી(?)	[illegible]
૭	પા. [illegible]	૧૦	૩	૭	"	[illegible]
૮	પા. [illegible]	૧૨	૩	૮	"	[illegible]
૯	પા. [illegible]	૧૫	૦	૧૫	"	[illegible]
૧૦	પા. [illegible]	૩૩	૯	૨૪	"	[illegible]
૧૧	પા. [illegible]	૫	૧	૪	"	
૧૨	પા. [illegible]	૮	૨	૬	"	[illegible]
૧૩	પા. [illegible]	૪	૧	૩	"	[illegible]
૧૪	પા. [illegible] ([illegible])	૧૬	૩	૧૩	"	
૧૫	પા. [illegible] "	૫	૩	૨	"	[illegible]
૧૬	પા. [illegible]	૧૮	૫	૧૩	"	[illegible]
૧૭	પા. [illegible]	૫	૩	૨	"	[illegible]
૧૮	પા. [illegible] "	૫	૧	૪	"	[illegible]
૧૯	પા. [illegible]	૩	૦	૩	"	[illegible]
૨૦	પા. [illegible]	૧૭	૩	૧૪	"	
૨૧	પા. [illegible]	૭	૨	૫	"	[illegible]
૨૨	પા. [illegible]	૧૬	૪	૧૩	"	[illegible]
૨૩	પા. [illegible]	૫	૧	૪	"	
૨૪	પા. [illegible]	૮	૨	૬	"	[illegible]
૨૫	પા. [illegible]	૮	૦	૮	"	[illegible]
૨૬	પા. [illegible]	૮	૧	૭	"	[illegible]
૨૭	પા. [illegible]	૧૪	૨	૧૨	"	[illegible]
૨૮	પા. [illegible]	૬	૨	૪	"	[illegible]
૨૯	પા. [illegible]	૧૦	૩	૭	"	[illegible]
૩૦	પા. [illegible]	૧૧	૧	૧૦	"	[illegible]
૩૧	પા. [illegible]	૫	૧	૪	"	[illegible]
૩૨	પા. [illegible]	૧૩	૧	૧૨	"	[illegible]
૩૩	પા. [illegible]	૧૪	૪	૧૦	"	[illegible]
૩૪	પા. [illegible]	૭	૦	૭	"	[illegible]
૩૫	પા. [illegible]	૧૧	૨	૯	"	[illegible]
૩૬	પા. [illegible]	૩૧	૭	૨૪	"	[illegible]
૩૭	પા. [illegible] (struck through) [illegible]	૩૩	૧૦	૨૩	"	[illegible]

KJ-BK-4-14

	કુટુંબના વડાનું નામ	કુલ [illegible]	[illegible] કેટલા	[illegible] કેટલા	ધર્મ [illegible]	સહી
૩૮	પા: રતના ગોપાલ કેસરાણી	૧૮	૪	૧૪	"	રતના ગોપાલ કેસરાણીની સહી દા: પ્રેમજી મનજીના. દ. કે.
૩૯	પા: પોલા ગોપાલ કેસરાણી	૧૨	૩	૯	"	પોલા ગોપાલની સહી દા: પ્રેમજી મનજીના. દ. કે.
૪૦	પા: ધનજી ભોગાજી સુરાણી	૭	૦	૭	"	ધનજી ભોગાજીની સહી દાં વાલજી દેવજીના
૪૧	પા: વાલજી દેવજી [illegible]	૭	૧	૬	"	વાલજી દેવજીની સહી દાં પોતાના
૪૨	પા: પુંજા માંના સુરાણી	૧૮	૪	૧૪	"	પુંજા માંનાની સહી દાં વાલજી દેવજીના
૪૩	પા: નારણ કાનજી કેસરાણી	૬	૨	૪	"	નારણ કાનજી [illegible] દા. પોતાના
૪૪	પા: કરસન લધા કેસરાણી	૫	૧	૪	"	કરસન લધાની સહી દા. નારણ કાનજીના
૪૫	પા: મનજી ભીમજી [illegible]	૮	૪	૪	"	મનજી ભીમજીની સહી. દા. નારણ કાનજીના
૪૬	પા: [illegible]	૭	૩	૪	"	[illegible]
૪૭	પા: ભીમજી ગોપાલ કેસરાણી	૬	૨	૪	"	[illegible]
૪૮	પા: [illegible] રતના [illegible]	૫	૧	૪	"	
૪૯	પા: [illegible] કેસરાણી	૫	૧	૪	"	
૫૦	પા: [illegible]	૩	૧	૨	"	
૫૧	પા: [illegible] પુંજા [illegible]	૭	૧	૬	"	
૫૨	પા: હંસરાજ કાનજી વાસાણી	૪	૧	૩	"	
૫૩	પા: હરજી દેવસી [illegible]	૧૧	૨	૯	"	
૫૪	પા: દેવસી [illegible]	૬				
૫૫	પા: કરસન [illegible]	૮				
૫૬	પા: [illegible]	૫	૩	૨	"	[illegible]
૫૭	પા: કરસન માંના સુરાણી	૧૭	૫	૧૨	"	[illegible]
૫૮	પા: ધનજી માંના સુરાણી	૮	૧	૭	"	
૫૯		કુલ [illegible]				કુલ [illegible]
૬૦						
૬૧						
૬૨						
૬૩						
૬૪						
૬૫						
૬૬						
૬૭						
૬૮						
૬૯						

KJ-BK-4-15

સંવત ૨૦૦૨ ના કારતક સુદ ૧૦ ને ગુરુવાર ના રોજે શ્રી કચ્છ કડવા પાટીદાર ભાઈઓનો જુદા જુદા ગામ ના ગામના પ્રતિનિધિઓ (આશરે ગામ ૬૦ ના પ્રતિનિધિ ભાઈઓ)ની જાહેર સભા શ્રી કોટડા જાદોદર મુકામે ઉપર જણાવેલ તારીખે રાત્રના ક. ૯ વાગે એકત્ર થએલ હતા. તે સભામાં થએલ કામ કાજની વીગત નીચે મુજબ

સભાના પ્રમુખ તરીકે સનાતન સમાજના પ્રમુખશ્રી. શ્રીયુત રતનશીભાઈ ભીમજી બીરાજેલ હતા.

અને નીચે જણાવેલ ભાઈઓએ પ્રવચનો કર્યા હતા.

(૧) આજના સભાનો ઉદેશ જણાવવા. શ્રીયુત નથુભાઈ નાનજી ઉભા થયા હતા અને સભા એકત્ર થવાનું કારણ સમજાવેલ હતું અને સંવત ૨૦૦૧ ના આસો વદ ૦)) થી સંવત ૨૦૦૨ ના કારતક સુદ ૧૦ સુધીનો કાર્યવાહક કમીટીના ભાઈઓએ જે પ્રચારક કાર્ય અને કુરિતિ હાલ સંબંધીના કાર્યો જે કરેલ તે બધાના વીગતવાર અનુક્રમે નોંધ. વાંચી સંભળાવેલ હતા. તે બાદ પુજ્ય મહારાજશ્રી ઓધવરામજીએ આપણા સમાજમાં જોઇતા સુધારાઓ અને તેના માટે કેવા પ્રકારના કુરિવાજો ઉઠાવવાના છે એ સંબંધી અસરકારક રીતે દીલને લાગણી થી નાખે એ રીતે પોતાના હૃદય દ્રાવક વિચારો રજુ કરેલ હતા. અને સમાજને પડકાર કરેલ હતો કે કોઈ પણ ભોગે તાત્કાલીક આવા જાતના ભારરૂપ બાબતો દુર કરે એવી પુર્ણ આગ્રહ અસરકારક છે. એકત્ર થઈ સમાજમાં ખુબ પ્રચાર કરી સમાજને જાગ્રત કરવા અને કાર્યકર્તા સમાજના કાર્યકરોને પુર્ણ રીતે તન, મન અને ધનથી. સાથ આપવા સુચના આપી હતી.

(૨) અને તેના અનુસંધાનમાં સભાના પ્રમુખે પણ. પોતાને ફાળ તરફથી. જે કાર્યને માટે તેઓ સમસ્ત કુરિવાજ. ઉઠાવી રહ્યા છે તેમાં સમાજના ભાઈઓ તરફથી. તેમને ખુબ સાથ અને સહકાર મળેલ છે જે બદલ તેઓએ તેમના પ્રત્યે આભાર દર્શાવેલ હતો અને વધુમાં જણાવેલ કે અત્યાર સુધી. આપણે કેટલ. સમાજને જાગ્રત કરવામાં બનતું કરેલ. જે જાગ્રતતાનો પડકાર સમાજે સારી રીતે વધાવી લીધેલ છે પરંતુ પ્રચાર કાર્યને માટે અને આજના સમાજના સામે જે પ્રશ્નો રહેલા છે તેના અંદર સારી રીતે ભોગ આપવાની જરુરીઆત છે અને તે ભોગ. આપવાને માટે જે ભાઈઓ તૈયાર હોય. તેમનાં જાહેર રીતે નામો જણાવવા અપીલ કરી હતી.

(૩) અને ત્યારબાદ. શ્રીયુત નથુભાઈ નાનજીએ પણ એજ રીતે તેઓના કાર્યોમાં સારી રીતે સાથ અને સહકાર ઉપર ભારપુર્વક રીતે આપવા વિનંતી કરી હતી. અને સભામાં અંદર જે કુરિવાજો કાઢવાની વિચારણા કરવાની

KJ- BK- 4-16

હતા. તેનો ઠરાવો બરોબર રજુ કરેલ હતો અને તે ઠરાવોની અંદર નીચે મુજબ

ની. વિગતોનો પ્રસ્તાવ રજુ કર્યો હતો

(૧) પોતાના સમસ્ત પાટીદારોએ નક્કી કરેલ લગ્ન. હિન્દુ સનાતન ધર્મ

તમામ છોડે કેમ. અગર જો તેમ હોય તો તે બદલામાં શું કરવું

(૨) સમાજ ધર્મ માટેના યોજના.

(૩) કાયદાકીય કેળવણીના નવી બાબત અને તેના સવાલો

(૪) બાળ લગ્ન સંબંધમાં જે સવાલો છે તે સંબંધમાં સુધારો વધારો

(૫) કોઈ અધિકારી માટે શું વ્યવસ્થા રાખવા યોજનાઓ ગણવા. કેરવી

(૬) સમાજનો જનરલ ફંડ વધારવા યોજના.

ઉપર મુજબ નાં ઠરાવો રજુ કરવામાં આવેલ હતા. ~~[illegible]~~

~~[illegible]~~ અને ઠરાવનું અમારૂં કાર્ય માં આવવાને માટે જે ભાઈઓ રસ.

ધરાવે પોતાના પુરતા કાર્યમાં આવવાને માટે ભલાવતા હોય તેઓના

નામ નોંધાવવા કરવા વિનંતી કરેલ હતી. જે પરથી નીચે જણાવેલ ભાઈ

પાસે પોતાના સેવા અર્પણ કરવા પુરતા જણાવેલ હતા

સહી

૪ (૧) પટેલ પરબતભાઈ લાધુ.

૧ (૨) [illegible] રતનશીભાઈ [illegible]

૩ (૩) [illegible] ગંગદાસભાઈ વિશ્રામ.

૨ (૪) પટેલ નાથુભાઈ નારાણ

૫ (૫) પટેલ રામજીભાઈ લાલજી ગઢશીશા

(૬) પટેલ [illegible] ભાઈ [illegible] મોટા.

(૭) પટેલ અરજણભાઈ ગોપાલ દુર્ગાપુર

(૮) [illegible]

(૯) પટેલ કાનજીભાઈ [illegible] } [illegible]

(૧૦) પટેલ [illegible] ભાઈ પચાણ " ".

(૧૧) પટેલ [illegible] ભાઈ પચાણ કોટડા.

(૧૨) પટેલ [illegible] ભાઈ [illegible] (કોટડા). [illegible]

(૧૩) પટેલ [illegible] ભાઈ [illegible]

(૧૪) પટેલ [illegible] ભાઈ [illegible] કોટડા જડોદર

(૧૫) પટેલ [illegible] ભાઈ [illegible] " ".

(૧૬) પટેલ [illegible]

(૧૭) પટેલ રતનાભાઈ [illegible]

(૧૮) પટેલ વિશ્રામ [illegible]

KJ-BK-4-17

(૧૯) પટેલ વિશરામ ભાઈ લધા. રેશાલીયા
(૨૦) પટેલ માવજી ભાઈ નાનજી ઉખેડા.
(૨૧) પટેલ રામજી ભાઈ વશરામ ગઢશીશા
(૨૨) પટેલ હીરજી ભાઈ લાલજી કોટડા જડોદર
(૨૩) પટેલ ભાણજી ભાઈ કેશરા કોટડા જડોદર
(૨૪) પટેલ અરજણ ભાઈ પરબત. વિરાણી.
(૨૫) પટેલ લધા ભાઈ વિશરામ. વિરાણી.
(૨૬) પટેલ રતનશી ભાઈ નેણશી ભોજાય
(૨૭) પટેલ ભાણજી ભાઈ કેશરા આનંદપુર
(૨૮) પટેલ લાલજી ભાઈ રતનશી કોટડા. ભોજાય
(૨૯) પટેલ પ્રેમજી રતનશી કોટડા જડોદર
(૩૦) પટેલ રામજી પુંજા કોટડા જડોદર
(૩૧) પટેલ નાનજી ભાઈ દેવજી ,,
(૩૨) પટેલ રતનશી ભાઈ ભાણજી ધરાવડા.
(૩૩) પટેલ કેશવજી પ્રેમજી. વિરાણી ભોજાય

ઉપર મુજબ. નખત્રાણા ભાઈઓએ પટેલના નામો સ્પષ્ટાક્ષરે આપ્યાં હતાં તે લીધા બાદ લગ્ન સંબંધી વિચાર ચલાવ્યો આવી હતી. જે પોતે ચાલુ સમયે ભાઈઓએ જે લગ્ન નાતરાનો નક્કી કરી છે તેમાંથી આ પણ સમાજને તે વાત બંધ બેસતી છે કે કેમ. તેનો જવાબ માત્ર ગામના ભાઈઓને જુદી જુદી રીતે પુછવામાં આવ્યો હતો તેના જવાબમાં માત્ર ગામના ભાઈઓએ વિરાણી સત્સંગી ભાઈઓએ જે વિચાર જાહેર કર્યા નહી કરાય છે તેના માટે વિરોધ દર્શાવ્યો હતો ~~જે ઉપર પ્રમાણે સમાજે~~ વિચાર. જે ઉપર લગ્ન કઇ તાલમે નક્કી કર્યા અને કઇ રીતે કરવાં તથા તેનામાં અંદર કેવા પ્રકારના ખોળ દોષ કરવા. તે સંબંધમાં વિચાર ચલાવવા માટે નામ જણાવેલા ભાઈઓની કમિટિ નીમવામાં આવી હતી.

KJ-BK-4-18

ઉપર જણાવેલ ભાઈઓની વિષય વિચારણા સમિતિ. તેમના તરફથી મળેલ અહેવાલ. જેના અંદર નામે મહાજનનું કાર્ય કરી ઘડવામાં આવ્યું હતું અને તે અંગે ચર્ચા કરાવવાનો મુકામ છે

(૧) આપણી જ્ઞાતિના ભાઈઓ (છોકરાઓ) છોકરાઓનાં (લગ્ન).

(૨) ચાલુ સાલના ચૈત્ર વદ ૧૩ને રવિવારનાં લગ્ન લખવાં

(૩) ચૈત્ર વદ ૧૩ને શુક્રવાર ના માંડવા રોપણ રવિવારનાં ગણેશ.

(૪) ઉપર જણાવેલ દિવસે ત્યાં ઉપર જણાવેલ રાતના સોમવારનાં ગણેશ સુધીમાં આણાં કરવાં. દિવસ બપોરનાં રોપવા

(૫) ચૈત્ર વદ ૧૪ ને રવિવાર. મોટા ભોજન.

(૬) ચૈત્ર વદ ૧૫ ને સોમવાર. ગોતરેજ

(૭) ચૈત્ર વદ ૦)) ને મંગળવારના દીવસોનાં વાળુ. તેમાંથી રાત સુધી કરવા.

(૮) લગ્નમાં આવનાર જાનૈયાઓને રૂ. ૨) જમાડવાં અને લગ્નમાં આવનાર માણસોની સંખ્યા ૧૦૧ પછી આવવાનું નહીં તે સિવાય લગ્નના અંદર લેવાદેવા કઈ રીતે કરવા તેનો ઠરાવ પાટીદાર મંડળે સંવત ૨૦૦૧ના આસો વદ ... કરેલ છે જેનો ઠરાવ છપાવીને ગામે ગામ તે વાંચવા મોકલી આપેલ છે તે પ્રમાણે લેવાદેવાનો વ્યવહાર કરવાનો છે

ઉપર જણાવેલ તારીખે આપણા સનાતન સમાજના જે છોકરાઓ છોકરીઓ છે અને જેનાં સગપણો સનાતન સમાજના ભાઈઓએ આપસ આપસમાં કરેલાં છે તેવા સૌ છોકરાઓ અને છોકરીઓનાં લગ્ન ઉપર જણાવેલ તારીખે કરવાનાં છે પરંતુ જે છોકરીઓનાં સગપણ પોતાના સમાજ બહાર ભાઈઓના છોકરાઓ વેરે થયેલાં હોય અને પોતાના સગપણવાળા ભાઈઓ ઉપર જણાવેલ તારીખે પોતાના છોકરાનાં લગ્ન કરવા માટે વાંધો લે અગર ના પાડે તો એવી છોકરીઓ પોતાના છોકરાનાં લગ્ન જે રાખે કરી આપવા. પોતાના મુરત પ્રમાણે તે રાખીને આપણા છોકરાઓનાં લગ્ન કરાવવાનાં છે ઉપર જણાવેલ આ લગ્નમાં આપણી જ્ઞાતિના ભાઈઓએ પોતાના છોકરાના ઉપર પાંચ પરણાવવા. અઢી ... ન જોઈએ અને પાંચ પરણાવે અઢી ઉપર ના છોકરાનાં લગ્ન કરનાર ભાઈ એવા સમાજને ગુન્હેગાર ગણાશે અને તેવી ગુન્હો કરનાર ભાઈને માટે સમાજ પંચ મળી જે સજા ફરમાવશે તે તેને કબુલ કરવી પડશે

KJ-BK-4-19

સનાતન સમાજના. જ્ઞાતિઓએ પરણેલા. છોકરાઓએ અગર છોકરીઓ
નાં લગ્ન. પ્રતિબંધિત કરવા. ~~—~~ કોઈપણ જ્ઞાતિના છોકરાનું સગપણ. પોતાના
સ્વછંદતાથી ત્યાં ઘરમેળે કોઈ. એ છોકરા. લગ્ન કરે તો એ છોકરો એ રીતે
લગ્ન કરશે તો તે રીતે લગ્ન કરી લેનાર દંડ આપવામાં આવે છે.
ઉપર પ્રમાણે લગ્ન સંબંધીના. ઠરાવ. મહોરબાન. નવટપરાલના.
કારોબારી. મારે નીચે પ્રમાણે જ્ઞાતિના. ઠરાવો તરફેણ. મંજૂર કરવામાં
આવ્યા હતા.

(૧). પ્રમુખ. શ્રીયુત રતનશીભાઈ પ્રેમજી ધોળુ.
(૨). કો. ગાંગાભાઈ ધિરાજ. ઉપપ્રમુખ.
(૩). સેક્રેટરી. શ્રીયુત. નપુભાઈ નાનજી નખત્રાણા
(૪). ખજાનચી. શ્રીયુત. જીવરાજભાઈ કેશરા. કોટડા જડોદર.

ઉપર પ્રમાણેના કાર્યકરો ત્યાં. વિશ્વાસમત સમિતિના. સભ્ય ભાઈઓ
ના. સભાએ નીચે મુજબ ઠરાવ નક્કી કરેલ હતો

(૧). સનાતન સમાજ ની. ઓફિસ નખત્રાણા મધ્યે. રાખવી
અને તેના માટે મકાન લઈ કાર્યાલય સંબંધી કાર્ય
કરવા માટે એક ઓફિસ માંડવી. નક્કી કરવા. કે જે સનાતન ધર્મના કાર્યો માટે આવતા. ભાઈઓના રસોઈ પાણીની
વ્યવસ્થા. કરી શકે અને મંડળના ઓફિસ. સંબંધીનું
પણ. કામ કરી શકે અને તે અંગે જે કંઈ ખર્ચ ~~થાય તેને~~ વાપરવા ઉપરાંત
સમાજના ઇતર કામકાજ અંગે જે ખર્ચ કરવા પડે તો તે ખર્ચ ખર્ચ સમાજના પ્રમુખશ્રી
X સમાજ ના. જનરલ ફંડમાંથી કરવાના. પૂર્ણ સત્તા ~~ની~~
મંત્રી શ્રી રતનશી ... અને
શ્રી. નપુભાઈ નાનજીને આ સભા આપે છે

(૨). પ્રચાર માટે નીમેલ પ્રચારક ભાઈઓ પ્રચાર ને માટે જ્યાં
જ્યાં પ્રચાર કરવા જાય, અને તે અંગે જે ખર્ચ થાય તે સ
માજના. જનરલ ફંડમાંથી કરવાનું નક્કી કરવામાં આવે છે.

(૩). સંવત. ૨૦૦૪ ના. અષાઢ વદ ૧૪ ને રોજ પાટીદાર મુકામે જોગ
પસાર ... માં ઠરાવવામાં આવેલ કે જુદા જુદા ગામમાં
રહેતા. સનાતની ભાઈઓના. ધર્માદા ભેગા કરી. જે રકમ.
ભેગી થાય. તેનો હિસાબ દરેક વરસે આપણા ... ના.
... નહીં કરો. અને પોત પોતાના ગામમાં પસાર ધર્માદા
ની કુલ વાર્ષિક આવક માંથી દરેક સેંકડે રકમ. ૧૦ દશ પ્રમાણે
જ્ઞાતિ પંચેક ~~વાપરેલ~~. નીમેલા સેક્રેટરીને મોકલી આપવા
અને તેમ પરસ્પર સમાજના. આશીર્વાદ. લેવા.

KJ- BK- 4- 20

ઉપર પ્રમાણે ને ઠરાવ નકી થયો છે તે મુજબ રકમ પોસપો
ભાનાગામના નકી કરા ને આપવા સાતે સપીલ કરવામાં આવેલ છે

ૐ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ KJ-BK-4-21

શ્રી ખોંભડી પાન મૂર્તિ પ્રતીષ્ઠા કાર્યની મીનીટ

ખોંભડી તા. ૧૪-૫-૭૬

સવારના ૧૧ વાગાથી અત્રે મંદીર ના શણગાર કાર્યમાં અહીંના તમામ સનાતની ભાઈઓ ગુંથાએલા હતા. આવનાર મહેમાનો તથા વોલીન્ટીઅર ભાઈઓ સારૂ ખાવા ઉતારવાની સુંદર સગવડ રાખવામાં આવેલ હતી. ઉતારા માટે મકાન તેમજ વાસણો વીગેરે ની લોહાણા મહાજન ભાઈઓ તરફથી સુંદર સગવડ પાડેલ હતી. અને તેઓનો. સનાતની ભાઈઓ એનો સહર્ષ ઉપકાર માનેલ છે. આજે સાંજ સુધીમાં વોલીન્ટીઅર ભાઈઓ આવી ગયેલ હતા જેમાં નીચે મુજબ ગામોમાંથી ટુકડીઓની સંખ્યા આવેલ હતી.- વીરાણી — કોટડા — મથલ — રસલીઆ — દેશલપર : ખોંભડી.
૨૨ - ૧૪ - ૧૨ - ૫ - ૮ - ૨૦
આમ કુલ ૭૧ વોલીન્ટીઅર ભાઈઓએ હાજરી આપેલ હતી. જેઓ જરાપણ જુદાઈ ન ગણતાં તરત કામમાં જોડાઈ ગયેલ હતા. આજે સાંજના ૪ વાગે. અહીંના નથારામ ભીમજી ભાઈ નામના એક પાટીદાર ગૃહસ્થ કે જેઓ મુંબઈ હતા તેઓ ત્યાંથી એરોપ્લેન મારફતે ભુજ અને ભુજથી સ્પેશીયલ કાર થી. અત્રે આવી ગયેલ હતા અને તેઓ નીરજા મળતાં અહીંના લગભગ ૩૦૦ યુવકો કે જેઓ આજ સુધી અધ્ધર પટે સમાજમાં ભાગ લેતા હતા તેઓ જાહેરમાં આ કાર્યમાં જોડાઈ ગયેલ હતા. અને તેઓનાં ઓચીંતા વર્તન ફેરવી તેમનાં પીરાણા પંથી પડીલો ઉશ્કેરાઈ ગયાં અને તેઓનો લોક ચરકાવવા ઉભતા ઉપાયો કર્યા પરંતુ સર્વ નિષ્ફળ ગયેલ હતા. આજે સાંજ સુધી. અત્રે ગામને નાકાં તથા ઠેકઠેકાણાં ઓટો તથા સામા મંડપ ઉભાવતો સનાતની ધ્વજ ફરકાવી દેવામાં આવેલ હતો ગામમાં સનાતની ભાઈઓનાં કુલ ૭ સાત ઘર છે જેઓ આજ વીસ વરસથી ઉભા પીરાણા પંથીઓથી. જુદા ઉભા છે તેઓ સાથે ખાવા પીવા કે ઉભો કોઈ પણ જાતનો વહેવાર નથી. છતાં પણ તે ભાઈઓ પાસેથી જાણવા મળેલ છે કે અહીંના ગામ ધણી જાડેજાઓ તથા લોહાણા મહાજન ભાઈઓ તેમજ અન્ય હિંદુ ભાઈઓ ની ફોજ વડે આ લોકોને જરા પણ મુંઝવણ આજ સુધી ઉત્પન્ન થયેલ નથી. અહીંના હિંદુ ભાઈઓનું સંગઠન અને શાંતિભેર ભાવ રાખ્યા વગર નું વર્તન ખરેખર આવકાર દાયક ગણાય.
સાંજે ૯ વાગે સભાજનો ... [illegible] ... હતા.

ખોંભડી તા. ૧૫-૫-૭૬

આજે વહેલી સવારથી ગામના તમામ ભાઈઓ તથા બહારગામથી આવેલ સ્વયંસેવકો જુદે જુદે કામે લાગી ગયેલ હતા. ૧૦ વાગે સવારના નાકાં વીગેરે કાર્ય વ્યવસ્થીત કરી લીધેલ હતું સ્વયં સેવકોએ મંદિર ની અંદર હવન કુંડ તૈયાર કરી લીધેલ હતો. અને ૧૦॥ વાગે વાજતે ગાજતે જલ યાત્રા કરવા ગયેલ હતા. અને કેટલાક ભાઈઓ તો જુદાં જુદાં કામો

મોંજ મારગુલ ઊભી રહીરજ ચાપ કરી રહેલ હતા.

ૐ

જાહેર સભા નો રિપોર્ટ તા.૧૫-૫-૪૬

શ્રી. મુળજી ભાઈ. ખોંભડી વાળા.

પૂ. મહારાજ શ્રી. ભાઈઓ તથા માતાઓ.

અમારા ગામમાં ભગવાન શ્રી લક્ષ્મી નારાયણના મુર્તિ પ્રતીષ્ઠા કાર્ય માટે આપ સર્વે ભાઈઓને આમંત્રણ થી બોલાવેલ છે. અમારા ગામ માં પાટીદારો ની વસ્તી ઘણી છે પરંતુ સનાતન માં રહેલ કરનાર ભાઈઓ બહુજ થોડા છે. તો અમારા આ કાર્ય માં આપ ઉદારથી આપનાર ભાઈઓ ની મદદની ખાસ જરૂર છે. અને મદદ મળશે ત્યારે અમારા કાર્ય માં ખામી જણાશે નહિ વસ્તુ આ ઉદાર તૈયાર છે પરંતુ તેનો ઉપયોગ કરનાર અમો બહુજ થોડા ભાઈઓ છીએ તો. મારી આપ સર્વે ભાઈઓ સમક્ષ વિનંતી છે કે અમારૂં આ કાર્ય તમારૂં પોતાનું સમજી ને વહોરી લઈ અમા સમાજની શોભા વધારશો. એમ આશા રાખું છું. આજની આ સભા શ્રીમાન રતનસીભાઈ સમાજના પ્રમુખની સુચનાથી કરવા માં આવેલ છે. હવે આપણ ને બીજાં ઘણાં કાર્યો કરવાનાં હોવાથી. નરતમાં સમેટી લેવું. એવી આશા રાખું છું.

શ્રી. રતનસીંભાઈ વીશાણી.

પૂ. મહારાજ શ્રી. ભાઈઓ તથા બહેનો.

શ્રીયુત મુળજી ભાઈએ આ ગામની જે પરીસ્થીતી વર્ણવી તે આપણે બધા સમજી ગયા. ખોંભડી ગામમાં ગામમાં ઘણા દહાડા થીયા સનાતની ભાઈઓનાં કુલ સાતજ ઘર છે તેઓ આજ સુધી એક નીષ્ઠાથી ધર્મ કાર્ય કર્યે જાય છે જ્યારે આજે ભગવાન શ્રી લક્ષ્મી નારાયણની મૂર્તિ પધરાવવા નું ભાગ્ય પ્રાપ્ત કરી શકેલ છે. તો આ કાર્યમાં તન મન અને ધન થી સેવા આપવાની આપણી દરેક સનાતની ભાઈઓ ની ખાસ ફરજ છે. આપણે મહેમાન તરીકે આવેલ નથી. આપણું સ્વાગત આપણે પોતાનેજ કરવાનું છે તેમાં કોઈ પણ પીટંબણા કે માન અપમાન જોવા નું નથી. પરંતુ આપણું કાર્ય હવે પણે કર્યે જવાનું છે આ જેવું તુંદ ગામેથી આપણા સનાતની ભાઈઓ પધાર થાના છે તો તેઓ ની સગવડ સાચવવા ની જવાબદારી આપણા શીર પર છે તે માટે કાર્ય કેમ અત્યારે ગાડવામાં આવશે. અને આપણે સર્વે કાલી સેવાનો પુરતો લાભ લેવું એવી આશા રાખું છે. ત્યાર બાદ સ્વયંસેવકોની ફરજ શું છે ને ટુંકે સારમાં સારૂં વર્ણન કરી દરેક સ્વયંસેવક ભાઈઓને સમજાવેલ હતું.

અને નીચે મુજબ કામની વેંચણી કરેલ હતી રસોડા વિભાગમાં.

3 KJ-BK-4-23

શ્રી. રસલીઆ ગોલ તથા દેશલપુરના વોલીન્ટીઅર ભાઈઓને નીમવા
માં આવેલ હતા. તથા સભા આવનાર ભાઈઓની વ્યવસ્થા જાળવવાનું
કાર્ય પણ તેઓને જ સોંપવામાં આવેલ હતું. સભા મંડપ તથા મંદીર ના
કામ કાજ માટે શ્રી. કોટડા. તથા વીરાણીના વોલીન્ટીઅરો નીમાયેલા હતા
આવનાર ભાઈઓના ઉતારા વીગેરેની સગવડ કરવા ખોંભડીના વોલીન્ટીઅ
રોને નીમવામાં આવેલ હતા. ઉપર પ્રમાણે બધા ભાઈઓને કાર્યની વેંચણી
કરી દેવામાં આવેલ હતી. અને તે બધા ભાઈઓની મદદમાં શ્રી દેશલપુ
ના તથા રસલીઆના ભાઈઓ રોકાએલ હતા. આ પ્રમાણે બધાજ ભાઈ
ઓએ પોતાનું કાર્ય સંભાળી લીધેલ હતું. ત્યાર બાદ સભા કાર્ય સમેટી
લેવામાં આવેલ હતું અને કોટડાથી આવનાર મહેમાનનું સામૈયું તથા
ભગવાનની મૂર્તિનાં ફુલેકાની તૈયારી શરૂ કરવામાં આવેલ હતી.

સામૈયાનું વર્ણન.

મહેમાનોનું સામૈયું કરવા ગામમાંથી તમામ હિંદુ ભાઈઓ વાજતેગાજ
તે વીભાગમાં ગયેલ હતા. જેમાં ગામના લોહાણા બ્રાહ્મણ ક્ષત્રિય વગેરે.
ભાઈઓની હાજરી હોઈ ગામના કુળ પાટીદારોની જરાપણ ઉણપ જણાએલ
નહોતી. સામૈયામાં આશરે કે ૧૦ સાડાબાર હજાર માણસોની સગ
વડ હતી. સરઘસ પાછું વળતાં ખાનો પાસે આવતાં પાસેના બંધીઓ
ભીંતો પરથી આ રમણીય દેખાવનું અવલોકન કરી રહેલ હતા. પરંતુ
~~સ~~ તેમાં હાજરી આપવાનું ભાગ્ય પ્રાપ્ત થી શકેલ નહોતા. પાછા વળતાં
ભગવાન લક્ષ્મી નારાયણની પાન મૂર્તિ સાથે લઈ લેવામાં આવેલ હતી. આખા
ગામમાં ફરી પાછા. સભામંડપમાં આવતાં રા કલાક જેટલો સમય વ્યતીત
થયો હતો

ૐ

ખોંભડીમાં ભરાયેલ જનરલ સભાનો તા. ૧૫-૫-૧૯૪૬.
રિપોર્ટ સમય:- રાતના ૮ થી ૧૧ સુધી.

પ્રમુખની દરખાસ્ત મુકનાર — શ્રી. મુળજી ભાઈ શીવજી ખોંભડી વાળા.
ટેકો આપનાર —: શ્રી. રતનશી ભાઈ નારાણ. ,,
પ્રમુખ - શ્રી. પરબત ભાઈ લાખુ ગોલ વાળા.
પ્રમુખ —: પ્ર. મા. રા. શ્રી. ભાઈઓ તથા બહેનો
મને આજની સભાનો પ્રમુખ તરીકે મુકરર કરવામાં આવેલ છે તો હું મારી બુદ્ધિ અ
નુસાર તે સ્થાન સંભાળવાની સહર્ષ સ્વીકૃતિ બતાવું છું અને મારૂં સ્થાન સંભાળું છું.

૪ KJ-BK-4-24

મારાજ દયાલદાસજી ---- વાંઢાય વાળા.

મંગળાચાર.

મેરબાન પ્રમુખ સાહેબ સજ્જનો બ્રહ્મ સમાજ સદગૃહસ્થો અને બહેનો

આજની સભા જોઈ અતીશય હર્ષ થાય છે સનાતન ધર્મમાં આપણા બધા ભાઈઓ ભાગ લઈ રહ્યા છે તેથી આનંદ થાય છે પાટીદાર ભાઈઓના આ કાર્યમાં બીજી કેટલીક જ્ઞાતિઓ બીજે હિંદુઓ સર્વે ભાગ લઈ રહેલ છે તે જોઈ આનંદ થાય છે. બંધુઓ આ સમય આપણી ફરજ અદા કરવાનો છે આજની સભામાં ઘણા ભાઈઓ બોલવાના છે જેથી હું મારું બોલવું ટૂંકમાં બોલી. મારો સમય સમાપ્ત કરીશ. આવતી કાલે આ ગામમાં ભગવાન શ્રી લક્ષ્મી નારાયણને આપણા મંદીરમાં પધરાવશું તો આપણા હૃદય મંદીરમાં પણ પધરાવવાના છે અને ત્યારે આપણે પ્રભુ પાસેથી શું માગશું ——— ભજન.

સાર—: પ્રભુ પાસે આપણને એજ માગવાનું છે કે જ્ઞાન આપો અને નિર્મળ બુધ્ધિ આપો. શક્તિનું દાન આપો. આપણા આ મંદીરનું કાર્ય કરતાં કરતાં શ્રી નારાણભાઈ શીવજી એ પોતાનો ભોગ આપ્યો અને તે કાર્ય આજે આપણે પૂર્ણ કરીએ છીએ ત્યારે તેઓના આત્માને કેટલો બધો આનંદ થતો હશે. આપણે આપણા ગામમાં પ્રભુને પધરાવી તેમાં પૂર્ણ શ્રદ્ધા રાખશું તો પ્રભુ આપણને પગે પગે સહાયતા આપવા માટે બંધાયેલા છે આજે કલીયુગમાં પણ પ્રભુ ભક્તોને સહાય થાય છે જેના દાખલા ભજન-

ગાંધીજી જેવા મહાન આર્ય પુરૂષો આર્ય શબ્દ કંઈ નવીન નથી. આપણા બાપદાદાઓ એટલે કે હિંદુસ્તાનમાં મહારાણા પ્રતાપ-શીવાજી-રામ કે પણ હરીશ્ચંદ્ર પ્રહલાદ વગેરે થઈ ગયા તે આર્ય મહાત્માઓ જેવાને રાષ્ટ્રીય લડતમાં કેટલાં દુઃખો સહન કરવાં પડે છે છતાં પણ પ્રભુ તેઓને પુરતી સહાય આપે છે. આપણે પણ દુઃખ સહન કરી પ્રભુમાં વિશ્વાસ રાખી કાર્ય કરશું દુઃખથી ડરી જઈ પાછો પગ ભરશો નહિ હવે પછી થશે આપણા સમાજના પ્રેસીડન્ટ શ્રી રતનશી ભાઈ રામજીભાઈ. મારી રાજીખુશીમાં કંઈ ભુલ થઈ હોય તો ક્ષમા આપશો બાળકની કાલી ઘેલી ભાષા પણ મીઠી લાગે છે તેમ ગ્રહણ કરી ક્ષમા કરશો. બોલવાને થાઓડવા બાબ આભારી સાથે હું બેસીશ.

શ્રી મુળજી ભાઈ શીવજી - કોટડી વાળા.

મહારાજ શ્રીએ આજે ભજન બોલી આપણને જે ઉપદેશ કરેલ છે. તે આપણે બહુજ ટુંક ભાગ લઈ રહ્યા છીએ જેથી આવતી કાલે તેઓના ઉપદેશનો લાભ લેવા પોગ્રામ રાખવાનો વિચાર છે જે આપ સર્વ સમાજને જણાવું છું.

૨૯ KJ-BK-4-25

દેવશીં કાનજી દેશલપર

આજના પ્રભુના ઉત્સવમાં ઘણા ભાઈઓ પધારેલા જોઈ આનંદ વ્યક્ત કર્યો હતો એક માણસને પોતાની ખોવાઈ ગયેલી વહાલી વસ્તુ પાછી મળતાં જેટલો આનંદ થાય તેટલો જ આનંદ આજે આપણને આપણો ખોવાઈ ગયેલ સનાતન ધર્મ મળતાં થાય છે. આપણે હિંદુ વિષ્ણુ ભગવાનને માનનારા છીએ છતાં પણ આપણને આપણા ભગવાનમાં પુરતો વિશ્વાસ નથી. આપણે ઘણા ભગવાનોને માનીએ છીએ અને તેથી જ આપણને દુઃખો ભોગવવાં પડે છે જેમ મુસલમાનો એક ખુદા સિવાય કોઈને માનતા નથી તેમ આપણને પણ આપણા એક જ ઈષ્ટ દેવને માનવા જોઈએ આપણે સનાતની ક્યારે કહેવાશું કે જ્યારે પ્રભુમાં સંપૂર્ણ વિશ્વાસ રાખીશું. અજ્ઞાન રૂપી અંધકાર દૂર કરી દૃઢ જ્ઞાન રૂપી તેજસ્વી જ્યોત આપણા હૃદય મંદિરમાં પ્રગટાવવી જોઈએ. ઘણાંક શુરવીરો રણે ચડે છે ત્યારે જે જુસ્સો દાખવે છે તેવો જ જુસ્સો મેદાનમાં દાખવી શકતા નથી તેવી જ રીતે આપણી જ્ઞાતિના ઘણા ભાઈઓ પરદેશથી સનાતન ધર્મ સ્વીકારવાની પ્રતિજ્ઞાઓ લઈને આવે છે અને જ્યારે કચ્છના કાંઠા ઉપર પગ દે છે ત્યારે તેના અંધ શ્રદ્ધાળુ વડીલોના દુઃખથી ડગાઈને પીરાણા પંથને જ માને છે. અને ખોટો ઉત્સાહ ઓસરી જાય છે એ ગણું જ અફસોસ જેવું ગણાય. આપણે દુનીયાના છીએ તો આપણા વડીલોના આગળ ઘેલી હાકો થાંભો વમનની ખાતર તેઓ શું કરી શક્યા છે તો આપણને પણ આપણી ટેક છોડવી જોઈએ નહિ. આપણે પરદેશ જતા હોઈએ ત્યારે આપણને કોઈ પુછે કે કોને માનો છો એટલે આપણે કહેશું કે ભગવાન વિષ્ણુને માનીએ છીએ જ્યારે આપણને પુછશે કે ક્યો ધર્મ પાળો છો ત્યારે મહાન સવાલ ઉભો થાય છે અને આપણે આપણો ધર્મ બતાવી શકતા નથી. હવે આપણને સનાતન ધર્મ હાથ લાગી ગયેલ છે. એટલે જરા પણ મુંઝાવાજેવું રહેશે નહિ. કોઈ પુછશે તો તરત કહેશું કે સનાતની છીએ. આપણે આથી આગળ કંઈ વરતી ન હોતા ગયા પણ આપણે આપણા આચાર વિચાર છોડી દીધાં હતા જેથી આપણને બીજા હિંદુ ભાઈઓ જુદી રીતેથી નીહાળતા જ્યારે આજે આપણે સર્વેની હરોળમાં ઉભા રહી શકવાને શક્તીમાન બન્યા છીએ. આજે આપણી વર્તણુંકમાં ફેર કરતાં બ્રાહ્મણ જેવા ઉંચ કોટીના માણસો પણ આપણી સાથે છૂટથી ભળે વહેવાર રાખતાં અચકાતાં નથી. પ્રત્યેક પ્રાણી પર દયા એ આપણું શુભ છે કરોડોનું દાન કરશું છતાં પણ જો આપણા મનમાં દયા નહિ હોય તો એ દાનનો કંઈ પણ અર્થ નથી. માટે દયા રાખવી. હવે હું મારું બોલવું બંધ કરું છું.

૬

KJ-BK-4-26

શ્રી. જેઠાભાઈ હરીભાઈ મેપલ.

મારા સનાતની જ્ઞાતી ભાઈઓ પોતાના ધર્મમાં એકનીષ્ટા રાખી જે કાર્ય કરી રહેલા છે તે માટે ખરેખર હું મગરૂર બનું છું અને હવે આખા ગુજરાતમાં પણ અમારી જ્ઞાતિ માટે અભિમાન કરી શકીશું ~~કે~~ મહારાજ શ્રી દયાળદાસજી જેવા જે મારા જ્ઞાતિ બંધુઓને ઉપદેશ આપી રહેલ છે તે હમેશાં આપતા રહે એવી તેઓ પ્રત્યે આશા રાખું છું અંધ શ્રધાનું દ્રષ્ટાંત. આપણો ને ઓરધિ યે પીરા પકડાવવા ઉચિત.

આવીજ રીતે આપણા અંધ શ્રધાળુ થઈલો પીરાણા પંથમાં શ્રદ્ધા રાખી સૈયદ રૂપી ચોરોએ હાથમાં પકડાવેલ પીરાઓ. આપણી છાતીમાં મારે છે તો એ પીરા મારનાર મારા અંધ શ્રધાળુ ભાઈઓને હું વિનંતી કરું છું કે. આપણે રસ્તો ભુલી જઈએ ત્યારે ભોમીઆ માણસને પૂછવું કે ભાઈ મને રસ્તો બતાવ તેવીજ રીતે આપણે ધર્મ ભુલ્યા હોઈએ તો સુધારક ભાઈઓને પૂછવું કે અમને સાચો ધર્મ બતાવો તેમાં જે શરમ માનીએ તો આપણે વધારે ઉંધે રસ્તે ચડી જઈએ અને પાછળથી પસ્તાવાનો વખત આવે એજ માટે બોલવું હવે બંધ કરું છું.

માસ્તર મોતીલાલ રઘુરામ. કોટડા (જડોદર)

આજનો ઉત્સવ ખરેખર તો પાટીદાર ભાઈઓનો જ ગણાય છતાં પણ ગામના તમામ હિંદુ ભાઈઓ તેમાં ભાગ લઈ રહેલ છે તેનું કારણ એજ કે આપણે આપણે ભુલેલો માર્ગ છોડી દઈ પાછા સત્ય માર્ગે તેઓના સમુદાયમાં ભળાઈએ છીએ તે માટે તે સર્વે ભાઈઓને પણ આનંદ થાય છે જેમ આપણે ભગવાનના મંદીરને શણગારીએ છીએ તેવીજ રીતે આપણને આપણા હૃદય મંદીરને પણ શણગારવું જોઈએ એટલે કે આપણે આપણા આચાર વિચારમાં ખૂબ ફેરફાર કરવા જોઈએ અને તે આપણા આભરણો ફેરવવાનો. પરધર્મી ધર્મઉપદેશકો અને મુજાવરીઓ આવે છે તેઓ આપણ નહિ પકડે ત્યારા આપણા આભરણો ફેરવી શકશે. પાટીદાર સિવાય બીજા દરેક હિંદુ ભાઈઓ ધર્મ કાર્યમાં સંપૂર્ણ સાથ આપી રહેલ છે તે જોઈ આનંદ થાય છે. તમારી જ્ઞાતિ એ ગંગા છે. એ ગંગા બરાબર સીધે માર્ગે વહે જાય છે ફક્ત તેમાં ~~ક~~ વિધર્મ રૂપી કાદવ અને કચરો છે તે કાઢી નાખવાની આપણી ફરજ છે. આટલું બોલી બેસી જવાની રજા માગું છું.

શ્રી. પુંજાભાઈ ખીમસી. ગવાલીઆર સ્ટેટ (અમઝેરા)

આથી પહેલાં જે ભાઈઓ આપણને અમૃત રૂપી વાક્યો કહી ગયેલ છે તે પ્રમાણે વર્તવાની આપણી બધાની ખાસ ફરજ છે. મારા બોલવામાં

KJ- BK- 4- 27

કંઈ ખામી જણાય તો આપ સર્વે દરગુજર કરશો. આપણા આ સુધારા કાર્યમાં યુવકોને ભાગ લેવાનો ખાસ આગ્રહ કરું છું કારણ કે દરેક સુધારા કાર્ય યુવકો વડે જ થાય છે. આજથી આશરે વરસ ઉપર અમો કરાંચી મકાનમાં ઉપાસના કરવા જતા ત્યારે અમોને શ્રી નારાણજી રામજી રતનશી ખીમજી શીવજી કાનજી વગેરે સુધારક ભાઈઓએ ઉગારેલા હતા. સમજાવનાર ભાઈઓ તો આપણને સમજાવે પરંતુ આપણને તેઓમાં વાક્યોગ્રહણ કરવા જોઈએ શરીર ક્ષણ ભંગુર છે આપણા પર નિશદીન કાળ ભમ્યા કરે છે તો આપણે આપણી જીંદગીમાં સુકર્મો કરીશું તોજ આપણો ઉધ્ધાર થશે. આથી અગાઉ ઘણા ભાઈઓ ધર્મને માટે પોતાનાં રક્ત વહેવડાવી ગયેલ છે. તો આપણે પણ આપણા સ્વીકારેલ સનાતન ધર્મને પરિપાલન કરી આપણી ફરજ અદા કરશું એવી આશા રાખું છું. આથી અગાઉ આપણા ઘણા ભાઈઓ ધર્મ બાબત સુંદર દલીલ કરી ગયા છે એટલે તે બાબત વધારે સમય લેવા માગતો નથી. આપણા વડીલો કેવા હતા આપણા વડીલો મહાવીર રામચંદ્ર અને પ્રતાપ જેવા થઈ ગયેલ છે તો આપણે તેના સંતાનો છીએ એને જે માર્ગે તેઓ ચાલી ગયા છે તેજ માર્ગ આપણને પણ ગ્રહણ કરવો જોઈએ. આપણે આપણો સનાતન ધર્મ સ્વીકાર્યો જોઈએ. અને તે ધર્મ સ્વીકારીને ખાલી ધર્મની વાતોજ કરવાની નથી. પણ આપણે તે ધર્મના સંજોગીન અનુસાર આચરણ કરવું જોઈએ આપણા હરિશ્ચંદ્ર અને રામચંદ્ર જેવા વડવાઓ પોતે જે માર્ગે ચાલી ગયા છે તેજ માર્ગે આપણને ચાલવાનું સુચવે છે. હું ઘણા લાંબા સમય માં ગયાં વરસોથી યાર રહું છું એટલે મને અહીંનો ખાસ અનુભવ નથી છતાં પણ વડીલોના બોલવા પરથી અનુમાન કરી શકું છું કે અહીં યુવક વર્ગમાં જોઈએ તેવું જોર નથી યુવકોએ ખાસ સમજવું જોઈએ કે જ્ઞાતી નાવનું સુકાન યુવકોના હાથમાં છે. માટે એ નાવ ઉંધી વળીને ન ચાલી જાય તે માટે સુકાનીએ તો હર હમેશા જાગ્રતી માંજ રહેવું જોઈએ. આપણે આપણું વર્તન મધુમય રાખવું જોઈએ.

ત્યાર બાદ શાસ્ત્રીજીએ દાખલાઓ પ્રેમ કેવો હોવા જોઈએ વગેરે બાબતો સુંદર રીતે ચર્ચી હતી. ત્યાર બાદ કેળવણી વિષે પણ અસર કારક ચર્ચા કરેલ હતી. અને હિંદુઓનો ધર્મ શું છે તે સમજાવેલ હતું અને અબળા રક્ષણ વિષે મહારાજ જયસીંહ નું દ્રષ્ટાંત આપેલ હતું જેમાં નારી ધર્મનો પણ સમાવેશ થાય છે. તો આપણને પણ આપણો સંસારની ગાડી સાબુત રાખવામાં ગમે તેટલાં સંકટો પડે તો પણ પાછા હઠવું નહિ આટલું બોલી બેસી જવાની રજા માગું છું કારણ કે હજુ મારા પછી ઘણા ભાઈઓને બોલવાનું છે.

અસ્તુ-

આ પછી શ્રી શીવજીભાઈ કાનજી નું ભાષણ રહી ગયેલ છે તે પાના માં લખેલ છે.

KJ-BK-4-28

શ્રી. રતનશી ભાઈ ભીમજી ધીરાણી વાલિ. સમાજ – પ્રમુખ.

આથી અગાઉ બોલી ગનાર ભાઈઓના વિચારોનો જો ઉદ્ગાર માણેલ હતો આપણી જ્ઞાતિમાં કેટલી બધી ખામીઓ દૂર થઈ ગઈ છે તે આપણે આજના મેળાવડા પરથી જાણી શકીશું આપણે ઈ.સ. ૧૫૪૨ થી ૧૯૩૨ સુધી પીરાણા પંથને માનતા હતા પણ આચાર વિચાર વૈદીક ધર્મના પાળતા હતા. પરંતુ ૧૯૩૨ પછી પરંતુ વલી ભાઈ સૈયદ લોકો ખરી શંકર ભરથાર ગોરે નખત્રાણા મધ્યે કચ્છમાં આવ્યા અને ત્યારથી આપણા વર્તન માં ફેરફાર થયો. ભારને આપણે માનતા હતા તેઓને પણ રજા આપી. સૈયદો નાં આભરણ આપણા ઘરમાં ઘુસેડી દીધાં અને આ પીરાણા પંથનાં પુસ્તકોમાં પણ અરબી મુસલમાની શબ્દો અને અરબી હિંદુ શબ્દો ઘુસાડી દીધા પીરાણા પંથનાં ધર્મ પુસ્તકો જ્યાંજ હાથથી લખેલ હશે કોઈ પણ છાપેલાં હશે નહિ તેનું કારણ આવા અરબી ઉર્દુ પંથનાં પુસ્તકો કોઈ પ્રેસ વાળા પણ છાપે નહિ સૈયદોએ જો આપણા વડીલોને એમ સમજાવેલ હોત કે આ ધર્મ હિંદુ નથી તો આપણા વડીલો તેનો સ્વીકાર કદી પણ કરત નહિ પરંતુ તેમ ન સમજાવતાં ભોળી ધાપરીને આપણા ધર્મમાં મુસલમાન તત્વો ઘુસેડી દીધાં. આજે કચ્છ માં સનાતની ચાલીસ હજાર છે તે બધા આપણી જ્ઞાતિ શાખાઓ માં શંકાઓનું સમાધાન થવાથી થયેલ છે. આપણામાં વિધર્મી તત્વો આટલા બધાં વરસો સુધી ટકી રહેવા નાં કારણો ઘણાં છે એક તો કચ્છમાં કંઈ પણ સાધનો નથી. નથી કેળવણી નાં કે નથી. વધાન સભાઓ જાણવાની. આવો પંથ પરદેશ માં એક છ માસ સુધી પણ ટકાવી શકાય નહિ કારણ કે ત્યાં આપણા જ ભાઈઓના વર્તન ની છાપ આપણા પર પડે પરંતુ અહીં તો આપણે આપણા ગુજરાત કાઠીયાવાડના પાટીદાર ભાઈઓથી જુદા પડી ગયા છીએ અને તેઓના સંસર્ગમાં આવી શક્યા નથી. એટલે જ આજ સુધી આપણા સાચા ધર્મને ઓળખી શક્યા નથી. મારા ઘણા ભાઈઓને એમ લાગે છે. કે સુધારકો તો ધરમની નીંદા કરે છે પણ અમો એવા અભાગીઆ નથી કે ગંગા સ્વરૂપ જ્ઞાતી નીજ નીંદા કરીએ પરંતુ માતા કુમાર્ગે જતી હોય તો તેને અટકાવી સુમાર્ગે ચાલવા નો રસ્તુ ચનન કરવાની પુત્રની ખાસ ફરજ છે. મારાથી અગાઉ ઘણા ભાઈઓ બોલી ગયા તેમ હું પણ કહું છું કે પીરાણા પંથ હિંદુ ધર્મ છે. એમ કોઈ સાબીત કરી આપતું હોય તો હું તેનો જીંદગી ભરનો ગુલામ બની જઉં અને જો તે હિંદુ નથી. એમ અમો જાહેર કરી આપીએ તો સનાતની બંધુઓ ઓથીમાં આવો! સૈયદો તરફથી પણ કહેવામાં આવેલ છે કે અમારી જેમ બને તેમ મુસલમાન સમુદાય વધારવાની ફરજ છે. અને અમોએ તમારી ભોળી કોમ પર અજમાવી કરી.

KJ-BK-4-29

અમારી ફરજ અદા કરીએ છે. ૨૫ મી તારીખે હિંદુ મહા સભાની સભા શ્રી.
મુંબઈ મધ્યે મળશે અને તેમાં હાજરી આપવાનું મને પણ આમંત્રણ છે. તેથી
જનતાના આશીર્વાદ લેવા હોય કે ધીક્કારો ધર્મ ચુકી જતા હોય તો આશીર્વાદ આ
પીને કહે કેમ બેટા માની કુખ ઉજાળજો જ્યારે આજ મારા બંધુઓ ધર્મ
કાર્યમાં ભાગ લેતા નથી એટલે જનતાઓ તેને અટકાવવા માટે કુવે
પડવા જાય છે. ધન્ય છે આવી જનતાઓને. આમ થવાનું કારણ અજ્ઞાનતા.
આપણને ઉપદેશકો મલ્યા નથી. આપણે કોઈના ઉપદેશો ગ્રહણ કર્યા
નથી. તેથી જ આવા અજ્ઞાન વિચારો આપણને આવે છે. મારા આપ સર્વ
બંધુઓને વિનંતી કરું છું કે એ તમારે ગોળી પીવાની તમારી ટેક કાયમ રાખવી
હોય તો. તમારા ગામના તળાવની. મારી લાવેલી ગોળીઓ [illegible] પીએ તે રંગું.
પીરાણાથી આવેલ અપવિત્ર ગોળીઓ કદાપી ન પીતા. સાંભળો ગોળીનું વર્ણન.

પીરાણામાં. સૈયદોના બાર કે પાંચ શબ છે જેને જુદી જુદી જાતો.
રબારી કંસારા ~~સો~~ કોળી વગેરે માને છે. આપણી જ્ઞાતિના પીરાણા પંથીઓ
મૃતદેહને દફનાવે છે જ્યારે ત્યાંના પીરાણા પંથના અનુયાયીઓ મરનારના
મૃતદેહને અગ્નિ સંસ્કાર કરે છે. અને આપણે હિંદુ ભાઈઓ મરનાર માણસ
નાં ફૂલ એટલે કે હાડકાં. પવિત્ર જલમાં પધરાવીએ છીએ તેવી રીતે ત્યાંના
માણસો મરનારનાં હાડકાં પીરાણામાં ગંગવો કુવો છે તેમાં નાખે છે. આ ગંગ
વા કુવામાં વાસી [illegible] પાણી રહે છે. હવે ત્યાં ઇમામશાહની કબર ઉપર ~~અંબ~~
સુખડ વગેરે વસ્તુઓનો લેપ કરે છે. અને એ લેપના પર કબર ઉપર ઊગે
છે તે ઉતાર માસે. ગંગવા કુવાના પાણીથી ધોઈને ડબ્બામાં આવે છે અને
એ ધોયેલ કચરા માંથી. ગોળીઓ તૈયાર કરી કચ્છમાં દરેક ગામે મોકલા
વવામાં આવે છે. આ ગોળી આવી રીતે બને છે. તેમાં જરા પણ ખોટું છે એમ
કોઈ કહેતું હોય. તો આ સભા સમક્ષ હાજર થાય અને પોતાનું સત્ય સીધ
કરી બતાવે તો હું તેનો ગુલામ બની જઉં.

ત્યારે બોલો મારા બંધુઓ આ ગોળી કેટલી અપવિત્ર ગણાય. અને
તે આપણે. પી અને દેહને ભ્રષ્ટ કરીએ આપણને પોતાને પણ આ વાત
કેટલી શરમ જનક લાગે છે. તે તમો બધાજ સમજી શકતા હશો મેં તો જ્ઞાતિ
સેવાનો ભેખ લીધેલ છે. અને કદાચ જ્ઞાતિ સેવામાં અધવચ મેં મારું મૃત્યુ થ
શે તો પણ પ્રભુ પાસે હું એજ પ્રાર્થના કરીશ કે મને બીજો જન્મ પણ
પવિત્ર પાટીદાર જ્ઞાતીમાં આપે કે જેથી હું મારું અધુરું રહેલ સેવા કાર્ય
પૂર્ણ કરી શકું. જ્ઞાતીની સેવા કરનાર કદી પણ સુખી ~~થતા~~ તો નથી —
ગરૂડજીના અભિમાનથી દ્રષ્ટાંત — ચીચોડીનાં ઈંડાં [illegible]

KJ- BK - 4 - 30

જ્ઞાતીમાં અન્યાયો હોય તો તેનો સામનો કરવાની આપણી ફરજ છે. પાંચ
પાંડવો વતી શ્રી કૃષ્ણ ભગવાને દુર્યોધનને તેઓનો ભાગ આપવા કેટલો સમ
જાવ્યો પરંતુ જ્યારે દુર્યોધને કહ્યું સોયની અણી જેટલી પણ જમીન પાંડ
વો માટે નથી ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને પાંડવોને યુધ્ધ કરવાનું કહ્યું અને
પોતે અર્જુનના મદદરૂપી બન્યા. આપણી લડત સત્યની છે. અને પુંજ ભા
ઈના કહેવા પ્રમાણે દરેક યુવકોએ આ કાર્યમાં ઝુકાવવું જોઈએ હવે મારૂં
શરીર પણ નબળું પડતું જાય છે એટલે મને આ કાર્યમાં યુવકોના સાથની ખાસ
જરૂર છે આથી અગાઉ આપણામાં ઘણા જ્ઞાતી સુધારકો થઈ ગયા પણ તેઓના
તરફથી જ્ઞાતીને આવી સલાહો મારફતે સમજાવવામાં આવેલ નહોતું. આમા
રી પોતાની પણ કેટલીક ભુલો આજે અમોને સમજાય છે શરૂઆતમાં અમો
એ પણ જ્ઞાતીને સમજાવવાને બદલે કેવળ તેઓની નીંદા જ કરેલ છે. [illegible]
જેમ પોતાના બાળ બચ્ચાંના કાર્યમાં નીરસ થતાં નથી. તેમ આપણે પણ
આપણા કાર્યમાં કંટાળવું જોઈએ નહિ મારી બહેનોને ખાસ વિનંતી કરૂં છું
કે તમો પણ રેંટીયું એક પૈડું છે મારા બંધુઓને તમારા સાથની પણ ખાસ જરૂર છે.
જે ઘરમાં અશાંતતા અને અપવિત્રતા છે તે ઘર સ્મશાન રૂપ છે. કારણ કે ત્યાં
પ્રભુનો વાસ હોતો નથી. જો આપણને આપણા ઘરમાં પ્રભુ પધરાવવા હોય તો
આપણે નિતી અને ટેકનું પાલન કરવું જોઈએ. આપણી અશાન જ્ઞાતીમાં
નારી સન્માન પણ નથી તો પુરૂષોને પણ ભલામણ કરૂં છું કે જ્યાં સુધી નારીઓ
નું સન્માન સમજાશે નહિ ત્યાં સુધી તેણીઓ આપણને પ્રભુરૂપ ગણશે નહિ
અને જ્યાં સુધી આપણે પ્રભુરૂપ ગણાશું નહિ ત્યાં સુધી આપણા ઘરમાં
પ્રભુનો વાસ પણ થશે નહિ. એક નારીનો પતી મરણ પથારીએ હોય ત્યારે
વોજ તેની સ્ત્રી ઘરમાંથી સારી સારી વસ્તુઓનો સંગ્રહ કરે છે. અને પતી ગુજરી
જતાં તે બીજાનું ઘર દીપાવવા તત્પર રહેવાની વાત થાય છે એવા છે આવી અબળા
ઓને તેમ પુરૂષોની પણ ફુરસદ ઓછી નથી. એક બહેનનો પતી ગુજરી જાય
એટલે તરત તેણીનાં માવીત્રો બીજે ઠેકાણે આપવાનો સોદો કરી તેણીને ઉઠા
ડી જાય. સાસરાને ત્યાં આવે છે તેણીને ચાર બાળકો હોય છતાં પણ જવાની
ફરજ પાડે છે કદાચ તેણી કહે કે મારે પતીવ્રત પાળવું છે અને બીજે નથી
જવું તો બીસાં ભરૂ આગેવાનોનો જોરનેશ અરજી મડવાના ભયે તેઓ
તેણીનાં માવીત્રોને ઉંધું સમજાવે છે કે તમારી છોકરી [illegible] કરી તમારા ના
મને લાંછન લગાડશે. માટે બીજે ઠેકાણે ઘર કરાવો. એટલે તેણીનાં માવીત્રો
તેને બળજબરીથી. ત્યાંથી પોતાને ઘેર લઈ જાય છે. જ્યારે તેણીનાં સાસરાં તરફ
થી. બાળકો લઈ લેવામાં આવે છે. એ બિચારીને બહુ દુઃખ પડે છે અને.

KJ- BK- 4-31

કહે છે કે મારાં બાળકો મનેન આપો તો ભલે મહીંજ રાખો પરંતુ મને એક વખત તેને ઉભી ભરીને વધાવવા આપો તો પણ મને શાંતી વળે પરંતુ સ્વદેશી માતાઓ અને સાસરાંઓ તેમ પણ કરવા આપતાં નથી અને બીચારીને રડતી કકળતી લઈ જઈને બીજે ઠેકાણે પરણાવે છે. કેટલી બધી અધમતા. આથી વધારે શું હોય. આપણા માં આટલી બધી નીમતા હોય તો પછી નારીઓ કયાંથી માને કે પતી અમારા પરમેશ્વર છે. દૃષ્ટાંત-બરફ તણા ઉગત. બાળપણ નાં કુંકુંજનું-

આપણી પવીત્ર જ્ઞાતીમાં ભુલો તો ઘણી છે. પરંતુ જનરલ મીટીંગ માં એ ભુલો અર્પવાનું હું યોગ્ય માનતો નથી. આપણી જ્ઞાતી ને સત્સંગની પણ ખાસ જરૂર. આપણી સભા જેવી સભા અગાઉ કદી પણ થયેલ નથી-કથા વાર્તાઓ ન. સાંભળેલું ગ્રહણ કરવા ઉચીત. દૃષ્ટાંત પતીને પ્રભુ તુલ્ય માનવા ઉચીત. આજ્ઞામાં રહેવા ઉચીત. બ્રહ્મચર્ય ગ્રહણ કરવા ઉચીત.

સંતાનો માં સંસ્કાર રેડવાનું કામ સ્ત્રીઓનું છે. તો મારી માતાઓ પોતાના બાળકો કે જે ભવિષ્યના વારસો ને સારું જ્ઞાન આપશે એવી વીનંતી કરું છું.

ત્યાર બાદ યુવક વર્ગને આપણા આ કાર્ય માં દૃઢ નિશ્ચય રાખવા ઉચીત ભલામણ કરેલ હતી. અને સચોટ દાખલાઓ આપેલ હતા. પછી પોતાને સ્થાને બેસી ગયા હતા.

શ્રી. રણમલ માવજી ઉખરડા વાળા.

આવતી કાલે અત્રે શ્રી. ભગવાન લક્ષ્મી નારાયણ પાન મૂર્તિ ની. પ્રતીષ્ઠા થાય છે. તેવીજ રીતે આજ થી ૭ થી ૮ દિવસ પછી એટલે કે વૈશાખ વદી ૭ અથવા ૮ ના રોજે અમારે અમારા ગામ ઉખરડામાં પણ પાન મૂર્તિની પ્રતીષ્ઠા કરવાની છે તો. આપણા સમાજના ભાઈઓ જેમ અત્રે પધારેલ છે તેમ તે વખતે અમારે ત્યાં પણ પધારી અમારા ગામની શોભા વધારશો એવી. વીનંતી કરું છું

શ્રી. પુંજાભાઈ ખેતસી.

શાસ્ત્રોકત સચોટ દાખલા આપેલ હતા તથા એક ગીત ગવડાવેલ હતું.

શ્રી. મુળજીભાઈ શીવજી મોગિડીવાળા.

આવતી કાલે આપણે આપણું કાર્ય સવારમાં વહેલું શરૂ કરશું એવી. આપ સર્વે ભાઈઓ સમક્ષ દરખાસ્ત મુકું છું. કારણ કે ભગવાન પધરાવવા નું મુહુર્ત સવાર માં વહેલું છે

KJ-BK-4-32

શ્રી. શીવજી ભાઈ કાનજી પારસીઆ નેત્રાણા.

મેંભડી જેવાં ગામમાં આવી જાહેરસભા રેવા બદલ. આનંદ વ્યક્ત કરેલ હતો કહેવત છે કે શીવાજી ન હોત તો હિંદુસ્તાનમાં હિંદુ નું નામ નિશાન પણ રહેતજ નહિ તેથીજ રીતે આપણી જ્ઞાતિમાંપણ આપણા વડીલો કે જેઓ સવારમાં ઉઠતાં વેંતજ અલ્લાનું નામ લેતા. તેથી એ પણ આજે સમાજ ને તન મન અને ધનથી સેવા આપી રહેલ છે મારા સનાતની ભાઈઓને વિનંતી છે કે આપણે આપણું ધર્મનું સ્થાન બનાવી. આપણાં આભરણોની ઉપર ઘર છાપ પાડો મેને ગણા યુવકો પાસેથી જાણવા મળે છે કે અમોને અમારા માબાપો તરફથી ખુબ દબાણ કરવામાં આવે છે તો મારી માતાઓને મારી ખાસ વીનંતી છે કે તમો તમારા સંતાનોને કુમાર્ગે જતા જરૂર અટકાવો પરંતુ ધર્મ જેવા સારાં કાર્યમાં ભાગ લેતા હોય તો અટકાવો નહિ પરંતુ તેમાં જવાની સુમના કરો. કે જેથી આપણા સનાતન ધર્મનો ફેલાવો કર. મહારાણા રાજસિંહ નું દ્રષ્ટાંત માતા ધર્મનો સમોટ પુરાવો. ધર્મના સ્થાન નું નામ ફરી પાછું જાહેર લાવવામાં આવતું નથી જ્યારે આપણા પીરાણા પંથીના દેવળ નું નામ અત્યારે ત્રીજું ચાલે છે. શરૂઆતમાં ખાનું નામ હતું પછી જગ્યા નામ થયું અને હવે જ્યોતિર્ધામ થયું. કહો ત્યારે આપણને આપણા દેવળના નામમાં ફેર ફાર કરવાની શું જરૂર છે એ ને સમય અનુસાર નામની ફેર ફાર થાય છે તો પછી તેની અંદર ના વ્યવસ્થામાં પણ ફેર ફાર સમાટે ન હોય કોઈ એ આ ગામમાં સનાતની ભાઈઓ થોડા છે. છતાં પણ પ્રભુ પોતાનાં કાર્ય પોતે કરશે માટે આપણે આ કાર્ય નિડરપણે કર્યે જવું. આપણો સનાતની ઝંડો અમર રાખવામાં આપણ ને ગમે તેટલાં સંકટો પડે તો પણ સહન કરવાનો આપણો ધર્મ છે. આટલું બોલી બેસી જવાની રજા લઉં છું.

શ્રી. રતનશી ભીમજી ધોળાણી.

આપ સર્વે ભાઈઓને એક આનંદનો સમાચાર આપવાનો છે અને તે એજ કે આ ગામમાં ભગવાન ની મંદીર ની સ્થાપના કરનાર સ્વર્ગવાસી શ્રી યુત નારાણ ભાઈ શીવજી વાગડીઆ છે. તેઓએ મારી રૂબરૂ પ્રતીજ્ઞાઓ કરેલ કે મને મારા ગામ માં ભગવાનની મૂર્તિનું પ્રતીષ્ઠા કાર્ય મારા હાથેજ કરવું છે પરંતુ તે ભાઈની જીવન સફર ટુંકી હોતાં તેઓ

KJ-BK-4-33

આ કાર્ય પોતાને હાથે કરી શક્યા નથી. પરંતુ તેઓની પ્રતીષ્ઠા આપની કોલેજ આપણે પૂર્ણ કરવાના છીએ ત્યારે તેમના અમર આત્માને કેટલી શાંતી થશે. અને આ કાર્ય કરનાર ભાઈઓને તેઓ કેટલા ઉંચા શુભાશિર્વાદો આપશે. આપણે આપની કોલે. પ્રતીષ્ઠા કાર્ય તેઓની અત્રે હાજરી છે એમ માની ને કરવાનું છે એ વીરનર સ્વર્ગવાસી થયા છે છતાં પણ અમર છે ધન્ય છે આવા નરરત્ન પેદા કરનાર જનેતાઓ ને. આપની કોલે પ્રતીષ્ઠા કાર્ય પહેલા ઓગાડીએ હાથે આપણે ઉંચા ભાઈઓ સપાર માં ગાવાગે રોતલ પાણી કરી ન્હાઈ ધોઈ આવી જશું એમ ઇચ્છું છું એ આપણે એમ માનીએ કે બોંભડી માં સ્નાનજ દાર સનાતની નાંઇ છે તો આપણી મોટી ભૂલ છે.

અસ્તુ

સમાપ્ત સમય-૧ા વાગે રાતના.

પ્રમુખની સહી.
પટેલ-પરબત લખૂ

બોંભડી. તા.૧૬-૫-૭૬
સવારના ૭ા વાગથી. ૧૨ વાગ્યા સુધી થયેલ.

કામ કાજ નોંધ.

સવારના તા વાગે ઉપાજ ભાઈઓ સભા મંડપ માં આવી ગયેલ હતા. વાલીન્ટીયરો એ જયનાદ પોકાર્યા હતા. શ્રી. પ્રમુખ સાહેબે સુચના આપી કે આપણા માંથી કોઈ એમ ન સમજે કે અમો મેમાન તરીકે આવેલ છીએ પરંતુ અહીંના વતની સમજ નો કાર્ય કરતા રહેવું.

જાહેર સભા

સમય - ૯થી ૧૨ સવારના.

પ્રમુખની દરખાસ્ત મુકનાર શ્રી. મુલજીભાઈ શીવજી બોંભડી.
ટેકો આપનાર. શ્રી શીવજીભાઈ કાનજી નખત્રાણા
પ્રમુખ-: શ્રી. પરબત ભાઈ લખુ મોથાળ.

પ્રમુખ —:

આજનું પ્રમુખ સ્થાન ખરેખર અહીંના વતની ભાઈએ સ્વીકારવું જોઈએ એ છતાં પણ કોઈ તૈયાર ન હોતાં પ્રમુખ સ્થાન મને આપવામાં આવેલ છે

KJ-BK-4-34

તો હું તેનો સ્વીકાર કરી મારૂં સ્થાન લઉં છું.

શ્રી. રતનશીભાઈ જીમજી વીશાણી.

આજે આપણને કાર્ય ઘણાં કરવાનાં છે અને સમય થોડો રહેલ છે. સભા માટે ઘણા ભાઈઓને હોંશ હશે પણ સમયના અભાવે આજે સભા થઈ શકે તેમ નથી. આપણે આપણું કાર્ય ઝડપથી કરતા જઈશું એમ ઈચ્છું છું. આપણી જ્ઞાતિનાં લગભગ ૨૩ મંદિરો આજી અગાઉ થઈ ગયેલ છે. અને પાંચ મંદીરો અત્યારે પણ તૈયાર છે. આથી પણ જણાઈ આવે છે કે આપણામાં કેટલી જાગ્રતી આવી ગયેલ છે. આ ગામમાં સનાતની ભાઈઓનાં કુલ સાત જ ઘર છે તો આપણે આપણી ફરજ સમજીને એ ભાઈઓને ત્રણ જાતની સેવા આપશું એમ ઈચ્છીએ છીએ કહેવત છે કે પંચકી લકડી એકકા બોજ તો આપણે તેઓને પુરતી સહાયતા આપશું એમ ઈચ્છું છું હવે ભગવાનને પધરાવવાનું કાર્ય કરવાનું છે તો તમો સર્વે ભાઈઓ યથા શક્તિ ફાળો આપશો એવી આશા રાખું છું — કાર્યક્રમ -

મંદીરનું ઈંડું ચડાવનાર.

૭૫૧) મુળજીભાઈ શીવજી વાસાણી ખોંભડી વાળા.

ધજા ચડાવનાર.

૪૫૧) લધાભાઈ મેઘજી ~~વીશાણી વાળા~~. રસલીઆ વાળા

મુર્તિ પધરાવનાર

૮૫૧) ~~મુર્તિ પધરાવનાર વિશ્રામભાઈ રામજી ખીરસરા વાળા~~ શ્રી. રતનશીભાઈ જીમજી વાંઢ ... વાળા.

ગણપતિ પધરાવનાર.

૪૫૧) વિશ્રામભાઈ રામજી ખીરસરા વાળા.

ભગવાનનો હાર ૧ લો.

૪૦૧) મેઘજી લખમશી વીશાણી વાળા.

" " હાર ૨ જો

૧૦૧) વાલજી ભાણજી વાડીઆ માધવકુંપા (ગુજરાત)

" " હાર ૩ જો

૨૦૧) કાનજી વીરજી નાકરાણી વીશાણી વાળા

લક્ષ્મીજીનો હાર ૧ લો

૨૫૧) વિશરામ રામજી નાં માતાજી પુરબાઈ ખીરસરા વાળા.

હાર ૨ જો.

૫૧) કેસરબાઈ (રતનશી જીમજી નાં બ્હેન) વીશાણી વાળા.

KJ- BK-4-35

લ. હાર ૩ જો.

૫૧) નથુભાઈ પ્રેમજી મથલવાલા.

ભગવાનની આરતી ૧

૨૫૧) વાલજી ભાણજી વાડીઆ માધવકુંપા. (ગુજરાત)

આરતી. ૨ જી

૨૦૧) કાનજી વાલજી ભાવાણી મથલ (હાલે મોતીસરી ગુજરાત.)

આરતી ૩ જી

૧૫૧) રૈયા ખીમજી નાકરાણી નેત્રાવાલા (હાલે સદાતપુર)

મહાવીર ની મૂર્તિ પધરાવનાર

૨૦૧) વિશ્રામ લધા રસલીઆ.

ચમર ઢાળનાર.

૨૫૧) નાનજી હરજી ધારીઆણી કોટડા (જડોદર)

ભગવાનને પ્રસાદ ચડાવનાર.

૧૫૧) વાલજી ભાઈ લધુ ઉખરડા વાલા.

૪૮૬૬)

KJ-BK-4-36

|ૐ|

ઉખરડા.

ભગવાન લક્ષ્મીનારાયણ પાન મુર્તિ પ્રતિષ્ઠા. વખતે થયેલ કાર્ય ક્રમ નો. નોંધ.

KJ-BK-4-37

ૐ ઉખરડા તા. ૨૧-૫-૭૫.

જાહેર મીટીંગ. સમય:— ૮ થી ૧૧ રાતના.

પ્રમુખની દરખાસ્ત મુકનાર:— શ્રી મુળજી ભાઈ શીવજી ખોંભડી વાલા

ટેકો આપનાર:— „ માવજી ભાઈ ધનજી નખત્રાણા વાલા.

પ્રમુખ:— „ માવજી ભાઈ નાનજી ઉખરડા વાલા.

માવજી ભાઈ ધનજી નખત્રાણા.

આપણે બધા અહીં ભેગા થવાનું કારણ જણાવ્યું હતું અને વોલીન્ટીઅરોની શું ફરજ છે તે સમજાવેલ હતું. ત્યાર બાદ નીચે મુજબ વોલીન્ટીઅરોની કાર્ય વેંચણી કરી બતાવેલ હતી. ૧- રસોડા ખાતે- ઉખરડાના જણ ૧૮ * ૨- મંદીર ની ઓરડી કરનાર વીશાણી તથા નખત્રાણાના વોલીન્ટીઅર ભાઈઓ ૩-: આવનાર ભાઈઓની સ્વાગતા કરનાર-: ખોંભડી તથા કોટડા ના ભાઈઓ- તેમની મદદ માં કાદીઆયની ટુકડી કામ કરે- આ પ્રમાણે કાર્યની વેંચણી કરી. ને કહ્યું હતું કે કોઈ પણ ભાઈઓને મુંઝવણ ઉભી થાય નહિ આપણી યુવકોની ફરજ સેવા કરવાની છે. શાંતિથી સમજવી ખોટી તકરારો થવા દેવી નહિ પોતાના કાર્ય દરમ્યાન કદાચ દુખ પડે તો પણ સહન કરી લેવું વિશેષમાં સનાતન ધર્મ વિષે તથા કેળવણી વિષે સારી ચર્ચા કરી હતી અને આપણે નાનાં મોટાં દરેક ગામોમાં સ્કુલો ખોલી આપણી ભાવિ પ્રજાને ~~સ~~ સારસ શિક્ષણ આપવા સમજાવેલ હતું. જો કોઈ ગામના ભાઈઓને પોતાના ગામની સ્કુલ માટે થોડી ઘણી ધનની મદદ જોઈતી હશે તો પણ આ અમારો મુંબઈ સમાજ કરશે એમ જણાવેલ હતું વિશેષ માં આપણી અજ્ઞાનતા વિષે કાદીઆયના બેપારી નો અનુભવ વિષે દાખલો આપેલ હતો.

રણમલ માવજી ઉખરડા.

વોલીન્ટીઅર ભાઈઓ જે સેવા આપી રહેલ હતા તે બાબત આભાર માનેલ હતો. તથા શાંતિ જાળવા વિષે સુંદર વિવેચન કરેલ હતું. ક્ષમા વિષે બાળક અને મહારાજનો દાખલો આપેલ હતો. જેમ દેહનું ભૂષણ વસ્ત્રો છે તેમ વીરનું ભૂષણ ક્ષમા છે ક્ષમા એજ આપણું કર્તવ્ય માનવું

રતનસી નારાણ ખોંભડી વાલા.

આજની સભા જોઈ આનંદ વ્યક્ત કરેલ હતો. અત્યારે આપણી જ્ઞાતીમાં ગામે ગામ અને ઘરેઘર જાગ્રતી આવી ગયેલ છે તેનું કારણ ઈશ્વરની જ પ્રેરણા છે દરેક ઠેકાણે આપણું કાર્ય દિનપ્રતિદિન વધતું જાય છે તે ઈશ્વર ની સહાયતા થી જ થાય છે. વિશેષમાં આવનાર ભાઈઓને જણાવેલ હતું કે આપણે અહીં આનંદ કરવા આવેલ નથી પરંતુ સેવા કરવા આવેલ છીએ તો સર્વે યથા શક્તિ સેવા કરશું એમ જણાવેલ હતું.

KJ- BK- 4- 38

આપણી જ્ઞાતિમાં હજુ ઘણા ભાઈઓ અજ્ઞાનતામાં ઘોરે છે ત્યાં સુધી આપણને જંપીને બેસવાનું નથી. આપણી ફરજ શ્રી માવજી ભાઈ સમજાવી ગયા છે. તે પ્રમાણે વર્તન રાખવાનું સુચવેલ હતું. વિશેષમાં આપણો ઈતિહાસ શું કહે છે. અને આપણે કોણ છીએ તે સમજાવેલ હતું. તથા આપણે આપણા ધર્મ ક્યારથી ભુલ્યા અને ક્યાં સુધી તે પણ સમજાવેલ હતું. વિશેષમાં પીરાણાપંથીઓના ગુરૂ ઈમામશા શું ભોળી ગયા છે તે સમજાવેલ હતું. આપણી જ્ઞાતીમાં અમુક પીરાણા પંથી આગેવાનો પીરાણા પંથી નહિ પણ અમુક પંથી એટલે કે પૈસાના ભુખ્યા છે. પૈસા એજ તેઓનું પીરાણું અને ધર્મ છે. અને ધર્મ દ્વારા પૈસાનો ગેરઉપયોગ એજ તેઓનો ધર્મ કર્યો છે જે આજે આપણે નજરે નિહાળી રહેલ છીએ. આપણને ગણા ભોળા ભાળા કહીને સંબોધે છે તેનું કારણ આપણી જ્ઞાતિમાં ભગારામ નામના એક મહાન પંડિત થઈ ગયા છે. જેમણે પોતાની વિધાબહલ. ૩૦૦ આંક મેળવેલ હતા. વિગેરે બોલી પોતાને સ્થાને બેસી ગયા હતા.

મહારાજ શ્રી. દયાલ દાસજી.

આથી પહેલાં બોલી જનાર ભાઈઓને અનુમોદન આપતાં જણાવેલ હતું કે આપણને આગે કુચ કરવાની છે. આપણે કંઈ ધર્મમાં ફેરો કરતા નથી. ગઈ વસ્તુ હાથ કરીએ છીએ ભુલી ગયેલ ધર્મનો અંગીકાર કરીએ છીએ આપણી રગેરગમાં હિન્દુત્વ ભરેલું છે ધર્મ તથા દેશને માટે ઘણા લોકોએ પોતાના બલીદાન અર્પી દીધેલ છે જેઓનાં અમર નામ હજુ પણ ઈતિહાસે વંચાય છે જ્યારે આપણું કાર્ય તો નિર્વિઘ્ને થતું જાય છે. તો તે કાર્યમાં જોડાવાની આપણી બધાની ખાસ ફરજ છે પ્રભુને આપણે પથ્થર મંદિરમાં નહિ પરંતુ આપણા હ્રદય મંદિરમાં પધરાવી હ્રદયને મંદીર જેવું પવિત્ર રાખશું ત્યારે જ આપણે સનાતની કહેવાશું. વીગેરે ધાર્મિક વિષયો ચર્ચી બેસી ગયા હતા.

શ્રી. રતનસીં ભાઈ ખીમજી વીરાણી. વાળા.

આપણે અહીં સેવા કરવા આવેલ છીએ અને સેવા એજ આપણું કર્તવ્ય સમજશું તો જ કાર્ય થઈ શકશે. આ કાર્યમાં યુવકોની ખાસ જરૂર છે. માટે યુવક ભાઈઓ સુંદર ફાળો આપશે એમ ઈચ્છું છું સ્વયંસેવકોને ખાસ સુચના કરૂં છું કે આપણી ફરજ પટ્ટા પહેરીને બેસી રહેવાની નથી પણ નાનામાં નાના અને રંકમાં રંક માણસ હોય તેની પણ સેવા કરવી. અત્રે પધારેલ ભાઈઓ આપણાં માતા અને પીતા ગણવાનાં. આપણી જ્ઞાતીમાં આટલી બધી જાગૃતી આવેલ છે તેમાં રા જેવા ભાઈઓની સેવાથીજ તમારી જ્ઞાતીમાં નાનામાં નાના બાળકની પણ તમે સેવા કરજો સેવા શબ્દ બહુજ ગહન. બોલી બહુ સહેલ છે પણ તે કરવાનું ભાગ્ય કોઈકને જ પ્રાપ્ત થાય છે. તમારી ટુકડીઓ જુદે જુદે ગામથી આવેલી છે

KJ-BK-4-39

પરંતુ તમારામાં કુસંપ એકે છે. અને સર્વે એકે થીએ એમ સમજુ ને
કામ કરીએ આપણું આ કાર્ય આરતી ઝડપથી આગળ વધવાનું કારણ
આપણી અડગ સેવા જ છે. ઓગણીસમાં શરૂઆતમાં સનાતની ભાઈઓના
૭ ઘર હતાં જ્યારે આજે પૃથ્વી પર ઘર ઊભાં થવા માંગે છે તેનું કારણ આપ
ણી નીસ્વાર્થ સેવા છે. આપણે આપણાં જુના મતનાં અજ્ઞાન ભાઈ બહે
નોને આપણી સેવાથી જરૂર વશ કરી શકીશું. ઊણ જીવારીથી કોઈ માને નહિ પણ
પ્રેમથી ઊંધી જ માને છે. આપણે પણ એક પંથમાં હતા પરંતુ પ્રભુએ જેમ આપ
ણને પ્રેરણા કરી છે તેમ ઊંધાને પ્રેરણા કરશે. ચાર દિવસ મોડા કે વહેલા પણ
એ પાપી પંથનો ત્યાગ તો કરશે જ. આંબાજીના અનુભવ સાંભળાવે કહી જતા
હતા હતો. અને ઊંધા જ ભાઈઓને જણાવેલ હતું કે તમારા પૈસાના કુંડ કિંમત
આંકો તમારી ધર્માદા રકમ તમારા જ ભાઈઓને પાછા પાડવામાં ખર્ચનારાઓ
નહિ. સેવાભાવે આપણને કેવી રીતે પોતાની જાળમાં ફસાવ્યા હતા તે કહી
બતાવ્યું હતું. તથા ધર્મના કામમાં ઊંધાઓ એક થઈ રહેવા સમજાવેલ હતું.
આપણામાં સંગઠન હશે તો આપણાં દરેક કાર્યો સફળ થશે. પીતા પુત્રવચ્ચે
પ્રેમ કેવો હોવો જોઈએ તે વિષે રામ અને દશરથનું દૃષ્ટાંત આપેલ હતું.
જ્યારે આપણામાં આજે માપિતા અને સંતાનો વચ્ચે કેવો પ્રેમ છે તે કહી બતાવ્યું
હતું. આપણને ભાષણો કરવામાં કોઈ પણ આડા આવી શકે તેમ નથી છતાં
પણ તે માટે આપણી ધર્માદા રકમમાંથી દબાવે કેટલીઆ ધુમાડો થાય છે તેમજ
અફસોસ થાય છે. કચ્છમાં ગરીબોના પૈસા લુંટનાર અમુક ટોળી છે અને
તે આપણી ભાવાળુ સાતને લુંટી જાય છે છતાં પણ તેઓ પાસેથી જ્યાબ
લેવા જેટલી શકતી પૈસા આપનાર માંથી કોઈની નથી તેથી અફસોસ થાય છે.
મારાં ભાઈ બહેનોને ખાસ વિનંતી છે કે આપણી ખાસ સભાનો આવતી કાલે
રાખવાના છે તો આપ સર્વે જરૂર પધારશો. એવી આશા રાખું છું મારી બહેનો
ને ખાસ વિનંતી કરું છું કે તમો તમારે ધર્મ કદાપી મુકશો નહિ ધર્મનું કાર્ય
પુરૂ સાચવતાં સ્ત્રીઓ વધારે સરળતાથી સાધી શકે છે. આજે સમાજનું કાર્ય
પુરજોસથી ચાલી રહેલ છે તે કદાપી પાછું પડવાનું નથી અને પડશે પણ નહિ
પ્રભુને મંદીરમાં પધરાવો ત્યારે પ્રતિજ્ઞાઓ લેજો કે પુરૂષો કદાચ ધર્મ મુકશે તો
તેઓને પણ મુકવા દેશું નહિં. સ્ત્રીઓના મહત્વ વીષે આપણને કોઈ કંઈ વચન
બોલે તો. માઠું લગાડવું નહિ વાલીનીઓએ ને બે દિવસ રસુધી. પોતાના કોઈન
ને પોતાનો માલીક સમજુ ને તેમની. આજ્ઞા પાળવા નું સમજાવેલ હતું.
અને ગામમાં દરેક ભાઈ બહેનો એકમતે કાર્ય કરશું એમ જણાવેલ હતું.

અપૂર્ણ

KJ-BK-4-40

શ્રી પ્રેમજી માવજી ઉમરડા વાળા.

આજે ઉપરોક્ત ભાઈઓએ સેવા કરી રહેલ છે તેઓનો આભાર માનેલ હતો.

શ્રી મુળજીભાઈ શીવજી ખોંભડી વાળા.

આપણે આપણી ફરજ બરાબર સમજી ગયેલ હશું. આ જરૂરતાં આવતી કાલે આપણા બંધુઓ વધારે પ્રમાણમાં આવશે તો આપણે આપણી ફરજ બજાવવામાં જરાપણ ઢીલ કરીશું નહિ. આપણે જે ગામમાં કામ કરતા હોઈએ તે જ ગામના સમજુને સેવા કાર્ય કરવું. અમારા ગામ ખોંભડીમાં આજે વીસ વરસથી સનાતની ભાઈઓના સાતજ ઘર હતાં જ્યાં તમારી સેવાથી આપને પરમાત્માથી લગભગ. પણ ઘર વધશે એવી આશા છે. આ વાણી સમસ્ત જ્ઞાતિ ઓઈંડાર ઉપરસમાં જરૂર સુધારા પર આવી જશે. આ વખતે દરેક ભાઈઓ પર માયાળુ દ્રષ્ટી રાખવી. હવે સમય ઘણો વ્યતીત થયો છે તથા આવનાર બંધુઓને થાક પણ લાગ્યો હશે. એટલે આજની સભા સમાપ્ત કરીએ છીએ કે જેથી આવતી કાલની સભામાં વધારે સુંદર નાટકી કાર્ય થઈ શકે. ==ા- સભામાં આશરે ૭૦૦ માણસોની હાજરી હતી.

સમાપ્ત

સમય-૧૨ વાગે રાતના.

પ્રમુખની. સહી. પા. માવજી નાનજી ની.

તા. ૨૨ — ૫ — ૪૬.

આજે સવારથી સાંજ સુધી મંદીરનાં નાકાં આગળ કુંડ વગેરે બાંધવામાં આવેલ મૂર્તિનો જલયાત્રા કરાવવા વાજતે ગાજતે ઈ. ભાઈઓ ગયેલ હતા. સાંજના ૪ વાગે આવનાર ભાઈઓનાં સામૈયાં કરવામાં આવેલ હતાં. આજે સવારમાં લગભગ ૧૦ વાગે અહીંના પીરાણા પંથીઓના ધર્મના ખાનામાં થયેલ માંસાહારનો રોમાંચક કીસો હાથમાં આવેલ હતો જાહેર બોર્ડમાં લખેલ છે કે હિંદુ સિવાય કોઈને અંદર દાખલ થવું નહિ જ્યારે અંદર મુસ્લીમ અમલદારો માંસનો આહાર કરે ~~[illegible]~~ આથી અહીં હિંદુ પંથને લ્યાનત આપવાનું છે. સાંજે ૮ વાગે ભોજન કાર્યથી નિવૃત થઈ સભા કાર્ય શરૂ કરવામાં આવેલ હતું.

KJ-BK-4-41

જાહેર સભા. ઉખરડા તા. ૨૨-૫-૪૬.

સમય. રા. ધી. ૧૦ રાતના.

પ્રમુખની દરખાસ્ત મુકનાર - શ્રી મુળજી ભાઈ શીવજી ભાઈ ગોલકી.

ટેકો આપનાર — શ્રી માવજી ભાઈ ધનજી ભાઈ નાગાણી.

પ્રમુખ — શ્રીયુત વાલજીભાઈ લાલજી ભાઈ ઉખરડાવાળા.

મુળજી ભાઈ શીવજી ગોલકીવાળા પ્રમુખ વતી

આપ સર્વ ભાઈઓએ આજની સભાના પ્રમુખ તરીકે મારી ચુંટણી કરી છે. હું પ્રમુખ સ્થાન માટે યોગ્ય નથી છતાં પણ આપ ભાઈઓએ ફરજ પાડી છે તો હું મારૂં સ્થાન સંભાળું છું ને બોલનાર ભાઈઓને બોલતા સાંભળનારાઓ ગ્રહણ કરશે એવી વીનંતી કરૂં છું.

શ્રી મહારાજ દયાલદાસજી. વાંઢાય.

મંગલાચરણ જય નાદ.

આજની મીટીંગમાં શ્રીમાન રતનશીભાઈએ ધાર્મિક બાબદ રે તેમ ભણવાનું મારા ઉપર રાખેલ હતું તો હું કાંઈ બોલતો નથી કે ધ્યાનમાં રાત્રે શ્રીયુત લેહેરલાલભાઈ જેવા પ્રેમ વક્તાઓ છે તે તમોને ધાર્મિક વિષયો સમજાવશે એવી આશા રાખું છું. હું મારી બુદ્ધી અનુસાર જે બોલું તેમાં ભુલ ચુક થાય તો ક્ષમા માગું છું. આપણે આપણી ઉન્નતિ પ્રેમ અને સંગઠન વગર કરી શકશું નહી. તેથી પ્રેમ અને સંગઠન વધારવાની કળા એમાં ભેદ નહી આનંદ થાય છે. આપણે આપણી જાતે પ્રભુને પ્રાર્થના કરવી તેઓની પાસેથી. એજ માગવાનું છે કે અમોને પ્રેમ અને સંગઠન આપ. આજે આપણામાં વાડા બંધીથી મારૂં મન દુઃખાય છે. આપણા ધર્મ પ્રેમ અને સંગઠન વધારવું અને તેમ કરવાથીજ આપણે આપણું કર્મ કરી શકશું. આટલું બોલી પોતાનું સ્થાન સંભાળ્યું હતું. જય નાદ—

માવજી ધનજી નાગાણી

આપણે શામાટે આટલાં બધાં જેવો એક જ વખતે ભેગા થઈએ છીએ. આ જાત ભાઈ છે અને આ ભાઈ આ સમાજ જુઓ તેઓ આ જાતી બોલેલ હોય. અત્યારે મારા લોકોમાં ભરૂ પેસા તુટે છે કેમ કે શામના પૈસા ઉપયોગ કરી આપે છે. આપણું આ કાર્ય સત્ય છે. અને દરેકને પ્રેમ જરૂર તે દિવસ આપણે પોતાના પંથીઓને બુજાવવાની કરવા છતાં પણ સમજતા નથી ખબર જ્યારે સમજે ત્યારે થાય. પ્રમુખશ્રી જેવાની વીનંતી પણ તેઓએ સ્વીકારી નથી તેઓમાં સત્યની ખબર જોવાથી. આપણી ઓથી આશા રાખી કે આપણા વડીલો આવા ઝઘડા રહેવા નહી દેય.

KJ-BK-4-42

આજે શ્રીમાન રતનશી ભાઈ મહીના શ્રીયુત રૈયા ભાઈને ઘેર ભેગા થયા ત્યારે તેઓનાં માતુશ્રી તરફથી જે પુષ્પ સમાન શબ્દો સાંભળાવવામાં આવેલ છે તેઓ લતાં પણ મને શરમ પાવું છે આવીએ રસ્તો ભુલે તો બાળકના સામો રસ્તો બતાવવાનો ફરજ નથી? અલબત્ત છે જ. ~~[illegible]~~ ઉખરડા ના ખાનાંમાં પડેલ. આપણી જ્ઞાતીની અધોગતી. કરનાર શેમાં ગડ ઢીસ્સો મર્મો બતાવવામાં આવેલ હતો. થયેલ રિપોર્ટની નકલ વાંચી સંભળાવેલ હતી.

જો આપણાજ આગેવાનો આવાં કૃત્યો કરાવતા ફેરતા ફિરે. અધીમ કરે વાધ્ય આમા કરતાં તો હિંદુ અગર મુસ્લીમ એક ધર્મ સ્વીકારવો સારો ઉપરોક્ત બાબત પરથી. આપ સર્વે ખ્યાલ કરી શકશો કે આપણી જ્ઞાતિ કેટલી બધી અધોગતીએ પહોંચી ગયેલ છે. અત્રે લગભગ આજુબાજુ ગામના ભાઈઓ હાજર છે. જ્યારે આ ગામના જ ભાઈઓ ઘેર બેસી રહે તો સારૂં નગણાય. આપણે એ લોકો ને પગે લાગીએ છીએ છતાં પણ એ ભાઈઓ ને હજુ સુધી ગણેપાત ઉપરથી નથી. આવાં કૃત્યો કરવા બદલ સુગના નહિ કરે એવો આ ભાગીયા કોણ હોય. આપણે ધર્મ આપણે પોતાનેજ ખોળખવો જોઈએ. જો આપણે આપણી ફરજ સમજશું તો જ પ્રભુને જોઈ શકીશું. આપણને સંયમ કેળવવો જોઈએ પરંતુ આપણામાં કેળવણી બીલકુલ નથી. તો પછી સંયમ ક્યાંથી જાળવી શકીએ. પોતાની કેળવણી લીધે થઈને. તોઆ જમાનામાં આપણાં બાળકોને કેવી કેળવણી ની જરૂર છે તે સમજાવેલ હતું. આપણા માં આવેલ આ મગ્નતી હવે કોઈથી છુપશે નહિ બલ્કે દીન પ્રતિદીન ઉન્નતી સાધતી રહેશે. આપણો સમાજ ઘણા વખત ગોથાં ખાઈ ગયેલ છે. પરંતુ હવે કોઈથી છેતરાશે નહિ વિશેષમાં જણાવેલ હતું કે આપણાં બાળકો માટે ગામોગામ કેળવણી કેમ્પો ખોલી જે ગામડામાં સ્કુલો ચલાવવાની ની શક્તિ નહિ હોય તો મુંબઈ નાગપુર વગેરે ઠેકાણે સમાજ ~~[illegible]~~ છે. તે તરફથી ઘણા ધનનો મદદ મળતી રહેશે આપણે હવે શ્રી. ઉમર લાલ. ખુબ સમજાવશે. એ એક ખુશીની વાત છે. આટલું બોલી. મારૂં સ્થાન સંભાળી લઉં છું.

દેવશી કાનજી ભગત દેવપર

આજનો ઉત્સવ જોઈ આનંદ થાય છે. આપણે આજે અલૌકિક વસ્તુ પાછળ ભેળવા રહેલ છીએ ધર્મ ક્યાં છે સંપ માં સંપ નથી ત્યાં ધર્મ નથી. કહેવત છે કે પાંચ સંપે તો ગામ કંપે અને ગામ સંપે તો રાજ કંપે જો પાંચ ભાઈઓ માં સંપ હોય તો આખું ગામ પણ તેને કંઈ કરી શકતું નથી અને ગામમાં સંપ હોય તો રાજપણ કંઈ કરી

KJ-BK-4-43

શકે નહિ તો આપણને અરસપરસ સંપ રાખવો અને તેવો સંપ મારા સમાજના ભાઈઓમાં જોઈ આનંદ અનુભવું છું આપણા વડીલો નરપશુ અને ગુરૂપશુ હતા. તેનો અર્થ એકે નરપશુ કોણ કે બીજાની વાત સાર અસાર જોયા વગર સાચી માની લેવે અને ગુરૂ પશું એકે જે માણસના ગુણ અવગુણ જોયા વગર ગુરૂ માની લે. આ બને અવગુણો આપણા અજ્ઞાન વડીલોમાં હતા અને આજ લગી પણ કેટલાક અજ્ઞાન ભાઈઓમાં જોવામાં આવે છે દ્રષ્ટાંત — મહાત્મા અને વેશ્યાનું.

તો આપણે પણ આપણો ધર્માંધ પૈસો ફેંકે દેતા હો આપવો તેનો વિચાર કરવો જોઈએ. દ્રષ્ટાંત પાગલ વીશે — તો આપણે પણ પાગલ જેવા માણસને ઉપદેશ દેવો નકામો છે કારણ કે પાગલને ઉપદેશ દેવાથી. આપણા અમૃત સરખાં વચનો નકામાં જાય છે માટે ઉપદેશ તો સારા માણસોને દેવો દ્રષ્ટાંત — ચાર મુરખ વીશે.

તો આપણે પણ ધ્યાન રાખવું કે ન્યાય કરે તેમ નકરીએ પણ સાચા કરે તેમ કરીએ. જો ઘણા માણસો ખોટું કાર્ય કરતા હોય તો તેઓને સાથ ન આપવો પણ થોડા હોય ને સાચું કરતા હોય તો તેઓની સાથે ભળવું. દ્રષ્ટાંત — અંધેર રાજનું ગીતાના અર્થ વિષે.

તો આપણા વડીલો પણ અંધ શ્રધાને લીધે આવા અંધેર પંથમાં ફસાયા હતા. પરંતુ હવે આપણને ઉપદેશકો મળેલ છે અને તેઓને પ્રભુએજ આપણો સાચો ધર્મ બતાવવા મોકલેલા છે તો આપણને હવે આપણો સાચો માર્ગ ગ્રહણ કરવામાં ઢીલ કરવી ન ઘટે. જો પ્રેમીને પ્રેમી મળે છે તો આનંદ અને ઉત્સવ થાય છે. ધર્મની વૃધ્ધિ થાય છે તેવીજ રીતે પ્રેમ વગરની વસ્તુ કાંટા વાળા ઘાસ સમાન છે ભગવાનના ભોગ વિષે. મુલ કયારે રામજય વિગેરે બોલી પોતાને સ્થાને બેસી ગયેલ હતા.

જેઠાભાઈ હરીભાઈ મંગલવાલા.

આજનું સંમેલન જોઈ આનંદ થાય છે. અમો ઘણો વખતથી ગુજરાત રહીએ છીએ ત્યાં આપણા જ્ઞાતિબંધુઓના શું હાલ છે તે અમો જાણીએ છીએ પરંતુ હવે આપણા સમાજમાં આટલી બધી જાગ્રતી આવેલ છે એટલે અમો ગુજરાત વાસી. આપણા બંધુઓ પાસે પણ મગરૂર બની શકીશું અને તેઓની હોળ માં ઉભા રહી શકીશું ધન્ય છે જ્ઞાતિ સુધારક ભાઈઓને કે આપણને સાચો ધર્મ બતલાવ્યો. હવે હું બેસી જવાની રજા લઉં છું.

શ્રી. પરબતભાઈ લખુ મંગલવાલા.

મારાથી અગાઉ ઘણા ભાઈઓ બોલી ગયા છે શ્રી. માવજી ભાઈ ઉમ્મરકામાં બનેલ કીસ્સો આપ સર્વેને સમજાવી ગયા આપણી જ્ઞાતિ તરફથી આવી બાબતો બનતી હવે જ્યારે આપણે તે સાંખી લઈએ તે ખરેખર શરમાવા જેવું છે

KJ-BK-4-44

મજકુર ઈજારદાર સાહેબને પણ આપણા સમાજને તોડવા માટે આપણાજ જ્ઞાતિ બંધુઓ બોલાવી લાવેલ હતા. મારા એ અજ્ઞાન બંધુઓને બીજુ વખત આવું કાર્ય કરવા પ્રેરણા ન કરે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરૂં છું અને એ બંધુઓ પાછા ભુલ સુધારી લેશે એમ ઈચ્છું છું સનાતન ધર્મનો પ્રચાર કરવા બાબત. બોલી પોતાનું સ્થાન સંભાળી લીધેલ હતું.

શ્રી. શીવગણ ભાઈ કાનજી 'રસલીઆ.

આપણા ધર્મને માટે આપણને ગમે તેટલાં સંકટો પડે તો પણ સહી લેવા બાબત. પારાણા જેવા પ્રણામી પંથનો સ્વીકાર કરવાથી. આપણને ગુજરાત જેવો રસાળ મુલક છોડવો પડ્યો. સુધારક ભાઈઓ ની નમ્રતા થી. આજે આ પગણ માં ફુજ અગ્રતી આવેલ છે. બીજાઓને દોષ ન આપવા બાબત. આપણો ધર્મ સાચો છે તેને કદાપી આંચ આવશે નહિ આપણને. અરસપરસ તકરારો ન કરવા બાબત. નખત્રાણા વાસી ભાઈઓનું કાર્ય નજર સમક્ષ રાખીને કાર્ય કરવા બાબત. તથા કેટલાક ગીતાજીના શ્લોકો સમજાવી. પોતાનું સ્થાન લીધેલ હતું.

શ્રી. ઉમરલાલ ભાઈ જોશી. વિથોણ.

આપી પહેલાં ઘણા ભાઈઓ બોલી ગયેલ છે. જે બાબત હું બોલું તો. મારી બુદ્ધિ અનુસાર આખી રાત પણ મને પુરી થાય નહિ એટલે મારૂં બોલવું હું ટુંકમાંજ બોલીશ. શ્રી યુત મૂળજી ભાઈએ જે મારી ઓળખાણ આપેલ છે તેમાં મારો થોડો વિરોધ છે. તેઓ શ્રીએ બ્રાહ્મણની ફરજ બાબત જે મત દર્શાવ્યો છે તે મતનો બ્રાહ્મણ હું નથી. મારો ઈતિહાસ પતીદાર તરીકેનો સાંભળવા ઈચ્છતા હશો તો પાછળથી કહીશ. સમાજ માં બેસવાનો અમારો પતીદારનો હક્ક છે પરંતુ બ્રાહ્મણ કાર્ય કરવાનો નથી કચ્છમાં નાગર કહેવાય છે તેમાં પણ બેરીતે ઓળખાય છે નાગર બ્રાહ્મણ અને નાગર ગૃહસ્થ. નાગર બ્રાહ્મણના યજમાન નાગર ગૃહસ્થ હોય છે. તેઓ બીજા પાસે કદી પણ હાથ માંડતા નથી. તમો જેવી રીતે. અધોગતીનો માર્ગ છોડી ઉન્નતીને માર્ગે ગયા છો તેમ મારા જ્ઞાતિબંધુઓ. ઉન્નતી નો માર્ગ તજી અધોગતીને રસ્તે જઈ રહેલ છે તે નજરે જોઈને અતીશય ખેદ થાય છે. આજ ની સભા શા માટે થયેલ છે તે તો આપ સર્વે ભાઈઓ સમજી શકતા હશો. સનાતન ધર્મ શું છે અને તેના વિષે કેવી યોજનાઓ કરવી. તેના વિચારોની આપલે કરવા માટે આજની સભા છે આપી અગાઉ શ્રી માવજી ભાઈ બોલી ગયા કે જુના મતના લોકો તેને પથ્થર જેવા રહ્યા છે. તેમાં એમની ભુલ છે. એ ભાઈઓ પથ્થર નથી. કારણ કે જો પથ્થર હોય તો તેમને કારીગરો જરૂર સંઘરે અને ઘાટ ઘડીને આપણા સમાજ

KJ-BK-4-49

માં ભઈ લે. તેમ મારી પણ નથી. કારણ કે મારી હોય તો તેમને હું કોરજુ-
ર સુધારી લેં. પરંતુ તેઓ તો કાદવ જેવા છે. કાદવને કોઈ પણ સંઘરતું
નથી કારણ કે તેની પાસે જતાંજ તેમાંથી દુર્ગંધ નીકળે છે. પરંતુ એ કાદવ
પર પરદેશના પવન ઉર્ફે વાતાવરણ રૂપી થોડો થોડો વરસાદ પડવા લાગ્યો
છે એટલે કદાચ એ વરસાદ થી ગંદકી ધોવાઈને માટીના સ્વરૂપમાં આ-
વી જવા સંભવ છે. એ ભાઈઓને આગ કેવા ભાવ હુમલાવનું હશે પરંતુ
વિચારથી જોશે તો જણાશે કે મારું કહેવું સત્ય છે. સનાતન ધર્મ ઓરલે કે શું.
અહીં બનેલ એક કીસ્સો કે જે શ્રી. માવજી ભાઈ વર્ણવી ગયા. તે કિસ્સો
જો અહીંના સરસ્વતી ના મંદિર રૂપી સ્કુલમાંજ બન્યો હોય. અને સ્કુલ ના
માસ્તરે કે જે પોતે બ્રાહ્મણ તરીકે ઓળખાય છે તેઓએ પોતાની આબુ પિકા
ખાતર ભિખારી લીધેલ હોય. તો તેઓશ્રીનો પણ ઉપરોક્ત કારણમાં સમા-
વેશ કરવામાં હું જરા પણ અતિશયોક્તિ માનતો નથી. વિદ્યાર્થી ની જાગ્રતી.
બાબત મારા ઘણા બંધુઓ જાણવા માગતા હશે પરંતુ એ બાબત હું બોલી
શકું તેમ નથી કારણ કે એ બાબત ન્યાયના મંદિરમાં પહોંચી ગયેલ છે. ઓર
લેત્યાંથીજ આપણે સર્વે જાણી શકીશું. સનાતન ધર્મનો ઝુંડો સદા ઉંચોજ
છે ને ઉંચોજ રહેશે. તે કદાપી નમવાનો નથી. અને નહિજ નમે. કારણ કે
તે સત્યના બોર છે. પારાણા પંથી ભાઈઓ આટલા દિવસ અંધારામાંજ
ગોથાં ખાતા આવ્યા છે જો તે ભાઈઓ તથા તેમના આગેવાનો એમ કહેતા માગ-
તા હોય કે અમારો પંથ હિંદુ છે તો તેઓને એટલેજ આપું છું કે એ પંથ.
શુધ્ધ હિંદુ નથીજ. કારણ કે તેમાં પળે પળે મુસલમીન તત્વો આવે છે.
તેઓએ મુસલમાન હોત તો મુસલમાન ભાઈઓ તેને જરૂર અપનાવત પરંતુ તેઓ. કોઈ પણ
રસ્તે રહેલ નથી. તો તેવા ભાઈઓ હજુ પણ વિચાર કરે અને સાચો માર્ગ સ્વીકારે—
આપણે અજ્ઞાનતા દૂર કરવી હોય તો પ્રથમ કેળવણીની જરૂર છે. અને મારા યુવાબંધુઓ
ગામે ગામ. નિશાળો ખોલી. પોતાની ભાવી પ્રજાને સાચું શિક્ષણ આપવા માટે અનુ-
ભવિ શિક્ષકો રાખશે એમ ઇચ્છુ છું. હું આ ગામનો અજ્ઞાત છું એટલે. આજે કેટ-
લીક બાબતોનું મનન કરીશ. અને આવતી કાલે સમય મળશે તો જરૂર બોલીશ.

શ્રી. રતનસી નારાણ. ખોંભડીવાલા.

અને શ્રી મુલજી ભાઈએ બોલવાની ફરજ પાડી છે તો હું કંઈ એટલો બધો
વિદ્વાન નથી છતાં પણ મારી બુધ્ધી અનુસાર જે બોલું તે ધ્યાનથી સાંભળશો એમ
ઈચ્છું છું આપણને આજ આણીસ વરસથી સુધારક ભાઈઓ સાચો માર્ગ
બતાવી રહેલ છો અને સામે રસ્તો બતાવવા જે જેમ ઉંઠાવી રહ્યા છે.

કંઠ માળના ૯૨૬ નું કબુલાત દ્રષ્ટાંત.

KJ- BK- 4 -46

શ્રી. પોપટલાલ રઘુરામ- કોટડા.

આથી અગાઉ દેવસી ભગત. સંપ વિષે બોલી ગયા તે સંપનો અર્થ તો આપણે બધાજ જાણતા હશું પરંતુ સંપનો સ્વાદ તો કોઈક વીરલા જ માણતા હશો. તમારો સૌનો ધર્મ હિન્દુ છે અને શુધ્ધ સનાતન ધર્મનો પંથે ચાલશો તો. ભવિષ્યમાં સંપ આના થાસે પ્રાપ્ત કરી શકશો. અમારી જ્ઞાતિમાં જે વિક્ષેપ છે તે ભલે હોય પરંતુ એક બીજાને હાનિ પહોંચે તેવું અઘટીત પગલું કદાપી ભરશો નહિ તમો એક છો અને એક રહેશો. અજ્ઞાન ભાઈઓને પણ. ભગવાન લક્ષ્મી નારાયણ જરૂર સદ્બુધ્ધિ અર્પશે. આપણે આપણી ટેકમાં અડગ રહેશું. તો. બીજાની અજ્ઞાનતા આપોઆપ પ્રભુ દૂર કરશે તે આપણે નજરે જોતા આવીએ છીએ અને હજુ પણ એવું. અભિમાન ન રાખવા વિષે એક બીજા પ્રત્યે ભાવ રાખવા વિષે સમજાવેલ હતું.

શ્રી. રતનશીભાઈ ભીમજી ધોરાણી ધાવડા

આજની સભામાં મારી ભાઈ બહેનોની સારા પ્રમાણમાં હાજરી જોઈ એટલું તો ચોક્કસ માની શકાય કે આજે ઉખરડા ગામનાં અહોભાગ્ય છે હું અમે જુના મતના ભાઈઓને મળેલ છે. તેઓ બહુજ ભોળા છે. અને વળી સંસ્કારી છે એટલે થોડાજ દિવસોમાં આ ગામનો અહેવાલ કંઈક જુદોજ સાંભળશું એટલું તો ચોક્કસ માનજો. મારા શરીરની અડધી મારી ઉખરડા ગામને ફાળે જાય છે કારણ કે મારાં માતુશ્રીએ જન્મ આ ગામમાંજ લીધેલ છે અને હું આ ગામને ગોંદરે બાલપણમાં ખુબ ખેલ્યો છું એટલે સમગ્ર જ્ઞાતિ સેવા કરતાં આ ગામની સેવા કરવાની મારી. જવાબદારી વધારે છે અહીંના કેટલાક વડીલો ને હું આજે બે ત્રણ વખત મળ્યો છું અને તેઓ તરફથી. આશાભર્યા જવાબ પણ મળેલ છે કે આવતી કાલે તમે જરૂર કંઈક નવી જ જોશો. બાકી આપણામાં બધા પ્રત્યે પ્રેમ હશે તો આપણે જરૂર ધર્મના ઝગડાનો નાશ કરી શકીશું ધર્મને લીધે આપણા વડીલો ગાળો આપે તો તે પણ પુષ્પવૃષ્ટિ સમજી સહન કરતાં આપણને આવડવી જોઈએ. આજેજ જ્યારે હું શ્રી. દૈયા ભાઈને ઘેર ગયો ત્યારે મને કેટલાંક કટુ વચનો સાંભળવાં પડયાં હતાં. જે તમારા માંના ઘણા ભાઈઓ જે સાથે હશે તે જોઈ શકયા હશે. જો આવે વખતે આપણે આપણા મનનો કાબુ ખોઈએ તો આપણું કાર્ય સિધ્ધ કેવી રીતે થાય શાંતિ અને સંયમ એજ આપણો ધર્મ છે. એમ સમજશું ત્યારેજ આપણે આગળ વધી શકશું

મારા જુના મતના ભાઈઓને મારી વિનંતી છે કે જે તમોને ઈમામશાહ ને માનવાજ હોય તો કેરોકપીર તથા હાજીપીરને માનો છો તેમ પીર તરીકે માનો પરંતુ ધર્મ ગુરૂ તરીકે અને હિંદુ ગણીને તો નહિજ માનતા. તમો કહેશો કે

KJ- BK- 4- 49

ધર્મની નીંદા કરોછો પરંતુ એ ધર્મ પાખંડી છે એ ધર્મ હિંદુ નથી તેમ કુરાની પણ નથી. એકે ધર્મ વગર વચમાં તમો લટકી રહ્યા છો સો એવા ધર્મનો ત્યાગ કરી ગમે તે એક ધર્મને માન આપો આજ દશ ગાઉથી જ્ઞાતિનાં ભાઈ બ્હેનો આપણીને ઉભગરા સહન કરે છે. અને ભગવાનને ભેર ધરે છો તે ઉત્સાહ વગર કયાંથી હોય. તો બીજ વાભ વાળાઓને આદર્શો ઉત્સાહ છે જયારે તમો અંધારામાંજ ઘોરી રહ્યા છો. એ ઇચ્છનીય તો નજ ગણાય. આપણે જેવા કુટુંબી છીએ અને કુટુંબીજ રહેશું ભક્ત પ્રહલાદ ને પોતાનો ધર્મ સાચવવામાં કેટલાં સંકટો પડયાં હતાં પરંતુ તેઓ ગભર્યા નાહિ અને છેવટે તેમનોજ જય થયો.= શગાળશાનું દ્રષ્ટાંત -: ૨

શગાળશા આગલા અવતારમાં કર્ણ હતા અને દાનેશ્વરી કર્ણ તરીકે ઓળખાતા દુનિયામાં દાનેશ્વરીમાં તેઓ અજોડ હતા. તો આપણને પણ આવા દ્રષ્ટાંતો નજર સમક્ષ રાખી કાર્ય કરવાનું કે આપણી જ્ઞાતિ ગંગા છે તે પવિત્ર છે. ફકત તેમાં પડેલી ભૂલો કાઢવાની આપણી ફરજ છે અને તે કાઢવુંજ ધર્મ માટે માથાનું દાન આપવું પડે તો પણ આપણે તેમ કરવા તૈયાર રહેવું જોઇએ. હિંદુ ભાઈઓને જે વસ્તુની તો ખાસ જરૂર છે એ કે તો ગૌરી અને મિતા આજે વસ્તુઓ આપણા જુના મતના ભાઈઓમાં નથી. પરંતુ આપણે નમ્રતાથી સમજાવતા જશું તો આપણી વિનંતી ને તેઓ જરૂર આવકાર આપશે આપણા વડીલોએ જે પંથ અપનાવ્યો છે તે હિન્દુ નથી. ૧૯૩૨ માં આપણા વડીલોએ બાર બ્રાહ્મણોનો ત્યાગ કર્યો અને તેથીજ આજે આટલી અધોગતિ પામ્યા છીએ. ભગવાન ભક્તોને વશ છે આપણા કાર્યમાં સાચી સેવા છે અને કુદરત આપણી સાથે છે ઇશ્વરે આપણને ધર્મમાંથી સડો કાઢવાની પ્રેરણા કરેલી છે હું બાર વરસ નો હતો ત્યારથી પ્રચાર કાર્યમાં રસ લઉં છું પરંતુ હમણાં પાંચ વરસથી જે સહાયતા મળી છે અને પ્રચાર કાર્ય આગળ વધી ગયું છે તે ખરેખર આવકાર દાયક ગણાય.

આવા કાર્યમાં જો બ્હેનોનો સાથ નહિ હોય તો બહુજ દુઃખો સહન કરવાં પડે છે પુરુષોને પુરુષોને સ્ત્રીઓના સાથની ખાસ જરૂર હોય છે તો મારી બ્હેનોને મારી ખાસ વિનંતી છે કે તમારા પતીને પ્રભુ તુલ્ય માની. તેઓના કાર્યમાં જોડાઇ જજો. તમારાં માવીત્રોએ સાન હોય અને કદાચ તમારો ત્યાગ કરે અને પોતાને ઘેર ન આવવા દે. તમારાં સાસુ સસરો અજ્ઞાનતાને લીધે તમને સતાવે તો પણ તમે તમારો ધર્મ મુકશો નહિ.

આપણી અજ્ઞાન સમાજમાં બાળ લગ્નની પ્રથા કેટલી ખરાબ છે. બાળ લગ્નથી કેટલાંક કજોડાં થાય છે અને તેને લીધે આપણી કેટલી બધી અધોગતી થાય છે તો આપણે સમજી શકતા નથી. તેનું કારણ કે આપણે અજ્ઞાન છીએ દાખલા તરીકે જેતરમાંજ અહીં આજુ બાજુના ગામોમાં છુટા છેડા થયા છે તેનું કારણ

KJ- BK-4-48

બાળ લગ્ન. જો બાળ લગ્નનો રીવાજ ન હોત તો છૂટાછેડા કરવાનો વખતજ ન આવે
આપણાં પુત્ર પુત્રીનાં સગપણ બાબત આપણે આ બાબતો જાણતાંજ ન હોઈએ
અને પરબારાજ બીજાં કરી નાખે છે. તો મારા યુવક બંધુઓને ખાસ વિનંતી કરૂં છું
કે. તમારાં બાળકોનાં સગપણ કરવાનું તમારા માવિત્રો પર છોડશો નહિ તમો પર
ફેરા ભમો ત્યારે તમારાં માવીત્રોને એટલુંજ આપીજજો કે અમારાં બાળકોનાં સગ
પણ કરશો નહિ અને જો કદાચ કરશો તો અમો તે કબુલ કરશું નહિ.

જુના મતના ભાઈઓને તે પંથનો ત્યાગ કરવા બાબત. સમજાવેલ હતું. અને એ
પંથ હિંદુ ન ગણાતો નથી વીગેરે બાબતો સુંદર ભાષામાં સમજ પુર્વક સમજાવેલ
હતી. દ્રષ્ટાંત. જણાવી છતાં છુંદાવા બાબત—

બીડી ન પીવાની. વિનંતી સાથે ભલામણ કરેલ હતી. કારણ કે પીરાણા પંથી
ભાઈઓની પણ સભામાં હાજરી હતી. — ગાળાવેલા વિષે દ્રષ્ટાંત —

આપણા ધર્મ અને ફરજ વિષે મહારાણા પ્રતાપના પુત્ર નો દાખલો — નારી રક્ષણ તથા
માતૃ ધર્મ જેનો સમાવેશ થયેલ હતો. ઉપરોક્ત દ્રષ્ટાંતથી બહેનો આમાં સ્ત્રીવર્ગ પર સારામાં
સારી અસર થયેલ હતી. હવે વધારે બોલી કિંમતી વખત ગુમાવવા માગતો નથી તમો
સર્વે સમજુ છો. અને જે સાંભળેલ છે તેમાંથી સાર ગ્રહણ કરી તે મુજબ વર્તન રાખશો.
એમ ઈચ્છું છું બુઢાઓ કે જે આપણી સભામાં બેઠેલ છે. આ કહેવાય છે તેઓનું
હાડ હવે ઢીલા ગયેલ છે આપણે હવે હાડ થી ડરતા નથી કારણ કે સાચી વાત
સમજી ગયા છીએ જહાંગીરી કરનાર આગેવાનોને હજુ પણ જણાવું છું કે એ પંથ.
હિંદુનો નથી. જો એ પંથ હિંદુ છે એમજ માનતા હો તો ૯૦ હજાર ની જનતામાંથી.
એ પંથ. સાબીત કરી બતાવવાની હિંમત કોઈમાં નથી. ક્યાંથી હોય. જો સત્ય હોય
તોજ જાહેર સભામાં બોલી શકાય. કારણ કે જાહેર સભામાં પ્રભુનો વાસ હોય છે.
અને ત્યાં ખોટું ચાલી શકતું નથી. કદાચ કોઈ ખોટું બોલે તો પણ શ્રોતાઓ તે
માંથી તરતજ ખરૂં ખોટું તારવી શકે છે એ પીરાણા પંથને માનનારા દરેક ભાઈઓ
ને વિનંતી કરીએ છીએ કે તમો એ પંથને નામે ધર્માદા નાણાં આપશો નહિ કારણ
કે તમારાં એ નાણાંથી ગાયો અને બકરાંનો વધ થાય છે. અને તેની હત્યા. તમા
રા શીર પર ચડે છે. આપણે ગૌરક્ષક છીએ. માટે આપણા દાનથી આવાં હત્યો
થવાં જોઈએ નહિ   હવે હું મારૂં બોલવું બંધ કરૂં છું. તાળીઓના ગડગડાટ સાથે
ભાષણનું સ્થાન. લીધેલ હતું.

શ્રી. કરસન ભાઈ મનજી નખત્રાણા.

આજની સભા અને ઉત્સાહ જોઈ આનંદ વ્યક્ત કરી પોતાનું
સ્થાન સંભાળી લીધેલ હતું.

KJ-BK-4-49

શ્રી રણમલ માવજી ઉખરડા.

અમારા ગામ ઉખરડાનો આજનો દિવસ સોના નો દિવસ ગણાશે તેનું કારણ વર્ણવી જણાવેલ હતું. તેમના કાર્યમાં બીજા ગામના ભાઈઓએ જે સહાયતા આપી હતી તે બદલ આભાર માનેલ હતો. ધર્મના કાર્યમાં કેટલાં દુઃખો સહન કરવાં પડે છે તે વિષે ઈશુ ખ્રીસ્ત નું દ્રષ્ટાંત આપેલ હતું.

માસ્તર વિજયાશંકર નિર્ભયરામ ઉખરડા.

આજ નો મહોત્સવ જોઈ દરેક સનાતની ભાઈ નું હૈયું હર્ષ પામે તેમાં કંઈ નવાઈ નથી. કારણ કે પણ ધર્મમાં પલટો લાવવો હોય તો તેની જવાબદારી સંચાલકોને શીરે હોય છે. શ્રીમાન રતનશી ભાઈ તો પાટીદારોમાં એક જ છે જેમ કેટલાક ભાઈઓ પણ શાસ્ત્ર અનુસાર ભેગા આવી રહેલ છે તે જોઈ આનંદ થાય છે આપણાં બાળકોને કેળવણીની ખાસ જરૂર છે ભવિષ્યની પ્રજા સુધરશે તો જ આપણે આપણી ઉન્નતી સાધી શકીશું. માટે કેળવણીનો પ્રચાર કરો એવી વિનંતી કરી બેસી જવાયું.

ભારાડે શ્રી તેજમલજી ગોપાલજી ઉખરડા (જાગીરદાર)

હું કંઈ વિદ્વાન નથી. પરંતુ એક સવૈયો બોલી બેસી જઈશ. દાન કેવું કેકાણે કરવું તે વિષે એક સવૈયો બોલી બેસી ગયા હતા.

શ્રી પ્રેમજી માવજી ઉખરડા.

અગાઉથી લખેલ ભાષણ વાંચી સંભળાવેલ હતું. જેમાં ધાર્મિક બાબતો નો સારા પ્રમાણમાં સમાવેશ થયેલ હતો.

શ્રી જયંતિભાઈ ખીમજી નખત્રાણા વાળા.

આજ ની સભામાં હાજરી આપનારાઓનો આભાર માનવાની આગાઉ અનેક મિત્રો માની ગયા છે જેથી હું આભાર માનતો નથી. આપણાં બાળકોને ધાર્મિક તેમજ વ્યવહારીક શિક્ષણ આપી શકે તેવા શિક્ષકો રોકવાની દરખાસ્ત. નખત્રાણા વોલીન્ટીયરો ની સગવડ શ્રી પંચાયત માં પણ નથી સચવાણી. અને અત્રે પણ આ પાણી ની સગવડ નથી સચવાતી. એમ જણાવી. આરસ પરસ એકતા વિષે બોલી પોતાનું સ્થાન સંભાળી લીધેલ હતું.

શ્રી વિશ્રામ ભાઈ રામજી ખોરસરા.

અવાજ નહિ નીકળવાથી બોલી શક્યા ન હોતા.

શ્રી તેજ ભાઈ લધા મથલ.

મનુષ્ય દેહમાં સાર્થક કરવાની ફરજ હોય તે કરશું એમ જણાવેલ હતું.

શ્રી હરજી ભાઈ વિશ્રામ- મથલ

યુવાન બંધુઓ કે જે પરદેશ આવજા કરે છે તે જ્યાં ત્યાં ખાય છે. માટે તેમ કરવું ન જોઈએ અને ખાવાનું ઘેરથી બનાવી ને સાથે રાખવા બા

KJ- BK- 4- 50

ન જણાવેલ હતું. પરદેશમાં નાત જાત જોયા વગર જમવું નહિ એમ જણાવેલ હતું.

શ્રી. મનજી ભાઈ વાલજી ઉખરડા.

પરસ્પર પ્રેમ રાખવા વિષે બોલ્યા હતા. અને આપણે આપણી નાતને પોતેજ ઓળખતા થશું. એમ જણાવી બેસી ગયા હતા.

શ્રી. મુળજી ભાઈ શીવજી ખોંભડીવાળા

આજની સભામાં અત્યાર સુધી લગભગ સતર ભાઈઓ ~~બ~~ પોતાના વિચારો જણાવી ગયેલ છે. અને હવે સૌથી છેલ્લે હું બોલવા ઉભો થયો છું એટલે ખાસ ચર્ચવા લાયક વિષય એક પણ મારી નજર સામે આવતો નથી. છતાં પણ એક વિષય ખાસ જણાવું છું કે હજુ આપણા એંશી હજાર બંધુઓ અજ્ઞાનતા સેવી રહેલ છે તેઓને સુધારવા માટે આપણને ઘણા કાર્ય કરવાની જરૂર છે. ઉત્સાહી નિરઅભિમાની અને માયાળુ જો કાર્ય કરો સારા નહિ હોય તો આપણું કાર્ય જલ્દી બની શકશે નહિ. આપણું રાજકાજનું યુધ્ધ નથી પરંતુ ધર્મ યુધ્ધ છે અને તેમાં કેટલો સમય વ્યતિત થશે તે કોઈ પણ કળી શકે તેમ નથી. આજે લગભગ આગણીસ વરસથી આ યુધ્ધ ચાલે છે છતાં પણ આપણામાં એકતા આવેલ નથી. તેનું કારણ કે આપણા હૃદયમાં ઘર કરીને બેઠેલ ઈર્ષા ભાવો. — કેટલેક ઠેકાણે આપણા કલિ પંથના ધર્માદા પૈસો. કોર્ટના આશરા લેવામાં વેડફાઈ રહેલ છે તે મને ઠીક જણાતું નથી તેવીજ રીતે મારા તમામ બંધુઓને પણ રૂચતું નહિ જ હોય. ઘણા મને કેટલાક અજ્ઞાન બંધુઓ એમ કહે છે કે સનાતન ધર્મમાં શું ચમત્કાર છે. તો તેવા બંધુઓને મારી વિનંતી છે કે આ ધર્મ કંઈ મદારીઓની માફક હાથ ચાલાકી અને ચમત્કાર બતાવનારો નથી. પરંતુ મોક્ષના માર્ગે લઈ જનારો છે. લગભગ સાતસો વરસ ઉપર હિંદુ ધર્મ પર મુસલીમ રાજ્યો તરફથી કેટલી બધી સતામણી કરી રહેલ હતા અને તે વખતે પણ ધર્મવીરો. ની મદદમાં સાક્ષાત પરમાત્મા હતા અને સનાતન ધર્મનો ઝંડો સદાય સાબુત રહેલ છે. તે આપણે અમર ઈતિહાસો પરથી જાણી શકીએ છીએ. મારા અજ્ઞાન પાટીદાર બંધી ભાઈઓને વિનંતી કરું છું કે - ~~[illegible]~~ ધર્મવીરોના ઈતિહાસો વાંચો. અસ્તુ

શ્રી. બેચર લાલ ભાઈ જોશી.

વિઘ્નો-

હિન્દુ એટલે શું. કડવા પાટીદાર જ્ઞાતીના ઉછરતા બાળકોમાં ધોગી. ફેલ બંધ માં આવે છે.

KJ- BK- 4- 51

હરજી ભાઈ અજ્ઞાનતાથી બોલી ગયા છે એટલે આપણે તેમને ક્ષમા આપવી જોઈએ. આપણે પ્રથમ આર્યો હતા. ચાર વેદ અને ચાર જાતી હતી. બ્રાહ્મણ - ક્ષત્રિય - વૈશ્ય - અને શુદ્ર હિન્દુસ્થાનમાં આવ્યા પછી આપણા વચ્ચે મત મતના વિભાગો પડ્યા. એ ભાઈએ હિંદુ સમાજ પર મોટો આક્ષેપ રાખ્યો તે પણ અજ્ઞાનતાથી આત્મા આપણો નથી આત્માતો ઈશ્વરનો અનામત છે. આપણા વિચારો શુદ્ધ રાખશો તો કોઈ પણ દુર્ગુણો આવશે નહિ ધરમો પતીતંગ બીજ ઉત્પન્ન થાય છે ધરમો બતાવવાની શક્તિ તેજ પુરતી રહેશે. તમારી જ્ઞાતિ આથી ગતીએ પહોંચી છે તેમાં ઈમામ શાહનો એટલો બધો દોષ નથી પરંતુ ૨૫૦ વરસથી જ્યારે ભાર મારહાને છોડ્યા ત્યારેજ તમારી અધોગતી થઈ. મુસલીમ જાતિમાં ભેદભાવ નથી ક્રિશ્ચીયનોમાં પણ નથી. સનાતન ઝંડાને રાખવાનો અધિકાર એકેજ જ્ઞાતિને નથી પરંતુ સમસ્ત હિંદુઓનો છે. તમો તમારી જ્ઞાતિના દુર્ગુણો પર ભલે બોલો પરંતુ આખા હિંદુ સમાજ પર આક્ષેપ ~~છોડતા~~ મુકતા નહિ

શ્રી. રતનસીભાઈ ખીમજી થીરાણી.

આજની સભાનું કાર્ય આપણને જે ઉત્સાહથી કરવું જોઈએ તેટલુંજ ઉત્સાહથી થયેલ છે શ્રીમાન ઉમેર લાલ ભાઈએ એક ભાઈના બોલવા સામે વિરોધ બતાવેલ છે તો તેઓશ્રીને મારી ખાસ વિનંતી છે કે અમારા બોલવામાં અજ્ઞાનતાને લીધે કંઈક ભૂલ થાયતો આપ ઉદાર દીલ રાખી ક્ષમા કરશો અને બોલનાર યુવકોને પણ જણાવવાનું કે તે આપશ્રીનો ગુરૂ સમજ બોલવાની તાલીમ લેશો. એમ ઈચ્છું છું અને આપ સર્વે ભાઈઓ જેમ અત્યાર સુધી કરેલ છે તેવીજ રીતે આવતી કાલ ઉપર, સ્ફુર્તી ઉત્સાહથી કાર્ય કરશો એવી આશા રાખું છું.

શ્રીમાન ઉમેર લાલ. ભાઈ જોશી.

મિત્રો.

હું જે બોલું છું તે વ્યક્તીગત નહિ પણ જનરલ બોલું છું એટલે મારા બોલવા થી કોઈનું દીલ દુખાયું હોય તો દરગુજર કરશોજી સનાતન ધર્મકી જય -

-સમાપ્ત-

સભામાં હાજરી ૨૫૦૦ માણસોની આશરે
સમય-૧૧ વાગે રાતના.

પ્રમુખની સહી.

પટેલ-વાલજી લધુ ભગત ની સહી
દા: પોતાના.

KJ- BK- 4- 52

૧૩૯

ઉખરડા તા. ૨૩-૫-૫૬

ભગવાન ની પ્રતીષ્ઠા થયાને દિવસે - સમય - ૮॥૧૧ સવારના

મહેરે મેળાવડાનો

રિપોર્ટ

પ્રમુખની દરખાસ્ત મુકનાર — શ્રી. રતનશી ભાઈ ખીમજી વીશાણી વાળા.

ટેકો આપનાર — શ્રી. માવજી ભાઈ દિનજી નખત્રાણા વાળા.

પ્રમુખ — શ્રી. ડાહ્યા ભાઈ રતના ઉખરડા વાળા.

શ્રી. રતનશી ભાઈ - પ્રમુખ થતી.

સમાજનો નો આપેલ સેવા બદલ આભાર માની જણાવેલ હતું કે તમો એ જેથી સાથ અને સહકાર અત્યાર સુધી આપેલ છે તેથી જ છેવટ સુધી પણ આપશો એવી. વિનંતી કરું છું શ્રીમાન ઉમેર લાલ ભાઈ જેવા વીર નર આપણી શાંતિ માટે જે કામ ઉઠાવી રહેલ છે તે બદલ આપણે તેઓ શ્રીના ઋણી છીએ અને તેઓ આપણને આપણું કર્તવ્ય સમજાવશે એવી આશા રાખું છું.

શ્રીયુત. ઉમેર લાલ ભાઈ જોશી - વિદીશા.

મિત્રો અને બ્હેનો.

મને ઘણા ભાઈઓ મહારાજ કહીને સંબોધે છે, તેઓની સામે હું વિરોધ બતાવું છું મહારાજ એટલે રાજાઓના પણ રાજા મહારાજ શબ્દ યોગ્ય માણસ ને જ શોભે. હવે ધર્મ બાબત જેટલું બોલીએ તેટલું ઓછું જ છે તો આપના કિંમતી વખતનો વધારે ભોગ ન લેતાં મારું બોલવું હું ટુંકમાં જ પતાવીશ. આ શુભ પ્રસંગે પ્રભુ કાર્યમાં બનતો ફાળો આપવા સુચના કરેલ હતી. શ્રી માન રતનસી ભાઈ ને ધર્મવીર નું સંબોધન આપી. તેઓના ફોટા ની એકેક કોપી. દરેક ગામના સનાતની ભાઈઓ. પોત પોતાના મંદીરોમાં રાખશે. એવી દરખાસ્ત મુકી હતી જેને સમાજનો એ તાળીઓના ~~આ~~ ગડગડાટ થી વધાવી લીધેલ હતી -

માસ્તર વિજયાશંકર નિર્ભયરામ - ઉખરડા -

શ્રી માન ઉમેરલાલ ભાઈના ભાષણ ને ટેકો આપેલ હતો. સ્વયં સેવકોનું સેવા કાર્ય જોઈ આનંદ વ્યક્ત કર્યો હતો

શ્રી. મુળજી ભાઈ શીવજી ખોંભડી વાળા.

મારા પહેલાં બોલી જનાર શ્રીમાન ઉમેરલાલ ભાઈ તથા માસ્તર સાહેબના ભાષણ ને અનુમોદન આપતાં જણાવેલ હતું કે એ વીર નર ની છબી આપણે આપણા દરેક મંદીરમાં જરૂર રાખવું એમ જણાવેલ હતું.

જયનાદ ના પોકારો થયેલ હતા.

KJ-BK-4-53

શ્રી. રતનશી નારાણ જોગભડી વાલા.

મારા યુવક બંધુઓને મારી ખાસ વીનંતી છે કે શ્રીમાન રતનસી ભાઈને તેઓના નામની આગળ ધર્મવીર નો ઈલ્કાબ આપી સંબોધીશો

બોલો ધર્મવીર શ્રી. રતનસી ભાઈ નો જય.

શ્રીમાન ઈશ્વરલાલ ભાઈ.

મિત્રો

મારી દરેક ગાંમોમાં મારા વડીલ બંધુ રતનસી ભાઈનો ફોટો રાખવાની અપીલ હતી પરંતુ આપ સર્વે ભાઈઓ એ તો તેના કરતાં પણ વિશેષ કાર્ય કરી ને મારા અપમન થવા વા લાયક છે તે બદલ આપનો આભાર માનું છુ

શ્રી. રતનસી ભાઈ.

આટલું બધુ માન મારે માટે અતીશયોકતી ગણાય માટે તેમ ન કરશો એવી. આપ સર્વે ભાઈઓ ને વિનંતી કરૂં છું.

પ્રતિષ્ઠા કાર્ય ની શરૂઆત

શીખર ચડાવનાર -: કોરી.	૧૧૦૧)	શ્રી. જેઠાભાઈ	નાનજી	ઉખરડા વાલા.
ધજા ચડાવનાર -:	” ૧૧૫૧)	” રતનાભાઈ	લધા.	ઉખરડા વાલા.
મૂર્તિપધરાવનાર -:	” ૧૫૫૧)	” જુવરાજભાઈ	ગાંયા	કોટડા (જડોદર) વાલા.
ગણપતી ” -:	” ૧૨૫૧)	” દેવજી ભાઈ	રતનસી	ઉખરડા વાલા.
હનુમાનજી ” -:	” ૯૦૧)	” માવજી ભાઈ	નાનજી	ઉખરડા વાલા.
ગરૂડજી ” -:	” ૮૫૧)	” જુવરાજ વાલજી નાં માતુશ્રી જનબાઈ		ઉખરડા વાલાં
ભગવાન નોહાર-૧	” ૭૫૧)	” રામજી ભાઈ	જેઠા	ઉખરડા વાલા
” ” ૨જો	” ૬૫૧)	” શીવજી ભાઈ	રામજી	ઉખરડા વાલા.
” ” ૩જો	” ૭૦૧)	” માનાણ ભાઈ	હંસરાજ	ઉખરડા વાલા.
લક્ષ્મીજી નો હાર -:	” ૬૦૧)	” દેવજી ભાઈ	અખૈ	ઉખરડા વાલા.
છત્ર ચડાવનાર -:	” ૫૦૧)	” ખીમજી ભાઈ	શીવજી	નખત્રાણા પુર્વ નિવાસ-વાલા.
આરતી- ૧લી.	” ૫૦૧)	” કરશન ભાઈ	રામજી	ઉખરડા વાલા.
” ૨જી	” ૪૦૧)	” ડાહ્યાભાઈ	રતના	ઉખરડા વાલા. - પ્રમુખ.
” ૩જી	” ૩૫૧)	” દેવજી ભાઈ સામજી નાં માતાજી		ઉખરડા વાલા
અમર છાણનાર -:	” ૩૦૧)	” રામજી ભાઈ	વીરજી	ઉખરડા વાલા.
ઘંટ વગાડનાર -:	” ૩૦૧)	” પરબત ભાઈ	ભીમજી	ઉખરડા વાલા.
ભોગ ધરાવનાર -:	” ૪૦૧)	” લાલજી ભાઈ	પુંજા	ઉખરડા વાલા.

કુલ કોરી - ૧૨૨૬૭)

સભામાં હાજરી ૫૦૦ માણસોની આશરે હતી. KJ-BK-4-54

ખરડો માલુ કરવામાં આવેલ હતો

સમાપ્ત – સમય સવારના ૧૧ વાગે.

પ્રમુખ – પટેલ હરીભાઈ રતનના બીજાઈ દા: બારોટ તેજમાલ ગોપાલજીના

ખુશ ખબર

સભા સમાપ્ત વખતે ખબર મળ્યા કે પીરાણા પંથી ભાઈઓ એ ખાના માં આરતી વગાડવા માટે વોલીન્ટીઅરો ની માગણી કરવાથી ત્રણ જણા આરતીઓ લઈ ને ત્યાં સેવા કાર્ય માં હાજર થયા હતા. સેવા ધુપેડા ને બદલે પંચવટી થી કરવા માં આવેલ હતી. અને ગોળી ને બદલે અગ્નીમૃત માં ગંગાજળ નો વપરાશ કરવા માં આવેલ હતો તથા ભગવાન ની ભેટના ખરડા માં પણ જ્યોતિસ ધામ ના ભાઈઓ તરફથી કોરી ૧૨૫) મંડાવેલ હતી. જે તરતજ રોકડી આપવામાં આવેલ હતી. મીટીંગ ખલાસ થતાં જ્યારે પ્રમુખશ્રી તથા શ્રી. જેમરલાલ ભાઈ વગેરે જ્યારે મંદિરે દર્શન કરવા ગયા ત્યારે જ્યોતિસ. ધામની જગ્યાએ મુસલમાની નેજા નેજાશી ॥ૐ॥ લખેલી ધજા ફરકી રહેલ હતી. તે જોઈ આનંદ માં વૃદ્ધિ થયેલ હતી. અને પીરાણા પંથી ભાઈઓ તરફથી જણાવવામાં આવેલ હતું કે ઉપરોક્ત ફેરફાર આમોએ આજેજ કરી નાખેલ છે અને હાવી બીજા સપણ વધારે શુભ સમાચાર સાંભળશો કે ઉખરડામાં પાટીદાર ભાઈઓ માં બે વિભાગ નથી પણ એક ના છે. અસ્તુ-

નં.૩૦

ખાનામાં ઉગમીસી પુજા કરવા માટે કોટીઆય ના નામ આંધ મુખી વીરજી વગેરે આગેવાનો પધારેલ હતા. પણ ખાનામાં ગોળીનો બદલે ગંગાજળ વપરાતું જોઈ ને તથા આરતીઓ વગેરે ફેરફાર થવાથી. રીસાઈ ને નાસી જતા હતા. પરંતુ અહીંના પીરાણા પંથી ભાઈઓ એ. આ અજ્ઞાન મુખી જમી રહ્યા ત્યાં સુધિ સેવા કાર્ય મુલત્વી રાખવાની ઉદારતા બતાવી. તેમને ભોજન કરાવ્યું હતું ઉપરોક્ત મુખી જમીને તરતજ પલાયન કરી ગયા હતા. બાકીના બધા પીરાણા પંથી બંધુઓ. સેવા લઈ રહ્યા બાદ જમ્યા હતા.

ઉમૈયા માતકી જય –

ॐ

KJ-BK-4-55

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ

કાદીઆય આઈમાણી ગઢવાળી – તા. ૨૭-૫-૪૬
મિતી વૈશાખ વદ ૧૧ સોમવાર – ૨૦૦૨
સભાનો સમય – ૮।૧૫ થી ૧૧।૪૫ રાત્રે

જાહેર સભાનો રિપોર્ટ

પ્રમુખની દરખાસ્ત મુકનાર :- મુળજીભાઈ શીવજી ઓંભડી વાળા.
ટેકો આપનાર :- માવજીભાઈ ધનજી નખત્રાણા વાળા.
પ્રમુખ :- હંસરાજભાઈ માના કાદીઆય વાળા.

સનાતન ધર્મકી જય.

મારાજ શ્રી. દયાલ દાસજી – વાંઢાય.

મંગલાચરણ.

આજની સભા શા હેતુથી ભરવામાં આવેલ છે તે જણાવેલ હતું આપણો હિંદુ સમાજ છીન ભીન થઈ ગયેલ છે એટલે આપણને એકતા સાધવી જોઈએ એમ જણાવેલ હતું આપણે એકબીજા પ્રત્યે પ્રેમ રાખશું ત્યારે એક થશું એમ જાહેર કરી પ્રેમ કેળવવો જોઈએ તે વીષે ભજન ગાઈ તેનો ભાવાર્થ સંભળાવેલ હતો શ્રી રતનશી ભાઈ ધોરાણી વાળા. અને લધારામ ભાઈ ખોંભડીવાળાએ જે સાદું જીવનનું કાર્ય શીરપર લીધેલ છે તે ઘણી જ આનંદની વાત છે. ત્યાર બાદ બહાર ગામથી પધારેલ અગ્રેસરોની ઓળખાણ સભાને ટુંકમાં કરાવી હતી. ત્યાર બાદ પ્રભુની પ્રાર્થના કરી તેનો ભાવાર્થ કહી સંભળાવેલ હતો. અને બોલનાર ભાઈઓના બોલવા માંથી સાર ગ્રહણ કરવાની સુચના કરી બેસી ગયા હતા.

માવજીભાઈ ધનજી નખત્રાણા વાળા.

આપણી જ્ઞાતિમાં ઘુસી ગયેલા કુરિવાજોને તિલાંજલી આપી આપણે કોણ છીએ તે આપણને જાણવું જોઈએ. જો આપણી અજ્ઞાનતા દૂર થશે તોજ આપણે હિંદુ સમાજની હરોળમાં ઉભા રહી શકશું અને તે માટે આપણી ભાવિ પ્રજાને કેળવણીની ખાસ જરૂર છે. જે માટે ગામો ગામ નિશાળો સ્થાપવાની સુચના કરેલ હતી. અને નાનાં ગામોમાં જ્યાં નિશાળ ચલાવવાનું ખર્ચ પુરે ન પડે તેવાં ગામોવાળા ભાઈઓ મુંબઈ સમાજને ખબર આપશે તો તેઓને નિશાળ ચલાવવા માટે નાણાંની મદદ પણ મળતી રહેશે એમ જણાવેલ હતું. આપણા જ્ઞાતિબંધના ધર્માદા નાણાંનો શું ઉપયોગ થાય છે તે આપણે અજ્ઞાનતાને લીધે જાણી શકતા નથી. જો આ જ્ઞાતિનો આપણો ધર્માદા પૈસો જ્ઞાતિ હિતના કાર્યમાં વપરાયો હોત તો આજે આપણે કેટલા ઉંચા આવી ગયા હોત પરંતુ તે આપણાથી થઈ શકેલ નથી. પરંતુ જ્યારથી જાગ્યા ત્યારથી સવાર ગણી આપણે સનાતન ઝુંડાનો આશરો લઈ એકબીજા પ્રત્યે પ્રેમ અને સંગઠન સાધીશું તો ટુંક સમયમાં આપણા સંસ્કારો જરૂર બદલી જશે અને તેમ કરવા મારા બંધુઓ તેમજ બેનોને વિનંતી કરૂં છું અને આશા રાખું છું કે સર્વે એકતા સાધશે હવે હું બેસી જવાની રજા માગું છું.

KJ-BK-4-56

શ્રી. રતનસીંભાઈ જીવરાજ વીરાણી.

હવે આપણી જ્ઞાતિને ઈશ્વરી સંકેત હોય એમ આપણામાં આવેલ જાગૃતી પરથી સ્પષ્ટ જણાય છે અહીંના ગામ ધણી નરસીંહ અગે એક બાબત સ્પષ્ટ કરવાનું મને વખત મળેલ હતું અને તે પ્રમાણે આજે તેઓ શ્રીએ જ્ઞાન પામી છે તે બદલ તેઓશ્રીને ધન્યવાદ આપું છું આપણા ગોળવાળી હજુ પણ મારા કેટલાક જ્ઞાન બંધુઓની લાગણી દુભાય છે અને કહે છે કે તમો અમારા ધર્મની નીંદા કરો છો. પરંતુ જ્ઞાતિ એ ગંગા એટલે માતા એવો કોઈ સંતાન અભાગીઓ હોય કે પોતાની માતાનાં કપડાં ઉંચાં કરે પરંતુ માતાને રસ્તો ભુલીને કુમાર્ગે જતી હોય તો સત્ય વસ્તુ સમજાવી તેને વારવાની ફરજ સંતાનની છે. અને તે મુજબ આપણે આપણી ફરજ અદા કરી રહેલ છીએ પોતાનું જીવન વૃત્તાંત ટુંકમાં કહી સંભળાવેલ હતું અને પોતાની જીંદગી જ્ઞાતીસેવાર્થે અર્પણ કરવાનો દૃઢ નિશ્ચય જણાવેલ હતો. આપણો મુસલમાની ધર્મને જુદો ગણી શકીએ નહિ કારણ કે તે સિધ્ધાંતો સહીત છે. અને તે ધર્મની જો નીંદા કરીએ તો મુસલમાન ભાઈઓ તે ખાતર પોતાના પ્રાણ પાથરશે તેમજ હિંદુ ધર્મને પણ કોઈ નીંદી શકે નહિ અને જો નીંદા કરે તો હિંદુઓ તેને ખાતર મરી ફીટે ધર્મને ખાતર. મહાન વીરોએ કેટલાં દુઃખો સહન કરેલ છે તે આપણા ઈતિહાસો પણ સ્તુ[?]ઞવી રહેલ છે! સત્યવાદી હરિશ્ચંદ્ર- ભક્ત પ્રહલાદ -રાણા પ્રતાપ- શીવાજી મહારાજ વગેરે નરવીરો ધર્મને ખાતર શું કરી ગયા છે તે આપણને ઈતિહાસો સુજવે છે અમો એ તો જાણીને જણાવીએ છીએ કે પીરાણા ધર્મ હિંદુ નથી. કચ્છમાં લગભગ ૮૦ ગામો માં પીરાણા ધર્મ ચાલે છે છતાં પણ. તે ધર્મનો બચાવ કરનાર એક પણ માણસ આજે શોધ્યો મળતો નથી. એ ધર્મને નામે લાખો રૂપીયા ખાઈ જનારા ધર્મગુરૂ સૈયદો અને કાકાઓ પણ આજે તેનો બચાવ કરવા માટે આવતા નથી કયાંથી આવે ખોટું હોય તેનો બચાવ કોણ કરે. સૈયદો પણ પોકારી પોકારીને કહે છે કે પીરાણા ધર્મ હિંદુઓનો નથી. છતાં પણ. આપણે સમજતા નથી કેટલી અજ્ઞાનતા. હિંદુ દેવળો વિષે કેટલાક દાખલાઓ કહી બતાવેલા હતા. મનુષ્ય જીવનનું સાર્થક આપણને જરૂર સાધવું જોઈએ શ્રી. રામચંદ્રજી શ્રી કૃષ્ણ જેવા કે આપણે ભગવાન માનીએ છીએ તેઓ એ પણ માતાને પેટ અવતાર લીધો હતો. આપણે તેઓનાં શરીરને નથી પુજતા પરંતુ કર્તવ્યને પુજીએ છીએ. આપણે શરૂઆત માં ગુજરાત રહેતા હતા અને પીરાણા પંથ. સ્વીકાર્યો એટલે એવા રસાળ પ્રદેશ નો પણ ત્યાગ કરવો પડયો. આપણા વડીલોએ કચ્છ માં આવી પ્રથમ સિક[?]ર ગામ વસાવ્યું આપણે ૧૫૫૮ ની સાલમાં પીરાણા ધર્મ સ્વીકાર્યો ત્યારથી કરીનો ૧૯૩૨ – ૩૩ સુધી એટલે લગભગ પોણા ચારસો વરસ પીરાણા ધર્મ પાળતા પરંતુ આ અરસો હિંદુઓ જાં હતાં મરનારને અગ્ની સંસ્કાર કરતા અને લગ્ન ચોરીથી કરતા પરંતુ ત્યાર પછી સૈયદોએ આપણા વડીલોને ભારે જાદુમણાથી રહિત કર્યા અને તેઓ

KJ- B|<- 4- 57

અને તેઓના સિદ્ધાંતો આખાને ફેલાવ્યા. ઈમામશાહ પોતે પણ એમ ગણતા હતા કે મેં શુદ્ધ સનાતની હિંદુઓને મારી જાળમાં ફસાવ્યા છે તે સાંગોપાંગ નામશે નહિ અને ભવિષ્યમાં તેઓ જરૂર જાગૃત થશે. એટલે જ પોતે સામા કહેવડાવવાની ખાતર ભાંખી ગયા કે ધર્મમાં ધીંગાણાં થશે અને એટલે મુમન રહેશે. તો હવે આપણે આપણું મૂળ સ્વરૂપ ઓળખી ગયા છીએ અને પીરાણાપંથ હવે દફીશ કરો નહિ — સાંભળેલું ગ્રહણ કરવાથી શું ફાયદા થાય છે તે વિષે સુંદર દ્રષ્ટાંત આપેલ હતું. બ્રાહ્મણની ત્રણ શીખામણો ગ્રહણ કરવાથી. એક નારીનો નર્કમય સંસાર સ્વર્ગમય બની ગયો અને પ્રભુનાં દર્શન કરી શકાયું તે વિષે.

આપણી જ્ઞાતિમાં પીરાણાપંથ દેખાદેખીથી ચાલતો હતો અને હજુ પણ કેટલાક ભાઈઓ આપણાં ધર્માંધ નાણાં હજારોની સંખ્યામાં ફુરસતે ભરાઈ રહેલ છે. તે પણ અજ્ઞાનતાને લીધે દેખા દેખીથી જ. દેખા દેખીથીજે સુંદર દ્રષ્ટાંત મેઘરાજ ડાયાજનું

પીરાણા પંથી ભાઈઓ જે પાવળ પીએ છે તેમાં નાખવામાં આવતી નૂરની ગોળી- કદાપી પીતા નહિ એ ગોળી કઈ રીતે બને છે તેમો વર્ણવી બતાવું તો મુસલમાનો પણ તમારો છાંટો લેશે નહિ એટલી. ખરાબ અને ભ્રષ્ટ છે તમોને બંદુકની ગોળી લાગે તો તે સહન કરી લેજો. પરંતુ આ ભ્રષ્ટ ગોળી મરતાં લગી પણ પીતા નહિ જ્યાં સુધી આ ગોળીનું સેવન કરશો ત્યાં સુધી તમો સ્વજ્ઞાતિ અને સ્વધર્મને કદાપી ઓળખી શકશો નહિ કારણ કે એ વસ્તુ તમારા હૃદયમાં અજ્ઞાનતા રૂપી અંધારું કરી નિષ્ઠુર બનવાથી છો. માટે ગોળી તજો. || કાદીઆયના મુખી વીરજી તથા તેમના પુત્ર તરફથી ખાનાંના મેડાની બારીમાંથી. ભાષણો બંધ કરો એવો અવાજ આવેલ હતો - જેનો જવાબ. વક્તાઓ તરફથી. નકારમાં અપાયેલ હતો. અને જણાવવામાં આવેલ હતું કે જો તમારો પંથ સાચો કહેવડાવવા માગતા હો તો અત્રે પધારી. અમારી સાથે વાદવિવાદ કરો. જેનો જવાબ તેઓ તરફથી એમ મળેલ હતો કે અમારો પંથ ખોટો છે છતાં પણ અમો માનશું અમો વાદવિવાદ કરવા માગતા નથી પરંતુ અમારો પંથ ધોકાઈ છે અને ધોકાના બજે મનાયશું. અમો તમારા ધોકા સહન કરી લેશું પણ એવા નિષ્ઠુર પંથને કદાપી સ્વીકારશું નહિ એમ યુવકોતરફના જેનો એ દ્રઢતાથી એકી અવાજે જવાબ આપેલ હતો. || — તાળીઓના ગડગડાટ સાથે વક્તાએ ભાષણ શરૂ કર્યું સજ્જનો જે વ્યક્તિ અભીમાન કરે છે તેને પ્રભુના દરબારમાં પણ સ્થાન નથી. ગરૂડજીના અભિમાન વિષે --- ગર્વ બહાર હોવાથી પ્રભુએ તેનો અસ્વીકાર કરવા બાબત. સુંદર દ્રષ્ટાંત બંધુઓ આપણે જ્યારે સ્વરૂપ જ્ઞાતિની સેવા સ્વીકારી છે તે કદાપી છોડશું નહિ સત્ય વસ્તુ જણાવતાં જરાપણ અચકાશું નહિ સત્યને રસ્તે ચાલતાં અને જ્ઞાતિ સેવામાં કદાચ આત્મ બલીદાન આપવાં પડશે તો તેમ કરવામાં અમ કાઈ જનેતાની કુંખને લજ્જાવશું નહિ..... તાળીઓ ગડગડાટ – જયનાદ.

KJ- BK- 4- 58

આપણી જ્ઞાતિ ધાર્મિક રિતરીવાજોમાં કેટલી પછાત છે તે સમજાવેલ હતું. પુત્રીને દાણ આપવા બાબત. દેવીની ઉત્પત્તિ બાબત. બ્રાહ્મણ કુટુંબનું દૃષ્ટાંત આપેલ હતું.

આપણી જ્ઞાતિમાં ઘણા કિસ્સાં ભરૂના લોકોની પુત્રીના પૈસા છે. પુત્રીના પૈસા વિષે. બ્રાહ્મણ અને ભૈરવ વિષે દૃષ્ટાંત - વાંઝીયા મહેણું ટાળવા બાબત સવાયાંમ શેરે ગોમાંસના કરાર બાબત. સુંદર દૃષ્ટાંત આપી. પોતાનું સ્થાન લીધેલ હતું.

જેઠાભાઈ હરીભાઈ મથલ વાળા.

સનાતન ધર્મ ઝંડો અમર રહો. એવી શુભ લાગણી જાહેર કરી હતી. અને પીરાણા પંથી ભાઈઓ જે કહે છે કે ભાષણમાં અમારા પીરાણાનું નામ લેતા નહિ તેઓને હઠપણે જવાબ આપેલ હતો કે નામ લેવા વગર ખરાં ખોટાનું સ્પષ્ટીકરણ થઈ શકે નહિ અને જુદુ હશે તે જણાવતાં અમો કદાપી અટકશું નહિ. આપણા વડિલોને સૈયદોએ એવી આશા કરેલ છે કે સત્સંગ સાંભળવો નહિ. તેનું કારણ કે આપણાને જ્ઞાન ઉત્પન ન થાય. સત્સંગ અને સંગઠન વિષે દૃષ્ટાંત આપી બેસી ગયા હતા.

મુળજીભાઈ શીવજી જીંભડી વાળા.

આપણી જ્ઞાતિના સુધારક બંધુઓ આળીસ વરસથી. જ્ઞાતિ હિત નોકરીમાં જહેમત ઉઠાવી રહેલ છે. જ્યારે હવે પીરાણા તદ્દન નજીક દેખાય છે. સનાતન ઝંડાના રક્ષણ માટે અમારા પ્રમુખ શ્રી. રતનશીભાઈ તરફથી માથાં અર્પવાનું ફરમાન થશે તો તેમ કરવા અમો સનાતની યુવકો તૈયાર છીએ — તાળીઓ --

અમારા વડીલોને અમો વિનંતી કરીએ છીએ કે અમારા બોલવાથી જેમ આપની લાગણી દુભાય છે. તેમજ આપનો એ ધર્મ પાળવામાં અમારી પણ લાગણી દુભાય છે માટે અમો ધર્મ પાળવા સ્વતંત્ર. આપની પાસે આગ્રહીની નમ્ર માગણી કરીએ છીએ તો અત્યારે આ જાહેર સભામાં જવાબ આપવા કૃપા કરો. ॥જવાબ મળેલ નથી॥

મારા યુવક બંધુઓ આપણી આજની સભા ઈતિહાસના પાને લખાવાની. સનાતન ધર્મનો ઝંડો વેગવાન બનાવો. ॥ગુરુ ગોવિંદસિંહનાં બે બાળકો વિષે ઈતિહાસિક દાખલો॥ ધર્મ નહિ છોડવા બાબત. તો મારા બીરાદરો તમે તેટલાં સંકટ પડે તો પણ પાછી પાની કરશો નહિ. તાળીઓ - જયનાદ -

શીવગણભાઈ કાનજી રસલીઆવાળા.

મારા પીરાણા ધર્મ પ્રેમી વડીલોને વિનંતી કરૂં છું કે અમારા પરદેશ રહેતા બાળકોને પીરાણા ધર્મ પાળવા બાબત ડગલે પગલે શરમાવું પડે છે અને પોતાની જાત છુપાવવી પડે છે માટે તેઓને ધર્મ પાળવા સબંધમાં આઝાદી આપો. અમો પીરાણા ધર્મમાં જેટલું પાખંડ હશે તે તો દરેક સ્થળે જણાવશું કારણ કે જણાવવા વગર ખરા ખોટાની ખબર નથી પડતી. કોઈ પણ હિંદુ ધર્મમાં એવો કાયદો નથી કે ધર્માદા રકમ

KJ- BK-4- 59

ફરજીઆત આપવી પડે જ્યારે આ પાખંડી પંથમાંતો ઘરબાર લીલામ કરીને પણ દસોંદ વીસોંદ તો આપવીજ પડે. તો મારા વડીલોને વિનંતી કરૂં છું કે તમારો એ પંથ કાંઈ પંથ ઘણા દહાડા ચાલ્યો. હવે ચાલશે નહિ માટે તમારૂં સ્વમાન તમારા હાથ માં રાખી અમોને આભારી આપો. આટલું બોલી પોતાનું સ્થાન સંભાળી લીધેલ હતું.

ખીમજી ભાઈ નાગજી અખેલ વાલા.

આપણે કુર્મ ઋષિના વંશજો છીએ એમ જણાવેલ હતું તથા ઈમામ શાહ પોતાને ભગવાનનો દશમો અવતાર મનાવી ગયેલ છે તે તદન જુઠું છે કારણ કે આપણાં હિંદુ શાસ્ત્રો કહે છે કે ભગવાનનો દશમો અવતાર કલીયુગમાં થશે તો હજુ કલીયુગ ને વાર છે. માટે આપણે પાખંડી પંથ જરૂર છોડવો જોઈએ. અસ્તુ-

માવજી ભાઈ હીરજી વીરાણી વાલા

આપણે આપણા આચાર વિચાર સુધાર્યા બાદ તાજેતરમાં આપણાં લગ્ન હતાં અને તે વખતે બે ઠેકાણે કન્યા ઓ બદલી જવાનો અનુભવ સિદ્ધ દાખલો અમોએ બતાવેલ હતો. મુખબોધાને પરણાવનાર મુખીઓની અજ્ઞાનતાને લીધે કન્યા તથા વર બદલી જવાના દાખલાઓ ઘણે ઠેકાણે સાંભળવામાં આવે છે. અને તે ઓધારૂં છે કે લગ્ન થઈ જાય ત્યારે નામ આવે એટલે ખબર પડે છે. આવી રીતે જ્યાં લગ્નો પતા હોય ત્યાં સંસાર નૌકા સુખરૂપ ક્યાંથી ચાલી શકે- યુવકો આપણા વડીલોની અજ્ઞાનતા દૂર કરવાના પ્રયાસો આપણને કરવા અને તેઓને સમજાવવા છતાં પણ જો ન સમજે અને આપણા સનાતન ધર્મને આંચ આવતી હોય તો તેવા વડીલો નો ત્યાગ કરવામાં પણ આપણને બીલકુલ હરકત નથી. વહાલી વસ્તુ છોડજે પણ ધર્મ છોડતા નહિ. અસ્તુ- હવે હું બેસી જવાની રજા માગું છું-

પ્રેમજી ભાઈ ખીમજી વીરાણી વાલા.

સુધારક ભાઈઓએ આટલા અગાઉ જે મહેનત કરી છે તે હમણાં ગણવાર થી પૂર્ણ પણે સફળ થઈ છે. અને હવે તો શુભ પરીણામ તદન નજીક દેખાય છે એમ આપણા માં આવેલ જાગૃતી આપણને સુચવી રહેલ છે. આજે કચ્છ માંથી ઘણાંક ગામો માં સનાતન ધર્મનાં શ્રી લક્ષ્મી નારાયણનાં મંદિરો જોવામાં આવે છે તે સુધારક ભાઈઓનેજ આભારી છે. મારા યુવાન બંધુઓને વિનંતી કરૂં છું કે આપણે આપણા ધર્મ કોઈને ફરજીઆત પળાવવો નહિ. અને આપણને પણ કોઈ ધર્મ પળાવશે નહિ બલ્કે ધર્મ બાબત આગ્રહ રહેવું આપણા અજ્ઞાન વડીલો કહે છે કે અમારી જ્ઞાતિ માં ધર્મ બાબત કજીઆ ચાલે છે તે ધર્મ બાબત નથી પરંતુ આચરણ બાબત છે. ધર્મનો બોજ કેટલાક હિંદુ ભાઈઓ જુદા જુદા પાળે છે. પરંતુ આમ શરણ બધાનાં એકજ હોય છે.

KJ- BK- 4- 60

ત્યાર બાદ કેળવણી તથા આપણી ધર્માદા જુદી શુભ કાર્યોમાં ખર્ચ વિ. બાબત ફેરલીક વ્યાખ્યાન કરી પોતાને સ્થાને બેસી ગયા હતા.

પ્રમાણ ભાઈ શીવજી વીરાણી.

અમો જ્યારે ખીંભડી જતા હતા. ત્યારે અહીંના યુવક બંધુઓની ભાવના જોઈ ત્યારથી અમોને મનમાં કલ્પના થતી હતી કે આ ગામમાં સભા ક્યારે થાય અને અમો લાભ લઈએ. જે શુભ દિવસ આજે પ્રાપ્ત થયો. તે બાબત પ્રભુનો આભાર માનું છું. આપણા ને જે ધર્મ વહાલો હોય તે આપણે વહેવારમાં જુદીએ છીએ જેમકે શ્રીરામ-કૃષ્ણ શીવજી- અર્જુન. વગેરે હિંદુ મહાન વીરોનાં નામો આપણે હિંદુઓ આપણા. બાળકોને આપીએ છીએ જેવાં કે રામજી કરશન શીવજી અરજણ- તેવીજ રીતે જેને પીરાણાપંથ વહાલો હોય તે લોકો એ પંથના ધર્મગુરૂઓનાં નામ. પોતાના બાળકોને શામાટે આપતા નથી તેમ કરતાં શરમ શામાટે આવે છે અને જે શરમ આવે તો. એ ધર્મ સાચો છે એમ મનાયી જ કેમ શકાય. અસ્તુ હવે હું બેસી જ્વાની રજા લઉં છું.

શ્રી. રતનસીભાઈ ખીમજી વીરાણી વાળા.

બંધુઓ આપણે એક છીએ અને એક રહેવાના છીએ. અત્રે બોલનાર બધા વક્તાઓ આભાર છે અને સત્ય અસત્ય જણાવવામાં કોઈના દબાવ્યા દબાય તેમ નથી. અમો અમારા વિચારો જણાવવામાં કદાપી અચકાશું નહિ. યુવકો આપણ ને કયો ધર્મ પાળવો તે આપણી મરજી પર આધાર છે. તેમાં આપણ ને કોઈ પણ અટકાવી શકનાર નથી. અને આ કાદીઆયના મુખી તરફથી. અત્યારે થોડા વખત પહેલાં જણાવવામાં આવેલ છે કે અમોએ અમારા ગામના યુવાનોને ભણ મારફતી ધર્મ પાળવા સબંધમાં છૂટ આપી દીધેલ છે અને કોઈ વાતે અટકાવતા નથી. મેં મારી જીંદગી જ્ઞાતિ સેવામાં અર્પણ કરી છે જે મારી સેવા સત્ય હશે તો વડીલોનાં હૃદય આજ નહિ તો થોડા સમય બાદ પણ જરૂર પીગળશે. અને અમારૂં બોલેલું સત્ય લાગશે આપણને મનુષ્ય અવતારમાં કંઈ પણ કર્તવ્ય ન કરી જઈએ. તો આપણે નર્કના અધિકારી બનીએ છીએ. એક ઢોર આપણી. જીંદગી ભર સેવા કરી અને મરે છે. ત્યારે પશુ. પોતાનું ચામડું આપણને આપતા મરે છે અને કહે છે કે મારાં ચામડાં માંથી. જોડા કરાવી પહેરજો એટલે તમો સુખી થશો. ત્યારે એક ઢોર પણ આટલી સેવા કરે છે અને આપણે કંઈ ન કરી શકીએ તો ધિક્કાર છે આપણી જીંદગીને. આપણી ધર્મનાં નાણાં હરામનાં નથી. પરસેવાના ટીપે ટીપે પૈસો પેદા થાય છે. તો એ ધર્માદા પૈસાનો ખોટી રીતે ગેર ઉપયોગ ન કરવાનો. હું મારા વડીલોને વિનંતી કરું છું સંપ ત્યાંજ ધર્મ. જો આપણામાં સંપ હોય તો એવો કોઈ ધર્મ નથી. જ્યારે આપણે આજે. ધર્મને નામે ખોટી ભડાભડ કરી રહેલ છીએ. કેટલી બધી અજ્ઞાનતા. ભક્ત તુલસીદાસનું દ્રષ્ટાંત- રામ ભક્ત હોવા બાબત–

KJ- BK - 4 - 61 (END)

તેવીજ રીતે ધર્મ પાળવા સબંધમાં આપણા પર કોઈ ફરજ પાડી શકતો નથી અને શકશે પણ નહિ. હવે સભા સમાપ્ત કરવામાં આવે છે.

સભામાં સંખ્યા. આશરે ૧૫૦૦ માણસોની હતી.

समाप्त

સમય-૯ાા રાત્રે.

પ્રમુખની સહી = પા. હંસરાજ માના ની સહી.

દા: વિસનજી વીરજી ના.

કાદીઆર આથમણી તા. ૨ ।૫।૪૯

આજે સવારમાં અમે સનાતની ભાઈઓ માટે સંગઠન. પગરુ નો દેશરલ જવા માટે સમાજના પ્રમુખ શ્રી. રતનશીભાઈ વગેરે ભાઈઓને રોકવામાં આવેલ હતા. લગભગ. ૯ વાગે અહીંના મુખી વીરજી તથા બીજા કેટલાક આગેવાનો પ્રમુખશ્રીને ઉતારે આવેલ હતા. જ્યાં પીરાણા પંથ વિષે વાદવિવાદ ચલાવવામાં આવેલ હતો. અને સમાજના પ્રમુખશ્રીએ સિદ્ધાંતો સહિત પુરવાર કરી આપેલ હતું કે પીરાણા પંથ હિંદુઓને માટે તદન આપણા કાજ નથી. અને તેઓએ તે કબુલ પણ કરેલ હતું અને જણાવ્યું હતું કે અમો પણ સમજુ ગયા છીએ કે આ પંથ ખોટો છે. અને આજ નહિ તો બાર માસ આગર ઓધરસે પછી. પણ આપણને એ કે દઈ જવા વગર છુટકો નથી. પણ અમારામાં ઘણા લાંબા વખતથી સંસ્કારો પડી ગયા છે તે જલદી દૂર થશે નહિ એમ. જણાવેલ હતું અને વીરજી મુખીએ અહીંના યુવકોને જણાવેલ હતું કે તમો આપણા વડીલો વધારે ખીજવાટ કરશો નહિ જેના જવાબમાં યુવકો એ જણાવેલ છે કે અમારો ખીજવાટ કરવાનો સિદ્ધાંત જ નથી. કર્યો નથી. અને કરશું પણ નહિ પરંતુ તમો જે પિરાણામાં ઓજ રહ્યા છો તે આરકરશો એવી વિનંતી કરીએ છીએ. આવી રીતે ખુબ મજાની ચલાવી. બપોરના બાર વાગે તેઓ પોતપોતાને ઘેર ગયા હતા. અને ભોજન કાર્ય પતાવી. ૩ વાગે. પ્રમુખ શ્રી. તથા મારાજ દયાળદાસજી વગેરે પોતાને સ્થાને જવા રવાના થયા હતા. ગામના તમામ સનાતની બંધુઓ ગાંમા સુધી મોકલાવવા આવેલ હતા. અને ગામ તરફથી એક ગાડું મારાજ દયાળદાસજી વગેરે ને કોટડા સુધી મુકવા આવેલ હતું અને બીજું નખત્રાણા સુધી આવેલ હતું. અસ્તુ.

